નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતના આદેશ મુજબ ચૂંટણી પંચે ચૂંટણીલક્ષી બૉન્ડ્સની વિગત ગુરુવારે જનતા માટે જાહેર કરી હતી. આ યાદી મુજબ, ચૂંટણીલક્ષી બૉન્ડ્સ દ્વારા રાજકીય પક્ષોને દાન આપનારાઓમાં દેશની અનેક અગ્રણી કંપનીનો સમાવેશ થાય છે, જ્યારે તેના લાભાર્થીઓમાં દેશના મોટા ભાગના રાજકીય પક્ષોના નામ છે.

ચૂંટણીલક્ષી બૉન્ડ્સ દ્વારા રાજકીય પક્ષોને દાન આપનારાઓમાં ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીસ, મેઘા એન્જિનિયરિંગ, પિરામલ એન્ટરપ્રાઇઝીસનો સમાવેશ થાય છે.

ચૂંટણી પંચે જાહેર કરેલી માહિતી મુજબ ચૂંટણીલક્ષી બૉન્ડ્સ દ્વારા રાજકીય પક્ષોને દાન આપનારાઓમાં ટોરન્ટ પાવર, ભારતી ઍરટેલ, ડીએલએફ કોમર્શિયલ ડેવલપર્સ, વેદાંતા લિમિટેડનો પણ સમાવેશ થાય છે.

એપોલો ટાયર્સ, લક્ષ્મી મિત્તલ, એડલવિસ, પીવીઆર, કેવેન્ટર, સુલા વાઇન, વેલસ્પન, સન ફાર્માનો ચૂંટણીલક્ષી બૉન્ડ્સ ખરીદનારાઓમાં છે.

ભાજપ, કોંગ્રેસ, અખિલ ભારત અન્ના દ્રમુક, બીઆરએસ,

(જુઓ પાનું ૨) ▶▶

# કોવિંદ સમિતિએ બંધારણમાં ૧૮ સુધારા સૂચવ્યા



**વન નેશન, વન ઈલેક્શનઃ** વન નેશન, વન ઈલેક્શાન અંગેની ઉચ્ચસ્તરીય સમિતિના અધ્યક્ષ રામનાથ કોવિંદે ગુરુવારે દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને અહેવાલ સુપરત કર્યો હતો. (એજન્સી)

## લોકસભા, વિધાનસભાની ચૂંટણી સાથે યોજવા ભલામણ

નવી દિલ્હીઃ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના નેતૃત્વ હેઠળની સમિતિએ દેશમાં યોજાતી ચૂંટણીના સંબંધમાં બંધારણમાં ૧૮ સુધારા સૂચવ્યા હતા તેમ જ લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણી એકસાથે યોજવાની ભલામણ કરી હતી.

આ ઉપરાંત, લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી એકસાથે યોજ્યા બાદ ૧૦૦ દિવસમાં જ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી યોજવાની ભલામણ કરી હતી. તેણે રાષ્ટ્રપતિને સુપરત કરેલા અહેવાલમાં દેશના ચૂંટણી પંચને રાજ્યોના ચૂંટણી પંચની સાથે મળીને એક સમાન મતદાર યાદી અને મતદારોના ઓળખપત્રો તૈયાર કરવાનું સૂચન કર્યું હતું.

સમિતિએ જણાવ્યું હતું કે ‘એક રાષ્ટ્ર, એક ચૂંટણી’ના સિદ્ધાંતના અમલ માટે બંધારણની કલમ ૩૨૫માં સુધારો કરીને દેશના ચૂંટણી પંચે રાજ્યોના ચૂંટણી પંચની સાથે મળીને સમાન મતદાર યાદી તૈયાર કરવી જોઇએ. આ ઉપરાંત,

(જુઓ પાનું ૨) ▶▶

# ટીક ટોક ઍપ પર પ્રતિબંધને અમેરિકાની સૅનેટમાં મંજૂરી

વૉશિંગ્ટનઃ અમેરિકામાં બાળકોમાં ખૂબ જ લોકપ્રિય એવી ટીક ટોક ઍપ પર પ્રતિબંધ મૂકવાને લગતા ખરડાને સૅનેટમાં બુધવારે મંજૂરી આપવામાં આવી હતી.

અમેરિકાની સૅનેટમાં આ ખરડાને ૩૫૨ વિરુદ્ધ ૬૫ મતથી મંજૂરી આપવામાં આવી હતી.

રિપબ્લિકન પાર્ટીના ૧૯૭ સૅન્ટરોએ આ ખરડાની તરફેણમાં અને ૧૫ સૅનેટરોએ તેની વિરુદ્ધમાં મત આપ્યો હતો. ડેમોક્રેટ પાર્ટીના ૧૫૫ સૅનેટરોએ આ ખરડાની તરફેણમાં અને પચાસ સૅનેટરોએ આ ખરડાની વિરુદ્ધમાં મત આપ્યો હતો. હવે આ ખરડાને કાયદાનું સ્વરૂપ આપવા

(જુઓ પાનું ૨) ▶▶

# વડોદરાના એકતાનગરમાં એકતા ખંડિતઃ ટોળાના પથ્થરમારામાં ત્રણ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરના આજવાના એકતાનગરમાં બે જૂથ વચ્ચે અથડામણની ઘટના બની હતી. શહેરના એકતાનગરમાં હનુમાનજીના મંદિરમાં આરતી અને અઝાન એક સમયે વાગતા ટોળાએ પથ્થરમારો કર્યો હતો. જેમાં ત્રણ ઈજાગ્રસ્ત થતા સયાજી હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે સાત સામે નામજોગ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મંદિરમાં આરતી અને અઝાન એક સમયે થતા મામલો બિચક્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા શહેરના એકતાનગરમાં મંદિરમાં લાઉડસ્પીકર મામલે બે જૂથ વચ્ચે અથડામણ થઇ હતી. એકતાનગરમાં હનુમાનજીના મંદિરમાં લાઉડસ્પીકર બાબતે બે જૂથ સામ સામે આવી ગયા હતા. બંને ટોળા એકબીજાની સાથે રકઝક કરીને લાઉડસ્પીકર ધીમા કરવા બાબતે વાતચીત કરી રહ્યા હતા તે દરમિયાન મામલો

(જુઓ પાનું ૨) ▶▶

# ઇડીએ શાહજહાં શેખના મળતિયાનાં ઘરો પર દરોડા પાડ્યા

કોલકાતાઃ ઇડીએ ગુરુવારે કથિત રાશન વિતરણ કૌભાંડના સંબંધમાં પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાં શાહજહાં શેખની સાથે ઘરોબો ધરાવતા બે ઉદ્યોગપતિના ઘરો પર દરોડા પાડ્યા હતા.

એક અધિકારીએ જણાવ્યું હતું કે એક વેપારીની માલિકીના માર્કેટપ્લેસ પર પણ દરોડા પાડ્યા હતા.

સીબીઆઈએ ૫ જાન્યુઆરીના રોજ ઘટનાઓ સાથે સંબંધિત ત્રણ કેસોની તપાસ હાથ ધરી છે અને હાલ શેખ એમની કસ્ટડીમાં છે. ઇડીના

(જુઓ પાનું ૨) ▶▶

# દિલ્હીના રામલીલા મેદાનમાં ખેડૂતોની ‘મહાપંચાયત’: મહત્ત્વના રસ્તાઓ કરાયા ડાયવર્ટ

નવી દિલ્હીઃ વિવિધ મુદ્દે ખેડૂતો દિલ્હીમાં આંદોલન કરી રહ્યા છે. જેને લઈને આજે (૧૪ માર્ચે) દિલ્હીના રામલીલા મેદાનમાં ખેડૂતોએ મહાપંચાયત કરી હતી. ખેડૂતોના આ મહાપંચાયતના કાર્યક્રમને પહેલેથી જ મંજૂરી મળી ગઈ છે અને દિલ્હી ટ્રાફિક પોલીસે તેને લઈને એડવાઇઝરી પણ બહાર પાડી છે. ટ્રાફિક એડવાઇઝરીમાં કહેવામા આવ્યું છે કે ૧૪ માર્ચ ૨૦૨૪ના રોજ રામલીલા મેદાન, જવાહરલાલ

(જુઓ પાનું ૨) ▶▶

# અણુશસ્ત્રો વાપરવાની પુતિનની ફરી ધમકી

મોસ્કોઃ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને અણુશસ્ત્રો વાપરવાની ધમકી આપતા જણાવ્યું હતું કે જો રશિયાના સાર્વભૌમત્વ કે સ્વતંત્રતા સામે જોખમ ઊભું થતું જણાશે, તો મોસ્કો અણુશસ્ત્રોનો ઉપયોગ કરતા નહિ અચકાય.

રશિયામાં થોડા દિવસ પછી પ્રમુખપદની ચૂંટણી યોજાવાની છે અને તેમાં પુતિન છઠ્ઠી મુદત માટે ચૂંટાઇ આવવાની શક્યતા છે, એવા સમયે તેમણે પશ્ચિમના દેશોને અણુયુદ્ધની ધમકી આપી હતી. રશિયાએ યુક્રેનમાં

(જુઓ પાનું ૨) ▶▶



 LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બેંગલુરુ જેવી હાલત કોઈ પણ શહેરની થઈ શકે

**હમણાં** લોકસભાની ચૂંટણીનો માહોલ જામેલો છે તેથી એક બહુ મોટા સમાચાર તરફ લોકોનું બહુ ધ્યાન ગયું નથી. દેશમાં વસતીની રીતે ત્રીજા નંબરનું સૌથી મોટું શહેર બેંગલુરુમાં અત્યારે લોકોને પીવા કે વાપરવા માટે પાણીનાં વલખાં થઈ ગયાં છે તેમાં લોકોની હાલત કફોડી થઈ ગઈ છે.

બેંગલુરુમાં પાણીનો કકળાટ બહુ જૂનો છે પણ હવે પાણીની કટોકટી વધુ ઘેરી બનતાં બેંગલુરુના ૧.૪ કરોડ લોકો પાણી માટે રીતસરનાં વલવલી રહ્યાં છે. મોટા ભાગની હાઉસિંગ સોસાયટીઓમાં સવાર-સાંજ ૪-૪ કલાક પાણીપુરવઠો બંધ કરી દેવામાં આવ્યો છે અને પાણીના અભાવે લોકોએ શહેરમાંથી હિજરત શરૂ કરી દીધી છે.

કર્ણાટકમાં કૉંગ્રેસની સરકાર છે ને સિદ્ધારામૈયા મુખ્યમંત્રી છે પણ સિદ્ધારામૈયાના ઘરે જ પાણી આવતું નથી તેથી ટેન્કરથી મંગાવવું પડે છે. કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારના ઘરનો બોરવેલ પણ સુકાઈ ગયો છે એટલે એ પણ ટેન્કરના ભરોસે છે. મુખ્યમંત્રી કે નાયબ મુખ્યમંત્રીએ તો સરકારી ખજાનામાંથી ખર્ચ કરવાનો છે એટલે એ તો રોજનાં પચાસ ટેન્કર મંગાવે તો પણ તેમને કંઈ નડવાનું નથી પણ સામાન્ય લોકોની હાલત બગડી ગઈ છે.

ટેન્કરમાલિકો ગરજનો લાભ લઈને લોકોને બેફામ લૂંટી રહ્યા છે. પહેલાં ૫,૦૦૦ લિટરના ટેન્કર માટે રૂપિયા ૫૦૦ લેતા હતા એને બદલે રૂપિયા ૨,૦૦૦ વસૂલી રહ્યા છે. ચાર માણસના પરિવારમાં ૫૦૦૦ લિટર પાણી તો ત્રણ દિવસમાં વપરાઈ જાય એ જોતાં લોકોનું મહિનાનું પાણીનું બિલ જ ૨૦ હજાર રૂપિયા પર પહોંચી ગયું છે. બેંગલુરુમાં કુલ ૧૧ હજાર જેટલા બોરવેલ છે અને તેમાંથી ૩૭૦૦ બોરવેલ સુકાઈ ગયા છે તેથી લોકોએ ટેન્કરો મંગાવ્યા વિના અને આ બોજ સહન કર્યા વિના છૂટકો નથી.

પાણીની તંગીથી લોકો એ હદે પરેશાન છે કે, ઘણી સોસાયટીઓએ તો દરેક રહીશને અડધી ડોલ પાણીમાં જ નાહી લેવાની ને શૌચ પ્રક્રિયા પતાવી દેવાની સૂચના આપવી પડી છે. સંસ્થાઓ, હાઉસિંગ સોસાયટીઓ, કંપનીઓએ પાણી બચાવવાનાં અભિયાન શરૂ કરવાં પડ્યાં છે. નળમાં પાણી બચાવવાનાં ઉપકરણો લગાવવાથી માંડીને કપડાં અને વાસણો ધોવા માટે સામૂહિક રીતે કેનનો ઉપયોગ કરવા સુધીના પ્રયોગો લોકો કરી રહ્યા છે.

સોશિયલ મીડિયા પર લોકો મુખ્યમંત્રી સિદ્ધા રમૈયાને વિનંતી કરી રહ્યા છે કે, વર્ક ફ્રોમ હોમ ફરજિયાત કરે કે જેથી બેંગલુરુમાંથી લોકો પોતાના વતન જઈને કામ કરે તો શહેર પર ભારણ ઘટે. બેંગલુરુમાં ૬૭ હજાર આઇટી કંપનીઓ છે અને આ કંપનીના કર્મચારીઓ માટે વર્ક ફ્રોમ ફરજિયાત કરી દેવાય તો લાખો લોકો શહેરની બહાર જઈને કામ કરે તો પાણીની કટોકટી ઓછી થાય. એ જ રીતે કોચિંગ સેન્ટર્સ અને સ્કૂલો પણ બાળકોને સ્કૂલમાં બોલાવવાને બદલે ઘરેથી જ ક્લાસ લે એવો આદેશ આપવાની પણ લોકો વિનંતી કરી રહ્યા છે.

કર્ણાટકની સરકાર આ સમસ્યાનો કઈ રીતે ઉકેલ લાવે છે એ જોવાનું રહે છે પણ બેંગલુરુમાં પાણીની તંગીએ આપણે હજુ નહીં જાગીએ તો ભવિષ્યમાં આપણી શું હાલત થશે તેનું ટ્રેલર છે. ભારતમાં બેંગલુરુ પહેલું શહેર નથી કે જે આ પ્રકારની સમસ્યાનો સામનો કરી રહ્યું હોય.ચેન્નઈમાં ૨૦૧૯માં પાણીની ગંભીર કટોકટીમાંથી સર્જાઈ હતી અને સ્થિતિ એવી થઈ ગઇ.લી કે વોટર ટ્રેન દ્વારા પાણી પહોંચાડવું પડ્યું હતું. દેશના છઠ્ઠા સૌથી મોટા શહેર ચેન્નઈને જે ચાર જળાશયમાંથી પાણીપુરવઠો મળે છે એ સુકાઈ ગયાં.. બીજી તરફ ચોમાસામાં વિલંબને કારણે જળાશય ભરાયાં નહીં તેમાં કટોકટી વકરી હતી. આ કારણે રાજ્ય સરકારે દરરોજ ટ્રેન દ્વારા ૧ કરોડ લિટર પાણીનો ઓર્ડર આપવો પડતો હતો અને ૬૬ કરોડ રૂપિયાનું આંધણ કરવું પડ્યું હતું.

દક્ષિણ ભારતના બીજા મોટા શહેર હૈદરાબાદમાં પણ પાણીનું સંકટ ઘેરું બન્યું છે કેમ કે હૈદરાબાદને પાણી પૂરું પાડતાં નાગાર્જુન સાગર જળાશય અને યેલમપલ્લી જળાશયમાં પાણીનું સ્તર ઘટી ગયું છે. તેના કારણે ઘણા વિસ્તારોમાં પાણીના ટેન્કરની માગ અચાનક ૧૦ ગણી વધી ગઈ છે. ઘણા વિસ્તારમાં પાણીની કટોકટી સામે લોકો રસ્તા પર ઊતરી વિરોધ કરી રહ્યા છે.

આ તો બે શહેરોની વાત કરી પણ મોટા ભાગનાં શહેરોમાં આ જ હાલત છે. નીતિ આયોગે તાજેતરના રિપોર્ટમાં ચેતવણી આપી જ છે કે, ૨૦૩૦ સુધીમાં ભારતનાં લગભગ ૧૦ શહેરો ગંભીર જળસંકટનો સામનો કરી રહ્યાં હશે. જયપુર, દિલ્હી, બેંગલુરુ, ગાંધીનગર, ગુરુગ્રામ, ઈન્દોર, અમૃતસર, લુધિયાણા, હૈદરાબાદ, ચેન્નઈ, ગાઝિયાબાદ આ દસ શહેરોની હાલત બેંગલુરુ જેવી જ થઈ જશે એવું આ રિપોર્ટમાં કહેવાયું છે.

આ સ્થિતિ કેમ સર્જાઈ રહી છે એ કહેવાની જરૂર નથી. આપણા શાસકો પાસે વોટર મેનેજમેન્ટની સૂઝ જ નથી ને તેની આ મોંકાણ છે. આપણે ત્યાં વરસાદ પુષ્કળ પ્રમાણમાં પડે છે પણ ભવિષ્યમાં તેનો ઉપયોગ લોકોના ભલા માટે કરી શકાય તેવી વ્યવસ્થા કરવાની બુદ્ધિ જ શાસકોમાં નથી. આપણા શાસકો શહેરોનો અંધાધૂંધ વિકાસ કરવા માટે નવી નવી ટાઉન પ્લાનિંગ સ્કીમોને મંજૂરી આપે છે, બહારથી લોકો આડેધડ શહેરોમાં ઠલવાય તેમને રોકતા નથી પણ આ લોકોને પીવા કે વાપરવા માટે પાણી ક્યાંથી મળશે તેની કોઈ જ વ્યવસ્થા વિચારાતી નથી. તેના કારણે ધીરે ધીરે મોટા ભાગનાં શહેરોમાં પાણીના સ્રોત સુકાઈ ગયા છે ને લોકોની હાલત ખરાબ થઈ ગઈ છે.

આ સમસ્યાના ઉકેલ માટે આપણાં શહેરોમાં સૌથી પહેલાં તો વોટર રિસોર્સિસ મેનેજમેન્ટ માટેના અલગ તંત્ર ઉભાં કરવાં પડે. વોટર મેનેજમેન્ટમાં સૌથી મહત્ત્વની બાબત વરસાદી પાણીનો સંગ્રહ છે. વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે તમામ સોસાયટીઓ ફરજિયાત વ્યવસ્થા કરે ને એ વ્યવસ્થા ના કરનારને બિલ્ડિંગ યુઝ પરમિશન ના મળે એવું હોવું જોઈએ. દરેક બહુમાળી મકાનોમાં એવી વ્યવસ્થા કરવી જોઈએ કે વરસાદના એક એક ટીપા પાણીનો સંગ્રહ કરી શકાય. શહેરોમાં સેંકડો કૂવા અવાવરુ પડ્યા હોય છે. આ કૂવાઓમાં વેલ રીચાર્જિંગ કરવું પડે. વરસાદનું પાણી વૈજ્ઞાનિક ઢબે કૂવાઓમાં ઊતારવામાં આવે તો કૂવા ફરી જીવંત બને. ભૂગર્ભ જળ સ્તર ઊંચું આવે. શહેરોમાં બોરવેલ નિષ્ફળ ના જાય.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), શુક્રવાર, તા. ૧૫-૩-૨૦૨૪
આચાર્ય સુંદર સાહેબની પુણ્યતિથિ

- ભારતીય દિનાંક ૨૫, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૫
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ સુદ-૬
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ સુદ-૬
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ગાથા ૧ અહુનવદ
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- નક્ષત્ર કૃત્તિકા સાંજે ક. ૧૬-૦૭ સુધી, પછી રોહિણી.
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૭, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : બપોરે ક. ૧૫-૫૩, મધ્યરાત્રિ પછી ક. ૩-૨૭ (તા. ૧૬)
- ઓટઃ સવારે ક. ૦૮-૫૬, રાત્રે ક. ૨૧-૩૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, ફાગણ શુક્લ - ષષ્ઠી. આચાર્ય સુંદર સાહેબની પુણ્યતિથિ (સચ્ચિદાનંદ સંપ્રદાય), ગોરુપીણી ષષ્ઠી (બંગાળ), મંગલ કુંભમાં સાંજે ક. ૧૮-૦૯.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ ભૂમિ-ખાત મુહૂર્ત. વિનાયક પૂજા, શ્રી વિષ્ણુ -લક્ષ્મી પૂજા, ભગવાન સૂર્યનારાયણનું પૂજન અગ્નિ દેવતાનું પૂજન, ઉંબરાના વૃક્ષનું પૂજન, માલ વેચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું. શ્રી વિષ્ણુ સહસ્ત્રનામ સ્ત્રોત્ર પાઠ વાંચન, સાંજ પછી ધ્રુવ દેવતાનું પૂજન, અગાઉ વાસ્તું પૂજા થયેલ ઘરમાં રહેવા જવું, મંદિરમાં પાટ અભિષેક પૂજા, મુંડન કરાવવું નહીં, ધજા કળશ ચઢાવવી. બગીચાનાં કામકજ, દસ્તાવેજ, દુકાન, વેપાર, નોકરી, બી વાવવું, નવાં વસ્ત્રો, આભૂષણ, ધાન્ય ભરવું, ધાન્ય વેચવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નામકરણ, દેવ દર્શન, અન્નપ્રાશન, મિત્રતા કરવી, લાંબા સમયનાં ઉપયોગી કામકાજ. મંગળ કુંભ રાશિમાં તેજીકારક છે. મંગળ કુંભ રાશિમાં તા.૧૫માર્ચથી તા.૨૩ એપ્રીલ સુધી રહે છે. શેરબજારમાં તેજી સામાન્ય રહેશે. અનાજ, સોનું, ગોળ, ખાંડમાં તેજી, રૂ, ચાંદીમાં મોટી વધઘટ.
- આચમનઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ પ્રાસંગિક જવાબદારીમાં સાવધાની દાખવવી જરુરી છે. ચંદ્ર-શનિ ચતુષ્કોણ કામકાજમાં પરિવર્તનો રહે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ (તા. ૧૬),
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-મકર/કુંભ, બુધ-મીન, ગુરુ-મેષ, શુક્ર-કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચૂન-મીન, પ્લુટો-મકર.

## પ્રજામત

### જવાબદારી કોની?

ગેલેક્સી હોટેલમાં આગ લાગી ત્રણ માણસો મરી ગયા જવાબદાર કોઈ નહીં? કરોડોની બૅન્ક લોન લઈ ભાગી ગયા જવાબદાર કોઈ નહીં? પુલો તૂટે કે ગેરકાયદે બિલ્ડિંગો બંધાઈ જાય જવાબદાર કોઈ નહીં? હોસ્પિટલો કે સ્કૂલોમાં બેદરકારી થાય મારપીટ થાય જવાબદાર કોઈ નહીં? આમ કેમ?

આજે રાજકારણીઓ તેમ જ દરેક વિભાગનાં ઘણા અધિકારીઓ પોતાની કટકી મેળવી મંજૂરી આપી દે છે ત્યારે જ આવાં કૌભાંડો ઊભાં થાય છે અરે એમના સાથ-સહકાર વગર એક કાગળ હલી નથી શકતો તો પછી આવાં કૌભાંડોમાં એમની જવાબદારી કેમ નથી થતી?

આમાં તો નિર્દોષ નાગરિકો જ મરે છે, એમના પસીનાના પૈસા પડી જાય છે, ને છેવટે આવાહ્રૂ કૌભાંડોમાંથી સરકાર હાથ ધોઈ નાખે છે, તો આ કૌભાંડો આમ જ થતા રહેશે? શું આ માટે કોઈને જવાબદાર ન ઠેરવી શકાય? આપણા કાયદા-કોર્ટો આટલા નબળા છે, કે કોઈને જવાબદાર નથી ઠેરવી શકાતા, કોઈ જણાવશે કે આવું જ ચાલ્યા કરશે?

**- વસંતલાલ ગડા (ભેલપુરી)**
કાંદિવલી

### જો હુકમી !!!

કાંદિવલી (વેસ્ટ), મહાવીર નગરમાં થોડા સમય પહેલા ''ગોપીનાથ મુંડે ગાર્ડન'' ખુલ્યું છે. સારી રીતે મેઈન્ટેઈન પણ થઈ રહ્યું છે. યોગેશ સાગર દર મંગળવારે અને ગુરુવારે સવારે આવી લોકલ પ્રજાના પ્રોબ્લેમ્સ સાંભળે છે અને એનું વ્યવસ્થિત નિરાકરણ પણ કરી આપે છે એ આનંદની વાત છે. ત્યાં એક સુંદર ''યોગ હોલ'' છે, જ્યાં સવારે યોગા કરાવવામાં આવે છે. ત્યાં સિનિયરોનું એક ''ગાર્ડન ગ્રુપ'' છે જે રોજ લગભગ ૪ કે ૪.૩૦ થી૫.૩૦ કે ૫.૪૫ સુધી હનુમાન ચાલીસા સ્વરબદ્ધ ગાય છે, સામે હનુમાનજીનો ફોટો પધરાવીને. જ્યારે હનુમાન ચાલીસા ચાલતા હોય ત્યારે અમે બીજા સિનિયર સિટીઝનો બધા ચપ્પલ-બૂટ કાઢીને જતા હોઈએ છીએ, જે સંસ્કાર ગળથૂથીના છે. જ્યારે ફોટા હટાવીને એ લોકો જે 'ગપાટા' મારતાં હોય, કોઈ સિટીઝનો જો ચપ્પલ-બૂટ પહેરીને જાય તો અમુક 'ગાર્ડન ગ્રુપ'ના બે ચાર સભ્યો બુટ- ચપ્પલ ઉતારવાની જો હુકમી કરે છે. મારા પોતાના બે જોડી ચપ્પલ જેની કિંમત ત્રણ-ત્રણ હજાર હતી. એ ગુમ થયાં છે. એવા સમયે જ્યારે સિનિયર સિટીઝન માટે આ ગાર્ડન ગ્રુપનાં સભ્યો ખરેખર કાયદો પોતે બનાવી બધાને ચપ્પલ કાઢવાની ફરજ પાડે છે. સિનિયર સિટીઝન લગભગ મહા મહેનતે બૂટ પહેરી ત્યાં 'વોક' કરવા આવતા હોય છે. પંખા આ યોગા-હોલમાં છે, એ જો હવા માટે જાય ત્યારે આ કહેવાતા 'ગાર્ડનગ્રુપ'નાં સભ્યો જબરજસ્તીથી બૂટ કાઢવાનો જાણે હુકમ કરે છે, હવે તો એ જ ગ્રુપે પોતાના હાથે ''પાદુકા બહાર કાઢીને આવો'' એવા હાથે લખેલા બોર્ડ પણ મુક્યા છે. પબ્લિક ગાર્ડનમાં સિનિયર સિટીઝન-પબ્લિક માટે આ કેવી તાનીશાહી? યોગેશ સાગર આ બાબત ઘટતું કરે. સભ્યોના નામ જણાવ્યા નથી. જણાવવા જેવા પણ નથી.

**- અરવિંદ વેકરિયા, કાંદિવલી (વેસ્ટ)**

### અમદાવાદ શહેરને સ્વચ્છ બનાવવા શરૂ કરાયેલી ઝુંબેશ અનુકરણીય

જાહેર રસ્તા ઉપર થૂંકવાથી રોગચાળાનો ફેલાવાનો ભય રહેલો છે. લોકોને જાહેર રસ્તા પર થૂંકતા અટકાવવા માટે અને અમદાવાદને સ્વચ્છ શહેર બનાવવા અર્થે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાજતરમાં સઘન ઝુંબેશ શરૂ કરવામાં આવી છે, જે અંતર્ગત (રસ્તા પર) શહેરના તમામ જાહેર રસ્તા ઉપર થૂંકનારા લોકો પાસેથી રૂપિયા પચાસથી લઈ એકસો રૂપિયા સુધીનો વહીવટી ચાર્જ વસૂલવામાં આવશે. વિવિધ રસ્તા ઉપર સ્માર્ટ સિટી દ્વારા લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાની મદદ લેવાશે. ઉપરાંત લોકો જાહેર રસ્તા ઉપર થૂંકતા બંધ થાય એ માટે વિશેષ સ્કવોર્ડ ફરજ ઉપર મૂકવામાં આવશે. આગામી સમયમાં શહેરના રસ્તા પર લોકોને થૂંકતા, કચરો ફેંકી ગંદકી કરતા અટકાવવા ખાસ પૉલિસી બનાવી તેનો અમલ કરવામાં આવશે. છેલ્લા અહેવાલ મુજબ એક જ દિવસમાં ૧૩૫ લોકોને દંડ કરાયા છે. અને હવેથી રોડ ઉપર થૂંકનારાના ઘરે ઈ-મેમો મોકલી દંડની વસૂલાત કરાશે. અમદાવાદ શહેરને સ્વચ્છ શહેર બનાવવા અર્થે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે સઘન ઝુંબેશ શરૂ કરવામાં આવી છે, તે સ્તુત્ય અને આવકારદાયક છે, અને ગુજરાતની અન્ય તમામ મ્યુનિસિપાલિટી, મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગરપાલિકાઓને માટે અનુકરણીય પણ છે જ.

**- મહેશ વી. વ્યાસ**
પાલનપુર

પત્ર મિત્રોને ખાસ સૂચના પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.
E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

## હિ.પ્ર.ના મંડીમાં ૧૨ જ્યોતિર્લિંગ બનાવાશે, ૧૧ કરોડથી વધુની વધારાની ફાળવણી કરાઇ

શિમલાઃ હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં શિવધામમાં ૧૨ જ્યોતિર્લિંગ બનાવવામાં આવશે. જેના માટે ૧૧ કરોડ રૂપિયાથી વધુની વધારાની ફાળવણી કરવામાં આવશે, એમ હિમાચલ પ્રદેશ પ્રવાસન વિકાસ નિગમ(એચપીટીડીસી)એ બુધવારે જણાવ્યું હતું.

પત્રકાર પરિષદમાં જાહેરાત કરતા એચપીટીડીસીના અધ્યક્ષ રઘુબીર સિંહ બાલીએ જણાવ્યું હતું કે ચાર જ્યોતિર્લિંગ(ભગવાન શિવનાં વિશેષ મંદિરો) બનાવવામાં આવ્યાં છે જ્યારે આઠ જ્યોતિર્લિંગો માટે કામ ચાલુ છે. મીડિયાકર્મીઓને સંબોધતા કૉંગ્રેસના ધારાસભ્ય બાલીએ કહ્યું કે અગાઉના શાસને પ્રોજેક્ટ માટે આશરે રૂ. ૩૮ કરોડ મંજૂર કર્યા હતા અને રૂ. ૧૬ કરોડનો ખર્ચ કર્યો હતો. બાલીએ કહ્યું કે કૉંગ્રેસ સરકાર પાસે લગભગ રૂા. ૨૨ કરોડ બાકી છે. વર્તમાન રાજ્ય સરકારે આ પ્રોજેક્ટ માટે રૂા. ૧૧ કરોડથી વધુની વધારાની રકમ બહાર પાડી છે. જેમાં ફાળવણીની કુલ રકમ રૂા. ૩૩ કરોડથી વધુ થઇ ગઇ છે. બાલીએ જણાવ્યું હતું કે તેના માટેનાં ટેન્ડરો ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે અગાઉના કોન્ટ્રાક્ટરના કામમાં ગેરરીતિઓ જોવા મળી હતી, જેના કારણે રાજ્ય સરકારે શિવધામનું ટેન્ડર નવી એજન્સીને સોંપ્યું હતું. અગાઉના કોન્ટ્રાક્ટર સામે તપાસ ચાલુ છે અને તપાસ પૂર્ણ થયા પછી જ વધુ માહિતી આપવામાં આવશે, એમ ધારાસભ્યએ જણાવ્યું હતું.

## ઝારખંડમાં જેએમએમના સરફરાઝ અહમદ અને ભાજપના પ્રદીપ વર્મા રાજ્યસભામાં બિનહરીફ ચૂંટાયા

ઝારખંડ : ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)ના નેતા સરફરાઝ અહમદ અને ભાજપના પ્રદીપ વર્મા ગુરુવારે ઝારખંડમાંથી રાજ્યસભામાં બિનહરીફ ચૂંટાયા હતા. રિટર્નિંગ ઓફિસર સૈયદ જાવેદ હૈદરે કહ્યું હતું કે ઝારખંડમાં રાજ્યસભાની બે બેઠકો માટે ફક્ત બે જ ઉમેદવારો હરીફાઈમાં હોવાથી તેમને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા છે. પ્રમાણપત્ર મળ્યા બાદ વર્માએ રાજ્યસભાના સભ્યની જવાબદારી દેવા માટે ભાજપના નેતૃત્વનો આભાર માન્યો હતો. રાજ્યમાં ભાજપની મહામંત્રી વર્માએ કહ્યું હતું કે પક્ષે મારા જેવા નાના કાર્યકર્તાને આટલી મોટી જવાબદારી આપી. હું આ માટે સિનિયર નેતાઓનો આભાર માનું છું. સંસદના ઉપલા ગૃહમાં હું ઝારખંડનો અવાજ બનવાનો પ્રયાસ કરીશ. જાન્યુઆરીમાં વિધાનસભ્ય તરીકે રાજીનામું આપનાર અહમદે કહ્યું હતું કે હું રાજ્યસભામાં ઝારખંડને લગતી બાબતો ઉઠાવીશ. પીએચડીની ઉપાધિ ધરાવતા અહમદ રાજકારણમાં લાંબો ઈતિહાસ ધરાવે છે. ૧૯૮૦માં અવિભાજિત બિહારની વિધાનસભામાં તેઓ ચૂંટાયા હતા. તેમણે ૧૯૮૪થી ૧૯૮૯માં સંસદસભ્ય તરીકે ગીરીદીહનું પ્રતિનિધિત્વ કર્યું હતું. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### અશ્લીલ સામગ્રીવાળા

અધિનિયમ, ૧૯૮૬ની કલમ ૪નું ઉલ્લંઘન માનવામાં આવે છે. ઓટીટી એપ્સમાં, એક એપને ૧ કરોડથી વધુ ડાઉનલોડ્સ મળ્યા છે, જ્યારે અન્ય બેને ગૂગલ પ્લે સ્ટોર પર ૫૦ લાખથી વધુ ડાઉનલોડ્સ મળ્યા છે. વધુમાં, આ ઓટીટી પ્લેટફોર્મ દર્શકોને તેમની વેબસાઇટ્સ અને એપ્સ તરફ આકર્ષિત કરવાના ઉદ્દેશ્ય સાથે ટ્રેલર્સ, વિશિષ્ટ દ્રશ્યો અને લિંક્સનું પ્રસારણ કરવા માટે સોશિયલ મીડિયાનો વ્યાપક ઉપયોગ કરે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે સંબંધિત ઓટીટી પ્લેટફોર્મના તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર ૩૨ લાખથી વધુ ફોલોઅર્સ છે. આ બ્લોક કરાયેલા પ્લેટફોર્મ્સમાં સહિતના અન્ય છે.

### જ્ઞાનેશ કુમાર

મળેલી સમિતિની બેઠક બાદ અધીર રંજન ચૌધરીએ પસંદગીની પ્રક્રિયા સામે તેમની અસંમતિ નોંધાવી હતી અને જણાવ્યું હતું કે સરકાર પાસે બહુમતી છે. અગાઉ તેમણે મને ૨૧૨ નામ આપ્યાં હતાં, પણ નિમણૂકની ૧૦ મિનિટ પહેલા તેઓએ મને ફરીથી ફક્ત છ નામ આપ્યા. પસંદગી સમિતિમાં સીજેઆઇ નથી. કેન્દ્ર સરકારે એવો કાયદો બનાવ્યો છે કે સીજેઆઇ કંઇ દખલ ના કરી શકે અને કેન્દ્ર સરકાર તેમની મરજીથી તેમને અનુકૂળ નામ પસંદ કરી શકે. મને લાગે છે કે ચૂંટણી કમિશનરની પસંદગીમાં જે પ્રક્રિયા અનુસરવામાં આવી છે, તેમાં કેટલીક ખામી છે. આમ તેમણે પસંદગીની પ્રક્રિયા પર સવાલ ઉઠાવતા પસંદગી સામે પોતાની અસહમતી દર્શાવી હતી.

ચૂંટણી કમિશનર અરુણ ગોયલે લોકસભાની ચૂંટણી પહેલા રાજીનામું આપવાની જાહેરાત કર્યાના કેટલાક દિવસો બાદ આ નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂકો વડા પ્રધાન મોદીની આગેવાની હેઠળની પેનલ દ્વારા કરવામાં આવી હતી. આ પેનલમાં ભારતના સીજેઆઇને છોડીને વિપક્ષના નેતા અને નિયુક્ત કેબિનેટ પ્રધાનનો સમાવેશ થાય છે.

### ઇડીએ શાહજહાં શેખના

અધિકારીએ જણાવ્યું હતું કે, આ બે વેપારીએ શેખને રાશન વિતરણ માટેનાં નાણાંની ઉચાપત કરવામાં મદદ કરી હતી, અને ભંડોળનો ઉપયોગ માછલીના વેપારમાં કર્યો હતો.

ઇડી તેના અધિકારીઓ પરના હુમલામાં તેમની ભૂમિકાની પણ તપાસ કરી રહ્યું છે, એમ તેમણે જણાવ્યું હતું. ટીએમસી દ્વારા સસ્પેન્ડ કરાયેલા શેખની રાજ્ય પોલીસે ૨૯ ફેબ્રુઆરીએ ધરપકડ કરી હતી. શેખ અને તેના સહયોગીઓ પર સંદેશખાલીમાં જમીન પચાવી પાડવા અને જાતીય સતામણીનો આરોપ છે.

### કોવિંદ સમિતિએ

નગરપાલિકાઓ, પંચાયતોની ચૂંટણી લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની સાથે યોજવા માટે બંધારણની કલમ ૩૨૪એમાં જરૂરી સુધારાવધારા કરવાની આવશ્યકતા છે.

સમિતિએ લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી સાથે યોજ્યા બાદ ૧૦૦ દિવસમાં જ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી પણ યોજવાની ભલામણ કરી હતી.

કોવિંદ સમિતિના ૧૮,૦૦૦થી વધુ પાનાંના અહેવાલમાં જણાવાયું હતું કે ત્રિશંકુ લોકસભા રચાય અથવા સરકારની સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય કે આવી કોઇ અન્ય ઘટના બને, તો નવી લોકસભાની રચના માટે નવેસરથી ચૂંટણી યોજાવી જોઇએ.

તેણે દેશના ચૂંટણી પંચ દ્વારા રાજ્યના ચૂંટણી અધિકારીઓની સાથે સલાહમસલત કરીને સમાન મતદાર યાદી અને મતદારોના ઓળખપત્રો તૈયાર કરવાની ભલામણ પણ કરી હતી, કારણ કે લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી દેશના ચૂંટણી પંચ દ્વારા યોજાય છે, જ્યારે નગરપાલિકાઓ અને પંચાયતોની ચૂંટણીનું આયોજન રાજ્યનું ચૂંટણી પંચ કરે છે.

સમિતિએ બંધારણમાં અમુક ચૂંટણીલક્ષી સુધારાવધારા કરવાની ભલામણ કરી હતી. તેણે અહેવાલમાં જણાવ્યું હતું કે દેશમાં દર વર્ષે ઘણી ચૂંટણી યોજાય છે અને તેને લીધે સરકાર તેમ જ અન્ય સંબંધિત સંસ્થાઓ અને સમાજ પર ઘણો આર્થિક બોજ આવી પડે છે અને માનવબળની ખેંચ ઊભી થાય છે.

કોવિંદના નેતૃત્વ હેઠળની સમિતિના અન્ય સભ્યોમાં કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ, નાણાં પંચના ભૂતપૂર્વ અધ્યક્ષ એન. કે. સિંહ, લોકસભાના ભૂતપૂર્વ મહામંત્રી સુભાષ કશ્યપ, રાજ્યસભામાંના વિપક્ષના ભૂતપૂર્વ નેતા ગુલામ નબી આઝાદ અને કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાળનો સમાવેશ થાય છે. (એજન્સી)

### વડોદરાના એકતાનગરમાં

ઉગ્ર બન્યો હતો અને બંને જૂથ વચ્ચે સામ-સામે પથ્થરમારો કરવા લાગ્યા હતા જેમાં ત્રણ લોકોને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે સાત લોકો સામે નામજોગ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.

### કોઇ પણ રાજકીય

શિવસેના, તેલુગુ દેશમ પાર્ટી, વાયએસઆર કૉંગ્રેસને ચૂંટણીલક્ષી બૉન્ડ્સ દ્વારા ભંડોળ મળ્યું હતું. દ્રમુક, જનતા દળ (એસ), એનસીપી, તૃણમૂલ કૉંગ્રેસ, જનતા દળ (યુ), રાષ્ટ્રીય જનતા દળ, આમ આદમી પક્ષ, સમાજવાદી પક્ષને પણ ચૂંટણીલક્ષી બૉન્ડ્સ મારફતે દાન મળ્યું હતું.

ચૂંટણીલક્ષી બૉન્ડ્સના લાભાર્થીઓમાં જમ્મુ કાશ્મીરની નેશનલ કૉન્ફરન્સ, બીજુ જનતા દળ, ગોવા ફારવર્ડ પાર્ટી, મહારાષ્ટ્રવાદી ગોમંતક પાર્ટી, સિક્કિમ ક્રાંતિકારી મોરચા, જેએમએમ, સિક્કિમ ડેમોક્રેટિક ફ્રંટ, જનસેના પાર્ટીનો પણ સમાવેશ થાય છે.

અગાઉ, સર્વોચ્ચ અદાલતના પાંચ ન્યાયાધીશની બંધારણીય બૅન્ચે ચૂંટણીલક્ષી બૉન્ડ્સને ગેરબંધારણીય ગણાવીને ભારતીય સ્ટેટ બૅન્કને ચૂંટણીલક્ષી બૉન્ડ્સ લેનારા લોકોના અને તેના લાભાર્થી રાજકીય પક્ષોના નામ અને અન્ય વિગત ચૂંટણી પંચને સોંપવા અને બાદમાં ચૂંટણી પંચને આ વિગત જાહેર કરવાનો આદેશ આપ્યો હતો. દેશમાં લોકસભાની ચૂંટણી થોડા મહિનામાં યોજાવાની હોવાથી ચૂંટણી પંચની આ જાહેરાત ઘણી મહત્ત્વ ધરાવે છે. (એજન્સી)

### ટીક ટોક ઍપ પર

પ્રમુખની સહી માટે વ્હાઈટ હાઉસ મોકલવામાં આવશે. ચીનનું આ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ (ટીક ટોક) લોકોની અંગત માહિતી એકઠી કરવા ને જાસૂસી કરવા ઉપયોગમાં લેવામાં આવતું હોવાનું જાહેર થઈ ગયા બાદ વર્ષ ૨૦૨૦માં આ ઍપ પર પ્રતિબંધ મૂકનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ હતો. (એજન્સી)

### દિલ્હીના રામલીલા

નહેરુ માર્ગ પર ખેડૂત મહાપંચાયત થવાની છે. જેને લઈને મુખ્ય રસ્તાઓ પર ટ્રાફિક જામ થઈ શકે છે, જેને લઈને ઘણા રસ્તાઓ ડાઇવર્ટ કરવામાં આવ્યા છે. આ વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં ખેડૂતોની હાજરીનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

### અણુશસ્ત્રો વાપરવાની

૨૦૨૨ની ૨૪ ફેબ્રુઆરીએ મોટા પાયે ઘૂસણખોરી શરૂ કરી હતી અને ત્યારથી એટલે કે છેલ્લાં બે વર્ષથી બન્ને દેશ વચ્ચે લડાઇ ચાલી રહી છે. પશ્ચિમનાં, ખાસ કરીને યુરોપના અનેક દેશ યુક્રેનને યુદ્ધમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય કરી રહ્યા છે. વ્લાદિમીર પુતિને રશિયાની સરકાર દ્વારા સંચાલિત ટેલિવિઝન ચેનલને આપેલા ઇન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે અમેરિકાના પ્રમુખ જો બાઇડન પીઢ રાજકારણી છે અને તેઓ યુદ્ધ જો મોટા પાયે શરૂ થાય, તો તેમાં શું થાય અને પરિણામ શું આવે, તે સારી રીતે જાણે છે.

પુતિને જણાવ્યું હતું કે મોસ્કોની સુરક્ષા સામે, રશિયાના સાર્વભૌમત્વ અને સ્વતંત્રતાની સામે જોખમ ઊભું થશે, તો અમે અણુશસ્ત્રો વાપરીશું.

દરમિયાન, યુક્રેને પોતાના પર રશિયા દ્વારા બુધવારે અનેક હુમલા કરાયા હોવાનો આક્ષેપ કર્યો હતો. (એજન્સી)

# ₹ ૧૪૭ કરોડ રૂપિયાથી વધુ પ્રોપર્ટી ટેક્સ વસૂલવાનો બાકી

## ડિફોલ્ટરોમાં ટોચની કંપનીઓનો સમાવેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાને ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રોપર્ટી ટૅક્સ વસૂલ કરવામાં નાકે દમ આવી ગયો છે.

નાણાકીય વર્ષ પૂરું થવામાં માત્ર ૧૫ દિવસ બાકી રહ્યા છે અને ત્રણ હજાર કરોડ રૂપિયાથી વધુ રકમનો પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરવાનો બાકી છે ત્યારે પાલિકાએ હવે પ્રોપર્ટી ટેક્સ ચૂકવવામાં આડોઈ કરનારા મોટા ડિફોલ્ટરોની યાદી જાહેર કરી છે, જેમાં દેશની ટોચની કંપનીઓનો સમાવેશ થાય છે.

ડિફોલ્ટરો પાસેથી પાલિકા ૧૪૭ કરોડ ૨૪ લાખ ૭૨ હજાર રૂપિયા પ્રોપર્ટી ટેક્સના વસૂલ કરવાના બાકી છે.

મુંબઈ મહાનગરપાલિકાની આવકનો મુખ્ય સ્રોત પ્રોપર્ટી ટેક્સ ગણાય છે. પરંતુ આ વખતે અમુક કાયદાકીય અડચણને કારણે પ્રોપર્ટી ટેક્સના બિલ મોકલવામાં પાલિકા તરફથી વિલંબ થયો હતો અને હવે પાલિકાના મોટાભાગના કર્મચારીઓને ઈલેક્શન ડ્યુટીમાં તહેનાત કરી દેવામાં આવ્યા છે. તેથી માર્ચ મહિનો હોવા છતાં પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરવાનો લક્ષ્યાંક પાલિકા પૂરો કરી શકી નથી.

કર્મચારીઓની અછત વચ્ચે પણ પાલિકાએ પ્રોપર્ટી ટેક્સ વસૂલીનો પોતાનો લક્ષ્યાંક પૂરો કરવાનો છે ત્યારે પાલિકાએ વર્ષોથી પ્રોપર્ટી ટેક્સ નહીં ચૂકવનારા લોકો પાસેથી ટેક્સ વસૂલી કરવા પર ધ્યાન કેન્દ્રીય કરીને ડિફોલ્ટરો સામે કાર્યવાહી કરવાનું ચાલુ કરી દીધું છે. જે હેઠળ ગુરુવાર ૧૪ માર્ચ, ૨૦૨૪ના ૨૪ પ્રશાસકીય વોર્ડમાં ૧૪૨ મોટા ડિફોલ્ટરો પાસેથી વસૂલી કરવા માટે રિમાઈન્ડર મોકલવાનું ચાલુ કરી દેવામાં આવ્યું છે.

પાલિકાના અસેસમેન્ટ એન્ડ કલેકશન ખાતાના અધિકારીના જણાવ્યાં મુજબ દસ મોટા ડિફોલ્ટરો પાસેથી પાલિકાએ કુલ ૧૪૭ કરોડ ૨૪ લાખ ૭૨ હજાર રૂપિયા વસૂલ કરવાના બાકી છે. તેમાંથી અમુક ડિફોલ્ટરોએ ચેક અને ડિમાન્ડ ડ્રાફ્ટ પાલિકાને આપ્યા છે.

નાગરિકોને પણ તેમનો બાકી રહેલો ટેક્સ ચૂકવી દેવાની પાલિકાએ વિનંતી કરી છે.

નાગરિકોને જુદી જુદી સેવા-સુવિધા આપનારી પાલિકા માટે પ્રોપર્ટી ટેક્સ તેની આવકનો મહત્ત્નો સ્રોત છે.

ચાલુ આર્થિક વર્ષમાં પ્રોપર્ટી ટેક્સ વસૂલીનું લક્ષ્યાંક પૂરું કરવા માટે અસેસમેન્ટ એન્ડ કલેકશન ખાતાએ જુદી જુદી યોજના અમલમાં મૂકી છે. ચાલુ વર્ષ પૂરું થવામાં ૧૫ દિવસ બચ્યા હોવાથી બાકી રહેલા ટેક્સ ડિફોલ્ટરો પાસેથી વસૂલ કરવાના પ્રયાસ પાલિકા કરી રહી છે. ■

### વસૂલી માટે ઉપાય યોજના અમલમાં

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ પ્રોપર્ટીટિક્સના આર્થિક વર્ષ ૨૦૨૩-૨૪ના બિલ ફેબ્રુઆરી ૨૦૨૪ના છેલ્લા અઠવાડિયામાં મોકલ્યા બાદ વોર્ડ સ્તરે ઓફિસ ચાલુ રાખીને તેમ જ રજાના દિવસે કરદાતાઓની મુલાકાત લઈને ટેક્સ વસૂલ કરવાનું કામ ચાલી રહ્યું છે. સોશિયલ મિડિયાના માધ્યમથી તેમ જ હાઉસિંગ સોસાયટીઓ પાસેથી પણ કર વસૂલવાનું કામ ચાલી રહ્યું છે. કરદાતાઓને વારંવાર મોબાઈલ પર એસએમએસ મોકલીને તેમના બિલ ભરવા માટે રિમાઈન્ડર મોકલવામાં આવી રહ્યા છે. જે કરદાતોઓને પ્રોપર્ટી ટેક્સના બિલ મળ્યા ન હોય તેમને પાલિકાની વેબસાઈટ પર અથવા વોર્ડની ઓફિસમાં જઈને બિલ ભરવાનું કહેવામાં આવ્યું છે.■

### સૌથી વધુ ડિફોલ્ટરો 'ઈ' વોર્ડમાં

પાલિકાના અસેસમેન્ટ એન્ડ કલેકશન ખાતાએ ડિફોલ્ટરોની યાદી બહાર પાડી છે, તેમાં સૌથી વધુ ડિફોલ્ટરો 'ઈ' વોર્ડ ભાયખલામાં ૩૩ છે. એ વોર્ડમાં એક, બી વોર્ડમાં સાત, સી વોર્ડમાં એક, ડી વોર્ડમાં ચાર, એફ-દક્ષિણ વોર્ડામં એક, એફ-ઉત્તર વોર્ડમાં ચાર, જી-દક્ષિણ વોર્ડાં ૧૨, જી-ઉત્તર વોર્ડમાં ત્રણ, એચ-પૂર્વ વોર્ડમાં ત્રણ, એચ-પશ્ચિમ વોર્ડમાં સાત, કે-પૂર્વ વોર્ડમાં પાંચ, કે-પશ્ચિમ વોર્ડમાં ત્રણ, પી-દક્ષિણ વોર્ડમાં છ, પી-ઉત્તર વોર્ડમાં ચાર, આર-દક્ષિણ વોર્ડમાં ચાર, આર-ઉત્તર વોર્ડમાં બે, આર-સેન્ટ્રલ વોર્ડમાં પાંચ, એમ-પૂર્વ વોર્ડમાં ત્રણ, એમ-પશ્ચિમ વોર્ડમાં નવ, એન વોર્ડમાં આઠ, એસ વોર્ડમાં પાંચ અને ટી વોર્ડમાં પાંચ ડિફોલ્ટરોનો સમાવેશ થાય છે. ■

### ટોપ ટેન ડિફોલ્ટરોની પાલિકાએ બહાર પાડેલી યાદી

- મે. એલ. એન્ડ ટી ક્રોસ રોડ - રૂ.૪૧,૩૮,૮૯,૮૩૫
- ભારત ડાયમંડ બુર્સ - રૂ. ૨૫,૮૭,૬૮,૧૭૦
- સીજુલી પ્રૉપર્ટી લિમિટેડ - રૂ. ૨૪,૮૯,૬૧,૬૯૭
- વર્મા મેડિસિન રિસર્ચ ટ્રસ્ટ (ગ્લોબલ હૉસ્પિટલ) - રૂ. ૧૬,૬૪,૪૨,૦૯૬
- શ્રી. ડી.વી.સેઠ એન્ડ ઑદર્સ (પ્રાઈમ મૉલ) રૂ. ૧૧,૦૦,૫૦,૮૫૧
- ફિનિક્સ મૉલ - રૂ.૧૦,૮૨,૮૮,૧૮૦
- હિંદુસ્તાન પ્લૅટિનમ પ્રાઈવેટ લિમિટેડ - રૂ. ૧૦,૧૫,૯૪,૦૬૫
- ગોદરેજ ગ્રીન હોમ પ્રાઈવેટ લિમિટેડ - રૂ. ૧૦,૫૭,૪૮,૩૮૬
- મુક્તા ફાઉન્ડેશન - રૂ. ૬,૬૬,૧૮,૧૮૯
- ચંપકલાલ- રૂ. ૪,૮૧,૧૭,૪૫૭ ■

# ભાજપ મોટો ભાઇ બનીને ચૂંટણીમાં ઝંપલાવશે તેની પૂરી ખાતરી

**શિંદે ભાજપના ઉમેદવારો ઉછીના લેશે?**

મુંબઈઃ દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના નેતૃત્વ હેઠળ મહારાષ્ટ્રની મહારાષ્ટ્રની મહાયુતિની બેઠક યોજવામાં આવી જેમાં બેઠકોની ફાળવણી અંગે વાતચીત કરવામાં આવી હતી. હવે ભાજપે પોતાના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે તેનાથી સ્પષ્ટ થાય છે કે મહારાષ્ટ્રમાં ભાજપ જ મોટો ભાઇ બનીને ચૂંટણી લડશે. એનસીપી(અજિત પવાર)ના ફાળે ફક્ત ચાર, શિંદે જૂથની શિવસેના ૧૩ અને ભાજપ ૩૧ બેઠકો ઉપરથી ચૂંટણીમાં ઝંપલાવશે તેવી પૂરેપૂરી શક્યતા જણાઇ રહી છે. જોકે, હજી સુધી અંતિમ નિર્ણય લેવામાં ન આવ્યો હોવાનું કહેવાઇ રહ્યું છે. જોકે, આમાં રસપ્રદ વાત એ છે કે શિંદેની શિવસેનાએ એવી શરત મૂકી હોવાનું કહેવાય છે કે જો મહાયુતિના વિજય માટે શિંદે જૂથે અમુક બેઠકો ઉપર ભાજપના ઉમેદવારોને બેસાડવા પડે, તો તેની માટે તૈયાર રહેવાનું કહેવામાં આવ્યું હોવાનું કહેવામાં આવ્યું છે. એટેલ કે ઉછીના ઉમેદવારો લેવાની તૈયારીમાં શિંદે જૂથ હોવાનું જણાઇ રહ્યુ છે.

તેમાં પણ એવા સાંસદો જે ઉદ્ધવ ઠાકરેનો સાથે છોડીને શિંદે જૂથમાં સામેલ થયા છે તેમની બેઠક ઉપરથી ટિકીટ આપવાનો નિર્ધાર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. એટલે કે શિંદે જૂથના સીટિંગ સાંસદોને તેમની બેઠક ઉપરથી ઉમેદવારી આપવામાં આવે, તેવી પૂરેપૂરી શક્યતા છે. ભાજપે જ્યારે પોતાના સીટિંગ સાંસદોને ટિકિટ આપવાથી મોં ફેરવ્યું છે ત્યારે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પોતાના સિટિંગ સાંસદોને ઉમેદવારી આપવા ઉપર અડગ હોવાના નિર્ણયની ખૂબ ચર્ચા ચાલી રહી છે. ■

# મુંબઈમાં છમાંથી પાંચ બેઠકો ભાજપ લડશે?

## મુંબઈના વધુ સીટિંગ સાંસદોને દરવાજો દેખાડાય તેવી શક્યતા

મુંબઈઃ ભાજપે લોકસભાની ચૂંટણી માટે પોતાના ઉમેદવારોની યાદી બહાર પાડી અને તેમાં નાગપુરથી નીતિન ગડકરી તો બીડથી પંકજા મુંડેને ટિકિટ આપવામાં આવી. જોકે, મુંબઈમાં અપસેટ સર્જતા સીટિંગ સાંસદ ગોપાલ શેટ્ટી અને મનોજ કોટકનું પત્તુ કાપવામાં આવ્યું છે.

ઉત્તર મુંબઈથી કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલને તો ઉત્તર પૂર્વ મુંબઈથી મિહીર કોટેચાને ઉમેદવારી આપવામાં આવી છે. એવામાં મુંબઈની છમાંથી પાંચ બેઠકો ઉપરથી ભાજપ પોતાના ઉમેદવાર ઊભા કરશે, તેવી માહિતી મળી રહી છે. જોકે, આ બેઠકો ઉપર જે સાંસદ તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે તેમને ફરીથી મોકો આપવામાં નહીં આવે એમ સૂત્રો તરફથી જાણવા મળ્યું છે. ■

**અજિત દાદાથી પંગો પડ્યો ભારે?**

# વિજય શિવતારેએ સાત કલાક શિંદેની રાહ જોઇ

મુંબઈઃ એકનાથ શિંદે જૂથના નેતા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર વિરુદ્ધ નિવેદનો આપી રહ્યા છે અને બારામતી લોકસભા બેઠક ઉપર લડવાનો તેમને પડકાર ફેંકી રહ્યા છે. જોકે, મહાયુતિમાં એકનાથ શિંદે અને અજિત પવાર બંને ભાજપ સાથે હોઇ શિવતારેની આ નિવેદનબાજી પક્ષના જોડાણ માટે અયોગ્ય હોવાની વાતો ચાલી હતી.

એવામાં શિવતારેને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મુલાકાત માટે બોલાવ્યા હતા. જોકે, મુખ્ય પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન વર્ષા બંગલા ખાતે શિવતારેએ શિંદેને મળવા માટે સાત કલાક સુધી રાહ જોવી પડી હતી. એટલે કે શિવતારીના નિવેદનોથી શિંદે નારાજ થયા હોવાની ચર્ચા પણ થઇ રહી છે. ■

# 'વંદે ભારત'ને કારણે તેજસ એક્સપ્રેસ બંધ થઇ જશે?

## સસ્તી અને સુવિધાથી સજ્જ હોવાથી પ્રવાસીઓની પહેલી પસંદ બની વંદે ભારત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દેશના વ્યસ્ત રેલવે કોરિડોરમાં મુંબઈ-અમદાવાદના કોરિડોરનું નામ મોખરાનું છે, જેમાં ગયા અઠવાડિયે વધુ એક વંદે ભારત એક્સપ્રેસ શરૂ કરવામાં આવી હતી. પ્રીમિયમ ટ્રેનોમાં ખાસ કરીને વંદે ભારત એક્સપ્રેસ પ્રવાસીઓની પહેલી પસંદ પડી રહી છે, પણ તેનાથી તેજસ એક્સપ્રેસની ઓપરેશન સિસ્ટમ પર અસર થઈ રહી છે.

મુંબઈથી અમદાવાદ અને અમદાવાદથી મુંબઈના કોરિડોરમાં શતાબ્દી, ડબલડેકર, કર્ણાવતી, તેજસ એક્સપ્રેસ સહિત વંદે ભારત એક્સપ્રેસ દોડાવાય છે, પરંતુ પ્રવાસીઓની પહેલી પસંદ હવે વંદે ભારત એક્સપ્રેસ બની રહી છે. વંદે ભારત એક્સપ્રેસની સામે તેજસ એક્સપ્રેસની લોકપ્રિયતા ઘટી રહી છે, જેમાં ટ્રેનના ટાઈમટેબલ, રિયલ ફેર સહિત ટ્રેનના ઈન્ટિરિયર-આધુનિકતાનું કારણ જવાબદાર છે. ઉપરાંત, બંને સ્ટેશન વચ્ચે ટ્રેનના ટ્રાવેલ ટાઈમમાં ઘટાડો થવાથી લોકો માટે વંદે ભારત પહેલી પસંદ છે, પરંતુ એની સામે ખાનગી ઓપરેટર દ્વારા ચલાવાતી તેજસ એક્સપ્રેસ (ઓપરેશન સિસ્મટ) પર જોખમ ઊભું થાય તો નવાઈ નહીં, એમ અધિકારીએ નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતું.

મુંબઈથી અમદાવાદ વચ્ચે દોડતી વંદે ભારત ટ્રેનમાં મુસફારી કરનાર પ્રવાસીઓની સંખ્યામાં ધરખમ વધારો થયો છે. વંદે ભારત ટ્રેનને લોકો દ્વારા વધુ પસંદગી મળતા આઇઆરસીટીસી હેઠળની પ્રાઈવેટ તેજસ એક્સ્પ્રેસ ટ્રેન તરફ પ્રવાસીઓને પસંદ પડી રહી નથી. બીજી બાજુ વંદે ભારતની મુસાફરી તેજસ એક્સ્પ્રેસ કરતાં સસ્તી અને ઝડપી હોવાથી તેજસ એક્સ્પ્રેસની કમાણીમાં મોટો ઘટાડો આવ્યો છે.

વંદે ભારત પાંચથી સાડાપાંચ કલાકમાં મુંબઈ-અમદાવાદ વચ્ચેના સફરને પૂર્ણ કરે છે, જ્યારે તેજસ એક્સ્પ્રેસ લગભગ છથી સાડા છ કલાક જેટલો સમય લે છે. વંદે ભારત અને તેજસ એક્સ્પ્રેસની મુસાફરીમાં એકથી દોઢ કલાકના તફાવતને કારણે વંદે ભારત પ્રવાસીઓની પસંદ બનવાની સાથે આકર્ષણ પણ બની છે.

મુંબઈથી અમદાવાદ વચ્ચેની વંદે ભારત ટ્રેન તેજસ એક્સ્પ્રેસ કરતાં ઓછી કિંમતે લોકોને મુસાફરી કરાવે છે. મુંબઈથી અમદાવાદ વંદે ભારત ટ્રેન ચેર કોચના ૧૨૨૦ રૂપિયા અને એક્ઝિક્યુટિવ કોચના ૨૨૯૫ રૂપિયા લે છે જ્યાં તેજસ એક્સ્પ્રેસ આ જ રૂટમાં ૧૬૮૦ અને ૨૩૭૦ રૂપિયા વસૂલ કરે છે. ■

# મહાલક્ષ્મી મંદિર અને મુંબાદેવી મંદિરને અપાશે નવો ઓપ

## ૨૮૦ કરોડ રૂપિયાના ખર્ચે કરાશે જિર્ણોદ્ધાર

મુંબઈઃ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા લેવામાં આવેલી બેઠકમાં મહાલક્ષ્મી મંદિર અને મુંબાદેવી મંદિર માટે ખાસ ભંડોળ ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મુંબાદેવી અને મહાલક્ષ્મી મંદિર માટે ૨૮૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવાનો નિર્ણય આ બેઠકમાં લેવાયો હતો.

મુંબાદેવી મંદિરના જીર્ણોદ્ધાર માટે ૨૨૦ કરોડ રૂપિયા,નાના જગન્નાથ શંકરશેઠ સ્મારક માટે ૩૫ કરોડ રૂપિયા અને ભાગોજી શેઠ કીર સ્મારક માટે પણ ૨૦ કરોડ રૂપિયા આપવાનો નિર્ણય લેવાયો હતો. શિંદેની અધ્યક્ષતા હેઠળ લેવાયેલી બેઠકમાં મુંબાદેવી મંદિર, મહાલક્ષ્મી મંદિર, જગન્નાથ શંકરશેઠ સ્મારક, હાજી અલી દરગાહ માટે પણ ભંડોળ ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સહ્યાદ્રી અતિથિગૃહમાં યોજાયેલી બેઠકમાં મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકર, મુંબઈ શહેરના પાલક પ્રધાન દિપક કેસરકર સહિતના નેતાઓ અને સાંસદો હાજર રહ્યા હતા.

મુંબઈ મહાપાલિકાના કમિશનર આઇ. એસ. ચહલ પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# શરદ પવારની તસવીરના ઉપયોગ મુદ્દે સુપ્રીમ કોર્ટની અજિત પવાર જૂથને ફટકાર

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ગુરુવારે એનસીપીના ચિહ્નના વિવાદ મુદ્દે સુનાવણી હાથ ધરી હતી. સુનાવણી દરમિયાન કોર્ટે અજિત પવારના જૂથ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી શરદ પવારની તસવીર અને નામનો ઉપયોગ નહીં કરવાનો આદેશ આપ્યો હતો.

રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી)ના અજિત પવાર અને શરદ પવાર જૂથ એમ બંને જૂથનું વિભાજન થયા બાદ બંને જૂથ દ્વારા પાર્ટીના ચિહ્ન અને નામને લઈને ચૂંટણી પંચ સમક્ષ અરજી કરવામાં આવી હતી. આ અરજી અંગે ચૂંટણી પંચે અજિત પવારનું જૂથ અસલી એનસીપી હોવાનો ચુકાદો આપ્યો હતો. આમ છતાં અજિત પવાર જૂથ દ્વારા પ્રચાર માટે શરદ પવારની તસવીરનો ઉપયોગ કરવામાં આવતી હોવાથી સુપ્રીમ કોર્ટે અજિત પવાર જૂથને ઠપકો આપ્યો હતો.

એનસીપીને લઈને અજિત પવાર જૂથ અને શરદ પવાર જૂથ વચ્ચે વિવાદ સર્જાયો હતો. દેશમાં લોકસભા ચૂંટણીને લઈને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. એનસીપીના બે જૂથ થયા બાદ ચૂંટણી પંચે પાર્ટીનું નામ અને ચિહ્ન અજિત પવાર જૂથને આપ્યું હતું. ચૂંટણી પંચના આ નિર્ણયને પડકારતી અરજી શરદ પવાર જૂથે અદાલતમાં દાખલ કરી હતી.

આ અરજીની સુનાવણી દરમિયાન અદાલતે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શરદ પવારના નામનો ઉપયોગ નહીં કરવા અજિત પવાર જૂથને એક સોગંદનામું દાખલ કરવા સાથે અજિત પવાર જૂથને 'ઘડિયાળ' સિવાય બીજું કોઈ પાર્ટી ચિહ્નના ચૂંટણીમાં વાપરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે ચૂંટણીમાં મતદારો વચ્ચે પાર્ટીના ચિહ્નને લઈને કોઈ પણ મૂંઝવણ થાય નહીં તેનું ધ્યાન રાખવું જોઈએ. ■

### અમારી પાર્ટીએ યશવંતરાવ ચવ્હાણના નામ, ફોટાનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું: અજિત પવાર

પુણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપી પ્રમુખ અજિત પવારે ગુરુવારે પુણે જિલ્લામાં તેમના વતન બારામતીમાં પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે વિભાજન પછી તેમની પાર્ટીએ શરૂઆતમાં તેમના કાકા શરદ પવારના નામ અને ફોટાનો ઉપયોગ કર્યો હતો, પરંતુ બાદમાં તેમણે રાજ્યના પ્રથમ મુખ્ય પ્રધાન યશવંતરાવ ચવ્હાણનું નામ અને તસવીરોનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. સુપ્રીમ કોર્ટે ગુરુવારે અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીની શરદ પવાર જૂથ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર રાજકીય લાભ માટે તેમના નામ અને ચિત્રોનો દુરુપયોગ કરવાનો આરોપ મૂક્યો તે પછી તેમણે આ નિવેદન આપ્યું હતું. સર્વોચ્ચ અદાલતે અજિત પવારના નેતૃત્વવાળી પાર્ટીને શરદ પવારના નામ, તસવીરોનો ઉપયોગ નહીં કરવા સ્પષ્ટ અને બિનશરતી બાંયધરી આપવાનો નિર્દેશ આપ્યો હતો. (પીટીઆઈ) ■

# સરકારી પ્લોટ પર કો-ઓપ. હાઉસિંગ સોસાયટીઓને માલિકી હકો માટે ૧૦ ટકા રેડી રેકનર

**સેલ્ફ રિડેવલપમેન્ટ માટે ફક્ત પાંચ ટકા**

મુંબઈઃ આ વર્ષે બે મહત્ત્વની ચૂંટણીને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર સરકારે રાજ્યમાં સરકારી પ્લોટ પર કો-ઓપ હાઉસિંગ સોસાયટીઓને માલિકી હક્કો (શરતી માલિકી) આપવા માટે રેડી રેકનરના ૧૫ ટકાને બદલે ૧૦ ટકા ચાર્જ લેવાનો કેબિનેટ બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે. જે સહકારી ગૃહનિર્માણ મંડળીઓ સ્વ-પુનઃવિકાસ (સેલ્ફ રિડેવલપમેન્ટ) માટે તૈયાર હોય તેમણે સરકારને મૂલ્યના માત્ર પાંચ ટકા ચૂકવવાના રહેશે.

રાજ્યમાં ૨૨ હજાર અને મુંબઈમાં ૩ હજાર સહકારી હાઉસિંગ સોસાયટીઓ છે. રાજ્ય સરકારે આ સંસ્થાઓને માલિકી હક્ક આપવા માટે ૮માર્ચ, ૨૦૧૯ના રોજ એક જાહેરનામું બહાર પાડ્યું હતું.

આ નોટિફિકેશન મુજબ, વ્યક્તિગત પ્લોટ ધારકોએ રીડ રેકનરના ૨૫ ટકા અને સહકારી હાઉસિંગ સોસાયટીઓએ રેડી રેકનરના ૧૫ ટકા ચૂકવીને માલિકી મેળવવાની હતી. આ સંદર્ભે, સમયમર્યાદા શરૂઆતમાં ત્રણ વર્ષ અને પછી બીજા બે વર્ષ માટે લંબાવવામાં આવી હતી.

જોકે, આ સહકારી હાઉસિંગ સોસાયટીઓએ આ રકમ વધુ હોવાની ફરિયાદ કરી હતી. પાંચ વર્ષની મુદત ૭ માર્ચ, ૨૦૨૪ ના રોજ સમાપ્ત થઈ હતી. તેને વધુ ત્રણ મહિના માટે લંબાવવામાં આવી છે.

પરંતુ આ સમયગાળા દરમિયાન શહેરમાં માત્ર વ્યક્તિગત પ્લોટ ધારકોને જ આ યોજનાનો લાભ લીધો હતો. શહેરમાં માત્ર એક સહકારી હાઉસિંગ સોસાયટીએ ૧૫ ટકા કિંમત ચૂકવીને માલિકી મેળવી છે.

આ યોજનાથી સરકારને ૬૪૦ કરોડની આવક થઈ છે. ઉપનગરોમાં મોટી સંખ્યામાં હાઉસિંગ સોસાયટીઓએ આ યોજનાને પ્રતિસાદ આપ્યો નથી. આ સહકારી મંડળીઓએ માંગ કરી હતી કે આ મૂલ્ય પાંચ ટકા કરવું જોઈએ.

મહેસૂલ મંત્રી રાધાકૃષ્ણ વિખે-પાટીલે ગયા વિધાનસભા સત્રમાં જાહેરાત કરી હતી કે આ મૂલ્ય પાંચ ટકા કરવામાં આવશે. પરંતુ વાસ્તવમાં જાહેરનામું બહાર પાડવામાં આવ્યું ન હોવાથી આ નિર્ણય પેન્ડિંગ હતો. આખરે બુધવારે મળેલી રાજ્ય કેબિનેટની બેઠકમાં નવો નિર્ણય લેવાયો હતો.

જો કે વિખેપાટીલે વિધાનસભામાં કરેલી જાહેરાત મુજબ પાંચ ટકાના બદલે દસ ટકાનું ડિસ્કાઉન્ટ જારી કરવામાં આવ્યું હતું. સ્વ-પુનઃવિકાસમાં રસ ધરાવતી સંસ્થાઓ મૂલ્યના પાંચ ટકા ચૂકવીને માલિકીના અધિકારો પ્રાપ્ત કરી શકશે. ■



# કોસ્ટલ રોડ સાથેના ૭૦ હેક્ટરની જગ્યાના વિકાસ માટે લેન્ડસ્કેપ માસ્ટર પ્લાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાએ ગુરુવારે કોસ્ટલ રોડ સાથે લગભગ ૭૦ હેક્ટર પબ્લિક ઓપન સ્પેસના વિકાસ માટે લેન્ડ સ્કેપ માસ્ટર પ્લાન રજૂ કર્યો હતો. યોજનામાં કોસ્ટલ રોડના ૭.૫ કિલોમીટરના પરિસરમાં સહેલાણીઓ ફરી શકે તે માટેની સુવિધા ઊભી કરી શકાશે, તેમ જ ઓપન સ્પેસને ત્રણ ઝોનમાં વહેંચી નખાશે, જેમાં કિનારો હરિયાળો બનાવાશે, પાર્ક લાઈન, મિયાવાકી ફોરેસ્ટ અને મ્યુઝિકલ ફાઉન્ટન પણ ઊભા કરાશે. આ પ્રોજેક્ટની અંદાજિત કિંમત આશરે ૧,૦૦૦ કરોડ રૂપિયા છે અને તે ડિસેમ્બર ૨૦૨૫માં પૂરો કરવાનો લક્ષ્યાંક છે. વરલી અને મરીન ડ્રાઈવ વચ્ચેના કોસ્ટલ રોડનો દક્ષિણ તરફનો રસ્તો મંગળવારે સવારના ટ્રાફિક માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જ્યારે કોસ્ટલ રોડનો ઉત્તર તરફનો રસ્તો મે, ૨૦૨૪ સુધીમાં તૈયાર થઈ જશે. કોસ્ટલ રોડ સાથે રિક્લેઈમ (ભરણી કરેલો) કરેલા વિસ્તારનો વિકાસ માટેનું ટેન્ડર જૂનમાં બહાર પાડવામાં આવશે અને ચોમાસા પછી કામ ચાલુ થવાની ધારણા છે. પાલિકા પ્રશાસને ગુરુવારે પાલિકા મુખ્યાલયમાં આર્કિટેક્ટ, અર્બન પ્લાન્ટર અને સ્થાનિક રહેવાસીઓ સાથે મુંબઈના દરિયાકાંઠાનો લેન્ડસ્કેપ વિકાસ માટે તેના માસ્ટર પ્લાનની ચર્ચા કરવા એક બેઠકનું આયોજન કર્યું હતું.

પાલિકાના પ્લાન મુજબ જગ્યાને એવી રીતે વિકસાવવામાં આવશે કે જે નાગરિકોને પાર્ક અને ફરવાની જગ્યાઓ એકબીજા સાથે જોડાયેલી જણઆશે. તેમાં બ્રીચ કેન્ડીથી વરલી સુધીનો ૭.૫ કિલોમીટરનો ફરવા માટેનો પટ્ટો, ૩૬,૦૦૦ ઝાડ સાથેનો મિયાવાંકી ફોરેસ્ટ, મ્યુઝિકિલ ફાઉન્ટન, ૧૫ કિલોમીટરનો સાયકલ ટ્રેક વગેરે રહેશે. પાર્ક લાઈન વરલી સી ફેસથી વરલી જેટી સુધી રહેશે. નેચર કોવ ત્યાંથી ચાલુ થશે અને અમરસન્સ ગાર્ડન ઈન્ટરચેન્જ સુધી જશે જ્યારે ગ્રીન શોવ(હરિયાળો પટ્ટો) અમરસન્સ ગાર્ડનથી શરૂ થશે અને પ્રિયદર્શની પાર્ક પર સમાપ્ત થશે.

### મલબાર હિલમાં ઝવેરીનાં પત્નીની હત્યા

# આરોપી પુત્રને પકડાવવામાં પિતાએ મહત્ત્વની ભૂમિકા ભજવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના મલબાર હિલ વિસ્તારમાં ઝવેરીનાં પત્નીની ગળું દબાવીને હત્યા કર્યા બાદ તેમની હીરાજડિત સોનાની બંગડીઓ લૂંટી ફરાર થયેલા નોકર કન્હૈયા કુમાર પંડિતને પકડાવવામાં તેના પિતાએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ભુસાવળ સ્ટેશનથી પકડાયેલા નોકરને મુંબઈ લવાયા બાદ કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો, જ્યાં તેને ૧૯ માર્ચ સુધીની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

નેપીયન સી રોડ પર તાહની હાઇટ્સના ૨૦મા માળે રહેતા ઝવેરી મૂકેશ શાહનાં પત્ની જ્યોતિ શાહ (૬૭)ની મંગળવારે બપોરના આરોપીએ હત્યા કરી હતી અને તેમના હાથમાંની રૂ. ત્રણ લાખની કિંમતની બંગડી લૂંટી તે ફરાર થઇ ગયો હતો. મલબાર હિલ પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને આરોપીને પકડવા પંદર ટીમ તૈયાર કરી હતી. પોલીસે તાહની હાઇટ્સની નજીક આવેલી બિલ્ડિંગમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરતા આરોપીના પિતા સંજય પંડિત ઉપરાંત તેનાં સગાંવહાલાં તેમ જ મિત્રોની પણ પૂછપરછ કરી હતી.

દરમિયાન ગુનો આચર્યા બાદ આરોપીએ બિહાર નાસી છૂટવા માટે લોકમાન્ય ટિળક ટર્મિનસથી ટ્રેન પકડી હતી. તેણે મોડી રાતે પોતાના મોબાઇલમાં નવું સિમકાર્ડ નાખ્યું હતું અને પિતાને કૉલ કર્યો હતો. સંજય પંડિતે તાત્કાલિક આની જાણ પોલીસને કરી હતી. પોલીસે એ નંબરને આધારે આરોપીને ટ્રેસ કર્યો હતો. બાદમાં જીઆરપી, આરપીએફ અને જળગાંવ જિલ્લા પોલીસની મદદથી આરોપીને ભુસાવળ સ્ટેશન પર ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી ત્રણ મહિના અગાઉ મુંબઈ આવ્યો હતો અને શાહ પરિવારે તેને રૂ. ૧૬ હજારના પગાર પર ઘરકામ માટે રાખ્યો હતો. જોકે બીજે દિવસે તે હત્યા કરી ફરાર થયો હતો. ઉલ્લેખનીય છે કે ઝવેરી મૂકેશ શાહ નરીમન પોઇન્ટ ખાતે પંચતારક હોટેલમાં જ્વેલરી શોપ ધરાવે છે. મંગળવારે બપોરે મૂકેશ શાહ તેમની પુત્રી સાથે શોપમાં જવા માટે નીકળ્યા હતા. સાંજે તેમણે પત્ની જ્યોતિ શાહને કૉલ કર્યો હતો, પણ તેમણે કૉલ રિસિવ ન કરતાં તેમને શંકા ગઇ હતી. આથી તેઓ ઘરે આવ્યા ત્યારે દરવાજો બંધ હતો.

ડોરબેલ વગાડવા છતાં દરવાજો ન ખૂલતાં બીજી ચાવીથી દરવાજો ખોલવામાં આવતાં જ્યોતિ શાહ બેડરૂમમાં બેભાન મળી આવ્યાં હતાં. તાત્કાલિક તેમને હૉસ્પિટલ લઇ જવાતાં તેમને મૃત જાહેર કરાયા હતા. જ્યોતિ શાહની ગળું દબાવીને હત્યા કરવામાં આવી હોવાનું તપાસમાં જણાયું હતું.

# ગોરેગામમાં ફર્નિચર કંપનીમાં ભીષણ આગઃ કોઈ જાનહાનિ નહીં

મુંબઈઃ ગોરેગામ (પશ્ચિમ)માં રામ મંદિર રોડ પર નારાયણ પ્લાઝા નજીક ફર્નિચર કંપનીમાં ગુરુવારે બપોરના ભીષણ આગ લાગી હતી. આગની ચપેટમાં આજુબાજુના અન્ય ૧૦થી ૧૫ ગાળા પર આવી જતા કપડા, ફર્નિચર જેવો માલ-સામાન બળીને ખાખ થઈ ગયો હતો. સદ્‌નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. પરંતુ લાખો રૂપિયાનો માલ-સામાન બળી ગયો હતો. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ નારાયણ પ્લાઝા, સનટેક સિટીમાં બપોરના ૩.૫૩ વાગે ફર્નિચર બનાવતી કંપનીમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ગાળામાં મોટા પ્રમાણમાં લાકડાનો સામાન હોવાથી આગ ઝડપભેર ફેલાઈ ગઈ હતી અને આગની ચપેટમાં આજુબાજુના ૧૦થી ૧૫ ગાળા આવી ગયા હતા. ગ્રાઉન્ડ પ્લસ એક માળના લગભગ ૨,૦૦૦ સ્કેવર ફૂટમાં ફેલાયેલા આ ગાળાઓમાં આગ ફેલાઈ ગઈ હતી. મોટાભાગના ગાળાઓ ગાર્મેન્ટ, લાકડાના સામાન, ભંગાર અને ફેબ્રીકેશન મટિરિયલ હતું.

આગની જાણ થતા ફાયરબ્રિગેડના આઠ ફાયર એન્જિન, સાત જેટી, એક વોટર ટેન્કર વગેરે ઘટના સ્થળે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

રાતના લગભગ ૮.૧૫ વાગે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે કુલિંગ ઓપેરશન મોડે સુધી ચાલુ હતું. સદ્‌નસીબેમાં આગની ઘટનામાં કોઈને જાનહાનિ કે જખમી થયા નહોતા. પરંતુ કરોડો રૂપિયાના માલ-સામાનને નુકસાન થયું હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

### બેંક ખાતાઓ પર ટાંચ મારવી એ કઠોર કાર્યવાહી

# આદેશ જારી કરતી વખતે યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવું જોઇએ : હાઇ કોર્ટ

મુંબઈઃ બેંક ખાતાઓ પર ટાંચ મારવી એ ''કઠોર'' કાર્યવાહી છે અને અધિકારીઓએ આવા આદેશો જારી કરતી વખતે યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવું જોઈએ, એમ બોમ્બે હાઈ કોર્ટે જણાવ્યું છે.

જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને ફિરદોશ પૂનીવાલાની ડિવિઝન બેન્ચે ૨૦૨૨ના કસ્ટમ વિભાગના આદેશ સામે ત્રણ ગોલ્ડ ટ્રેડિંગ કંપનીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર ૧૨ માર્ચના રોજ આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે આવી જોગવાઈઓનો હેતુ ''મૂલ્યાંકનકર્તાની મિલકત પર આગોતરી કાર્યવાહી કરવાનો નથી.'' વિભાગે ચોકશી અરવિંદ જ્વેલર્સ, પલ્લવ ગોલ્ડ અને મેક્સિસ બુલિયનના ખાતાઓને સોનાની દાણચોરીની તપાસના સંબંધમાં તેમના પરિસરમાં સર્ચ કર્યા બાદ કામચલાઉ ટાંચનો નિર્દેશ આપ્યો હતો. કંપનીના વકીલ સુજય કાંતવાલાએ દલીલ કરી હતી કે કસ્ટમ્સ એક્ટની કલમ ૧૧૦(૫) હેઠળ એ જરૂરી છે કે આવા આદેશો લેખિતમાં આપવા જોઈએ અને કારણો આપવા જોઈએ. અરજદારોએ એવો પણ દાવો કર્યો હતો કે તેમને ટાંચ વિશે જાણ કરવામાં આવી ન હતી પરંતુ વિભાગે આદેશો સીધા બેંકોને મોકલ્યા હતા. હાઈ કોર્ટે કહ્યું કે આ કાર્યવાહી ગેરકાયદેસર છે કારણ કે કસ્ટમ્સ એક્ટમાં નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું નથી. કલમ ૧૧૦(૫) મુજબ, જો કોઈ અધિકૃત અધિકારી વિચારે કે તે ''મહેસૂલના હિત''ના રક્ષણ માટે અથવા દાણચોરીને રોકવા માટે જરૂરી છે, તો જ બેંક ખાતું કામચલાઉ રીતે ટાંચ મારી શકાય છે, અન્ય કોઈ હેતુ માટે નહીં. કોર્ટે કહ્યું કે આ આદેશ માત્ર બેંકને જ નહીં પરંતુ ખાતાધારકને પણ મળવો જોઈએ. પીટીઆઈ

# નર્સરીમાં ફરજિયાત શિખવાડાશે મરાઠી ભાષા

મુંબઈઃ મરાઠી ભાષાનો મુદ્દો હવે ફક્ત મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(મનસે) જ નહીં પણ મહારાષ્ટ્ર સરકાર દ્વારા પણ ઉપાડવામાં આવી રહ્યો છે. હવેથી ટેક્સી અને ઑટો રિક્ષા ડ્રાઇવરોના દસ્તાવેજો મરાઠી ભાષામાં ફરજિયાત રાખવાની જોગવાઇ મહારાષ્ટ્ર સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. આ અંગે પહેલા પણ મહારાષ્ટ્ર સરકાર દ્વારા પોલિસી તૈયાર કરવામાં આવી હતી. જોકે, બોમ્બે હાઇ કોર્ટે આ વિશેની જોગવાઇ ફગાવી દીધી હતી. બુધવારે પ્રધાન મંડળની બેઠકમાં આ અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે, પ્રધાન મંડળની બેઠકમાં લેવાયેલો આ નિર્ણય કાયદાકીય દૃષ્ટીએ યોગ્ય ઠેરવાઇ શકે કે નહીં એ અંગે ચર્ચા ચાલી રહી છે.

જાહેરમાં મરાઠી ભાષાનો ઉપોયગ વધે અને સરકારી કામકાજોમાં મરાઠી ભાષાને જ પ્રાધાન્ય આપવામાં આવે એ માટે પ્રધાન મંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. નર્સરી તેમ જ પ્રિ-સ્કૂલમાં મરાઠી ભાષાના નું જ્ઞાન આપવાનું ફરજિયાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મરાઠી ભાષાના ઉપયોગનું કડકપણે પાલન કરવામાં આવે એ માટે મહારાષ્ટ્ર સરકાર કામ કરી રહી છે. શૈક્ષણિક સંસ્થાઓમાં મરાઠી ભાષાનો ઉપયોગ વધુમાં વધુ કરવામાં આવે એ પ્રયત્ન સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે.

# નાલાસોપારામાં ₹ ૬૦ લાખના સાબરનાં શિંગડાં જપ્તઃ બે પકડાયા

પાલઘરઃ પાલઘર જિલ્લાના નાલાસોપારામાં પોલીસે રૂ. ૬૦ લાખની કિંમતના સાંબરનાં શિંગડાં જપ્ત કરીને બે જણની ધરપકડ કરી હતી. પોલીસને માહિતી મળી હતી કે નાલાસોપારા વિસ્તારમાં ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ નજીક કેટલાક લોકો દાણચોરીનો સામાન લઇને આવવાના છે. આથી પોલીસ ટીમે મંગળવારે ઉપરોક્ત સ્થળે છટકું ગોઠવ્યું હતું અને રિક્ષામાં બેગ લઇને આવેલા બે શખસને તાબામાં લીધા હતા. પોલીસે બેગની તલાશી લેતાં તેમાંથી રૂ. ૫૦ લાખની કિંમતનું સાંબરનું શિંગડું મળી આવ્યું હતું. પોલીસે બાદમાં બંને શખસ વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરી હતી.

બંને આરોપીની પૂછપરછ બાદ પોલીસે બુધવારે રૂ. ૧૦ લાખની કિંમતનું સાંબરનું શિંગડું જપ્ત કર્યું હતું. આરોપીઓએ શિંગડાં ક્યાંથી મેળવ્યાં હતાં અને તે કોને વેચવા માટે નાલાસોપારામાં આવ્યા હતા, જેની તપાસ કરવામાં આવી રહી છે.

# પત્તુ કપાયા બાદ ભાજપમાં રિસામણાં-મનામણાં શરૂ

મુંબઈઃ ભાજપે લોકસભાની ચૂંટણી માટે પોતાના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી તેમાં નાગપુરથી નિતીન ગડકરી અને બીડથી પંકજા મુંડેના નામો હતા. જોકે, સૌથી મોટો ઝટકો ઉત્તર મુંબઈ અને ઉત્તર પૂર્વ મુંબઈની બેઠકમાં ઉમેદવારોની કરાયેલી નિયુક્તીથી લાગ્યો હતો. જોકે, જે સીટીંગ સાંસદોનું પત્તુ કપાયું છે તેમને મનાવવાના પ્રયાસો શરૂ હોવાનું દેખાઇ રહ્યું છે. ઉત્તર મુંબઈથી સાંસદ ગોપાલ શેટ્ટીની જગ્યાએ કેન્દ્રીય પ્રધાન પિયૂષ ગોયલને ઉમેદવારી આપવામાં આવી તો ઉત્તર પૂર્વ મુંબઈથી મનોજ કોટકના સ્થાને મિહીર કોટેચાને ઉમેદવાર બનાવવામાં આવ્યા. જોકે, ત્યારબાદ સીટીંગ સાંસદ નારાજ હોવાનું જણાતા હવે મહારાષ્ટ્રના ટોચના ભાજપના નેતાઓ તેમને મનાવવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનું ચિત્ર દેખાઇ રહ્યું છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ગુરુવારે સાંસદ ગોપાલ શેટ્ટીના નિવાસ સ્થાને જઇ તેમને મળ્યા હતા.

છેલ્લા પાનાનું ચાલુ

### મુંબઈમાં ૨૪ એપ્રિલ

ફિલ્ટરેશન પ્લાન્ટ ગણાય છે. ભાંડુપ કૉમ્પ્લેક્સમાં ૧,૯૧૦ મિલિયન લિટર અને ૯૦૦ મિલિયન લિટર પાણી ફિલ્ટર કરનારા બે યુનિટ્સ છે. તેમાંથી ૯૦૦ મિલિયન લિટર ક્ષમતા ફિલ્ટરેશન પ્લાન્ટ દ્વારા પ્રતિદિન ૯૯૦ મિલિયન લિટર પાણી પર પ્રક્રિયા કરવામાં આવે છે. ૯૦૦ મિલિયન લિટર ક્ષમતા આ જળશુદ્ધીકરણ કેન્દ્રના સૌથી મોટા ફિલ્ટરેશન પ્લાન્ટની ટાંકીઓની સફાઈ કરવા ચોમાસાં પહેલા ઈન્સ્પેકશનનું કામ હાથ ધરવામાં આવવાનું છે. તેથી ૨૪ એપ્રિલ, ૨૦૨૪ સુધી મુંબઈ મહાનગરપાલિકા તરફથી મુંબઈના પાણીપુરવઠામાં પાંચ ટકાનો પાણીકાપ મૂકવામાં આવ્યો છે. તેથી સમય દરમિયાન નાગરિકોને પાણી સંભાળીને કરકસર કરીને વાપરવાની અપીલ પાલિકા પ્રશાસને કરી છે.

**જળાશયોમાં માત્ર ૩૭ ટકા પાણીનો જથ્થો બાકી**

મુંબઈને પાણી પૂરું પાડનારા સાતેય જળાશયોમાં હાલ માત્ર ૩૭.૨૫ ટકા જેટલો જ પાણીનો જથ્થો બાકી રહ્યો છે, જે ચિંતાજનક બાબત છે. છેલ્લા બે વર્ષની સરખામણીમાં આ વર્ષ જળાશયોમાં પાણીનો જથ્થો એકદમ ઓછો છે. છતાં આગામી દિવસમાં લોકસભાની ચૂંટણી હોવાથી સરકાર મુંબઈગરા માથા પર કોઈ પણ પ્રકારનો પાણીકાપ લાદવા માંગતી નથી. રાજ્ય સરકારે ભાતસા અને વૈતરણામાંથી પાણીના રિઝર્વ જથ્થાને વાપરવાની મંજૂરી મુંબઈ મહાનગરપાલિકાને આપી છે.

તેથી જળાશયોમાં પાણી ઓછું હોવા છતાં હાલ પૂરતો મુંબઈમાં પાણીકાપ લાદવામાં આવવાનો નથી. સાતેય જળાશયમાં ગુરુવારે સવારે ૩૭.૨૫ ટકા એટલે કે ૫,૩૯,૧૭૯ મિલિયન લિટર જેટલો પાણીનો સ્ટોક હતો. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૪૩.૪૧ ટકા એટસે તે ૬,૨૮,૩૦૧ મિલિયન લિટર જેટલો અને ૨૦૨૨ની સાલમાં ૪૬૦૧૫ ટકા એટલે કે ૬,૬૮,૦૧૦ મિલિયન લિટર જેટલો પાણીનો સ્ટોક હતો.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી, હાલ ઘાટકોપર, સ્વ. પુષ્પાબેન કિશોરલાલ દોશીના પુત્રવધૂ. તે દીપકભાઈના ધર્મપત્ની અ.સૌ. જયશ્રીબેન (ઉં.વ. ૬૮) ઈન્દોર મુકામે શનિવાર, ૯-૩-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે લાઠી નિવાસી સ્વ. ભાનુબેન ધીરજલાલ ચુનીલાલ ભાયાણીના સુપુત્રી. તે નિશા ભાવિન દેસાઈ તથા નેહલ મિતેશ દોશીના માતુશ્રી. તથા સુધીરભાઈ, સ્વ. ગિરિશભાઈ, સ્વ. કમલેશભાઈ, ભરતભાઈ તથા સ્વ. શીરીષભાઈના બહેન તથા બકુલભાઈ અને નીરુબેન અરવિંદકુમાર શાહ તથા સ્વ. જ્યોતિબેન રમેશકુમાર કોઠારીના ભાભી. તથા હેઝલના નાની. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૫-૩-૨૪ના ૪.૩૦થી ૬.૩૦ સ્થળઃ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા, એસી બેન્કવેટ હોલ, હિંગવાલા જૈન ઉપાશ્રયની બાજુમાં, હિંગવાલા લેન, ઘાટકોપર (ઈ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી, હાલ મુલુંડ, સ્વ. મંજુલાબેન નગીનદાસ ભાઈચંદ શાહના સુપુત્ર મનોજભાઈના ધર્મપત્ની. દેવયાનીબેન (ઉં.વ. ૫૬) તે સ્વ. નીલાબેન હર્ષદભાઈ, જલ્પાબેન સતીષભાઈ, ચંદનાબેન ભરતભાઈ, પારુલબેન મનીષભાઈ, રીટાબેન મુકેશભાઈ, અરુણાબેન (સા. શ્રી. અનંતગુણાશ્રીજી મ.સા.) નયનાબેન, રૂપાબેન અભયકુમાર, ઉલ્લાસબેન નરેશકુમાર રંઘોળાવાળાના ભાઈના ધર્મપત્ની. તે પિયર પક્ષે સ્વ. જયાલક્ષ્મીબેન, મથરાદાસ, માધવજી અનમ (કચ્છ-પદ્ધર) હાલ મુલુંડની દીકરી. દિનેશભાઈ, પંકજભાઈ, નયનાબેન હસમુખભાઈ સોમેશ્વર, હર્ષાબેન ભાવેશભાઈ તન્નાનાં બેન. તા. ૧૦ માર્ચ, ૨૦૨૪ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તા. ૧૭-૩-૨૪, રવિવારે શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, ૧લે માળે, પવાણી હોલમાં ભાવયાત્રા રાખેલ છે. ૧૦થી ૧૨.૩૦.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

પોલારપુર નિવાસી, હાલ ઘાટકોપર, સ્વ. પ્રવિણચંદ્ર અમીચંદ શાહના ધર્મપત્ની નિર્મળાબેન ભાનુમતીબેન (ઉં.વ. ૮૪) તા. ૧૧-૩-૨૪ના અરિહંતશરણ થયેલ છે. જે અમલનેર સ્વ. શિવલાલ કામદારના દીકરી અને હરેશ, સંજય, સંગીતા, સોનાના માતુશ્રી. તેમજ પ્રફુલા, ઝંખના, સંતોષભાઈ, હેમંતભાઈના સાસુ. નગીનદાસ અમીચંદ, જયંતિલાલ અમીચંદના નાનાભાઈના પત્ની અને કંચનબેન, મંજુલાબેન, રસીલાબેન, હંસાબેનના ભાભી. સરનામુંઃ હરેશ પ્રવિણચંદ્ર શાહ, ૫૦૭, ૫મા માળે, આદર્શ બિલ્ડિંગ, સમતા કોલોની, ઘાટકોપર (પૂર્વ), લૌકિક વ્યવહાર બન્ને પક્ષે બંધ રાખેલ છે.

**માંગરોળ જૈન**

ડૉ.નવીનચંદ્ર વરજીવનદાસ શાહ (ઉં.વ.૮૦) તે સ્વ. વિજયાલક્ષ્મી વરજીવનદાસ વેલજીના પુત્ર માંગરોળ (માળીયા હાટીના) નિવાસી હાલ કાંદીવલી બુધવાર, તા.૧૩-૩-૨૪ના અરીહંતશરણ પામેલ છે. તે ડૉ.વિભાબેનના પતિ. તે સ્વ.મૃદુલાબેન વસંતકુમાર, સ્વ. કુસુમબેન અરૂણકાંત, માલતીબેન સ્વ. શશીકાંત, સ્વ. નિમુબેન વિનોદચંદ્ર, ભારતી જીતેન્દ્ર, ભાવિકા પ્રકાશ, સ્વ.જશુબેન પ્રમોદચંદ્ર, સ્વ. મીનાક્ષી કાંતીલાલ, નલીન યોગેનકુમાર, ચંદ્રિકા દિલિપના ભાઈ. તે પિયરપક્ષે જયંતભાઈ માધવલાલ શાહના જમાઈ. તે અંજુબેન ભરતભાઈ, માધુરી જયેશભાઈ, મીનાબેન કમલેશ તથા સ્મીતાબેન શસીનભાઈના બનેવી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી ઝા. સ્થા. જૈન**

લીંબડી નિવાસી-હાલ અંધેરી, અ.સૌ.મધુકાન્તા ચંદ્રકાન્ત શાહ (ડેલીવાળા) (ઉં.વ.૮૭) તે સી.વી. ડેલીવાળાના પત્ની. અતુલ- આરતી, સંદિપ-દિસી, સ્મીતા મુકેશ મહેતા, જયશ્રી, (સ્વ.) કમલેશ સંઘવી, ભામીની સંજય પારેખના માતુશ્રી. ધ્વની પ્રતિક બુધવાની, સલોની હર્ષ બગડીયા, મૈત્રી, નમન, માહિકાના દાદી તથા સમજુબેન મનસુખલાલ માણેકલાલ શાહ (ઊંટડી)ના દીકરી. તા. ૧૪-૩-૨૪ના અરિહંત શરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૩-૨૪ના શનિવારે ૪ થી ૬ વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લા (વે).

**દશા શ્રીમાળી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

વિંછીયા નિવાસી સ્વ. કાંતાબેન અને સ્વ. કસ્તુરચંદ ભાઇચંદ ગોસલીયાના સુપુત્ર ભાવેશભાઇ (ભીખાલાલ) (ઉં. વ ૬૧) તે મહાસુખભાઇ, વિનોદભાઇ, સ્વ. હર્ષદભાઇ, સ્વ. રંજનબેન, ગં. સ્વ. હંસાબેન, બા. બ્ર. ક્રાંતિકુમારી બાઇ મ. સ. તથા શિલ્પાના ભાઇ તા. ૧૩-૩-૨૪ના રાજકોટ મુકામે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**થાનકવાસી જૈન**

બિલખા નિવાસી હાલ વિક્રોલી સ્વ મંજુલાબેન લાઠીયા (ઉં. વ. ૯૧) તે મુલચંદ લક્ષ્મીચંદ ઘેલાણીના પુત્રી. સ્વર્ગીય લલિતકુમાર ગીરધરલાલ લાઠીયાના ધર્મપત્ની. જતીનભાઈ, શીલાબેન અને સ્વ. જયપ્રકાશભાઈના માતુશ્રી. ભાવિનીબેન લાઠીયા અને પ્રદીપકુમાર મહેતાના સાસુ. કરિશ્મા, હેત્વી અને ગૌતમભાઈના મોટાસાસુ. મંગળવારે તા. ૧૨ માર્ચ ૨૦૨૪ અરિહંતશરણ પામેલ છે. દેહ દાન કરેલ છે. લૌકિક વ્યહાર સદંતર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ કાંદિવલી, અ.સૌ.વૈશાલી સંજય દોશી, (ઉં. વ. ૪૯) તે સ્વ. સુરેખાબેન વસંતરાય જયંતીલાલ દોશીનાં પુત્રવધૂ. હરેશભાઈ, સોનલબેન રાજેશકુમાર પંચાલનાં ભાભી. યશ્વીનાં માતા. સ્વ. સરોજબેન કિશોરભાઈ તુરખીયાનાં દીકરી. પ્રતીક - મોનાનાં બહેન. તા.૧૩/૩/૨૪ને બુધવારનાં અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર ૧૬/૩/૨૪નાં ૩.૩૦થી ૫.૩૦, : પાવનધામ, ડી માર્ટની પાછળ, એમસીએ ક્લબની બાજુમાં, મહાવીર નગર, કાંદીવલી (વે.).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બાડાના કુ. અવની ચંદ્રકાંત છાડવા (ઉં. વ. ૨૫) તા. ૧૨-૩-૨૪ના અવસાન પામેલ છે. દિવાળીબેન વિશનજીના પૌત્રી. વિણા ચંદ્રકાંતના સુપુત્રી. ધૈર્યના બેન. નાના રતડીયા જવેરબેન કલ્યાણજી હીરજી ગડાના દોહિત્રી. સ્થળ : મામણીયા નંદુ ભવન, હરદેવી સોસા., નટવર નગર, જોગેશ્વરી (ઇ.) મું. ૬૦. શુક્રવાર, તા. ૧૫-૩-૨૪, બપોરે ૨ થી ૪.

નવીનારના બિંદુ કીરીટ વોરા (ઉં. વ. ૪૭) તા. ૯-૩-૨૪ના અવસાન પામેલ છે. સ્વ. રતનબેન મેઘજી વોરાના પુત્રવધુ. કીરીટના ધર્મપત્ની. અંકિત, કેતનના મમ્મી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અંકિત વોરા, ૨૦૨, એક્તા સોસાયટી, ઓપોઝીટ બાલાજી હોસ્પીટલ, રાણી સતી માર્ગ, મલાડ (ઇ.) ૬૪.

રાયણ (અમદાવાદ)ના લીલાવંતી કલ્યાણજી છેડા (ઉં. વ.૮૦) તા.૧૩-૦૩-૨૦૨૪ના અવસાન પામેલ છે. પાનબાઈ કાનજી વીરજીના પુત્રવધૂ. કલ્યાણજીના પત્ની. વિજય, દીપક, બિદડા દક્ષા નિરંજન, ડેપા જસુ જયંત, ના.ભાડિયા દિના રમણીકના માતા. રાયણ ભાણબાઈ શામજી અરજણના પુત્રી. મેઘજી, વિશનજી, લક્ષ્મીચદ, જયંતી, કોડાય મઠાબેન નાનજી, રાયણ રતન જયંતીલાલ, ગોધરા ચંચળ રતિલાલ, મેરાઉ ધનવંતી રતિલાલ, વિમળાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિજય છેડા, બસંત બહાર વિભાગ-૨, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮.

નાના આસંબીયાના દેવચંદ હેમરાજ છેડા (ઉં. વ. ૮૧) તા. ૧૨-૩-૨૦૨૪ના અવસાન પામ્યા છે. માતુશ્રી મમીબેન હેમરાજ કુંવરજીના સુપુત્ર. કંચનબેનના પતિ. જીગ્નાના પિતાશ્રી. પોપટલાલ, હંસરાજ, પ્રદીપ, કાંતિલાલ, તલકશી ખીમજી, પુનડીના ગંગાબેન/ હેમલતાબેન ધનજી મોનજીના ભાઈ. મેરાઉના માતુશ્રી રાણબાઈ ભવાનજી રવજી મારૂના જમાઈ. પ્રાર્થના : કાલીદાસ મેરેજ હોલ, પી.કે. રોડ, મુલુંડ-વેસ્ટ. ટા. ૪ થી ૫.૩૦. ત્વચાદાન કરેલ છે.

કોડાયના વિમળાબેન હરખચંદ ગાલા (ઉં. વ. ૭૧) તા.૧૦-૩-૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી પાનબાઈ લાલજી મોરારજીના પુત્રવધૂ. સ્વ.હરખચંદના ધર્મપત્ની. કિરણ, હિરેન, રાહુલના માતુશ્રી. પત્રી લક્ષ્મીબેન હેમચંદ ગાંગજીના દિકરી. પ્રવિણ, દિનેશ, લીલાવંતી, ભારતી, સુનંદાના બેન. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦.

ડેપા હાલે બિદડા (ડોંબીવલી)ના દેવેન્દ્ર મારૂ (ઉં. વ. ૫૬) તા. ૧૩-૩-૨૪ના અવસાન પામેલ છે. ખેતબાઇ રામજીના પુત્ર. ગીતાના પતિ. અનુજ, વિધિના પિતા. પ્રફુલ, કીરીટ, મંજુલા, ભાવનાના ભાઇ. વલસાડના નીરૂબેન બુધાભાઇ પટેલના જમાઇ. પ્રા. સુવિધિનાથ જૈન દેરાસર, માનપાડા રોડ, ડોંબીવલી (ઇસ્ટ). ટા. ૩.૦૦ થી ૪.૩૦.

રાયણના માતુશ્રી તેજબાઇ નાગજી નેણશી ગડા (ઉં.વ. ૯૨) તા. ૧૨-૩-૨૪ના દેહ પરીવર્તન કરેલ છે. માતુશ્રી ખીમઇબાઇ નેણશી મોરારજીના પુત્રવધૂ. સ્વ. નાગજીભાઇના પત્ની. નરેન્દ્ર, કિરણ, ભારતી, જ્યોતિના માતા. કંકુબેન હીરજી ઉમરશી ગાલાના પુત્રી. બચુભાઇ, લક્ષ્મીચંદ, તુંબડીના જવેરબેન (ચંચળ) ચીમનલાલ, નાની ખાખરના હેમકુંવર નેમજી, રાયણના જયવંતી છગનલાલ, નવાવાસના લક્ષ્મીબેન કાંતીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નાગજી નેણશી, ૧૧/ન્યુ પુરૂષોત્તમ નગર, બી-વિંગ, જરી-મરી રોડ, વાંદરા (વે.).

નાની ખાખરના ખીમજી રતનશી દેઢીયા (ઉં.વ. ૮૭) તા. ૧૩-૩-૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી મેઘબાઇ રતનશી રાજપાળ દેઢીયાના પુત્ર. સ્વ. વિમળાના પતિ. કેતનના પિતાશ્રી. શિવજી, દેવચંદ, નેમજી, ડો. રમેશ, ઝવેરબેન, મંજુલાના ભાઇ. મોટી ખાખરના સુંદરબેન રવજી માલશીના જમાઇ. પ્રાર્થનાઃ વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ દાદર સંચાલિત શ્રી કરસનભાઇ લધુભાઇ નિસર હોલ, દાદર. સમયઃ ૨ થી ૩.૩૦.

## પારસી મરણ

ફરોખ દાદી બારીયા તે મરહુમ હોમાય અને દાદી બારીયાના દીકરા. તે બકતાવર કયકશરૂ દસ્તુરના ફૂઇના દીકરા. (ઉં. વ. ૭૮) રે. ઠે. ઓલ્ડ ન.૧૧, ખારેગાત કોલોની, હ્યુજીસ રોડ, બાબુલનાથ, મુંબઇ-૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૫-૩-૨૪ બપોરે ૩.૪૫ વાગે અનજુમન આતશ બેહેરામમાં છેજી.

બખતાવર સરોશ તારાપોર તે સરોશ કેખશરૂ તારાપોરના ધનિયાની. તે મરહુમો આલુ તથા બેહરામ એદલજી મરાવાલાનાં દીકરી. તે રોહિન્ટન તથા દાનેશ સરોશ તારાપોરનાં માતાજી. તે રોખસાર રોહીન્ટન તારાપોર તથા દીલશાદ દાનેશ તારાપોરના સાસુજી. તે ફિરોઝ બેહરામ મરાવાલાનાં ભાઇ. તે આવા રોહીન્ટન તારાપોર તથા ઝીવાન દાનેશ તારાપોરનાં બપઇજી. (ઉં. વ.૭૯) રે. ઠે. ૬૨૮, તુરેલ ટેરેસ, હોમાવઝીર રોડ, પારસી કોલોની, દાદર-મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૫-૩-૨૪ના બપોરના ૩.૪૫ વાગે રૂસ્તમ ફરામના અગિયારીમાં છેજી. (દાદર-મુંબઇ).

કેરસી કાવસજી બારડોલીવાલા તે મરહુમ ખોરશેદ કેરસી બારડોલીવાલાના ખાવીંદ. તે મરહુમો ખોરશેદ તથા કાવસજી બારડોલીવાળાનાં દીકરા. તે હોમાય યઝદી પેસ્તનજામાસ્પ તથા કાવસી કેરસી બારડોલીવાલાનાં બાવાજી. તે યઝદી પેસ્તનજાપાસ્પ તથા જેનીફર કાવસી બારડોલીવાળાના સસરાજી. તે મરહુમ હોમી તથા મીનુનાં ભાઇ. તે યઝદ તથા નરીસાનાં બપાવાજી. (ઉં. વ. ૮૩) રે. ઠે. ૬/૧૯, પંથકી બાગ, અંધેરી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયાઃ તા.૧૫-૩-૨૪ બપોરના ૩-૪૫ વાગે, પટેલ અગિયારીમાં છેજી. (અંધેરી-મુંબઇ).

શાહઝાદ દારાયસ હોઝદાર તે ઓસ્તી ઊતાશાહ એ. શાહઝાદ હોઝદારનાં ખાવીંદ. તે ઓસ્તી મહારૂખ તથા એ. દારાયસ હોઝદારના દીકરા. તે મરહુમ એ. માલકમનાં ભાઇ. તે બચુ તથા મેહેરનોશ કાસદનાં જમાઇ. તે મરહુમો ઓ. ગુલ તથા એ. હોશંગના ગ્રન્ડસન. તે એ. ફરહાદ, ખો. મેહેર તથા સાયરસ કાસદના ભત્રીજા. (ઉં.વ.૨૮) રે. ઠે.ડી-૨/૫૩, ભરૂચા બાગ, એસ. વી. રોડ, ઓફ. શોપરસ સ્ટોપ, અંધેરી (વે), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૬-૩-૨૪ એ બપોરના ૩-૪૫ વાગે, વાડીયાજી આતશ બેહરામમાં છેજી, અને ટાટા અગિયારી (બાંદ્રા)માં છેજી.

## હિન્દુ મરણ

**કંસારા**

મૂળ સૂરત નિવાસી, હાલ સાંતાક્રુઝ, ગં.સ્વ. સુલોચનાબેન શ્રોફ (ઉં.વ. ૮૧) તે તા. ૧૨-૩-૨૪ને મંગળવારનાં શ્રીજીચરણ પામેલ છે. તેઓ સ્વ. મધુસુદન ઈશ્વરલાલ શ્રોફનાં ધર્મપત્ની. સ્વ. લીલાવતી ઈશ્વરલાલ શ્રોફનાં પુત્રવધૂ. સ્વ. જશકુંવરબેન મોતીલાલ મિસ્ત્રીનાં પુત્રી. પિનાકિનભાઈ, ધર્મેન્દ્રભાઈ તથા કેતનભાઈનાં માતુશ્રી. અ.સૌ. હેમા, અ.સૌ. અનિતા તથા અ.સૌ. દિપ્તીના સાસુજી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. દેવકાબેન પ્રેમજીકારાભાઈ સચદેના સુપુત્ર મહેન્દ્રભાઈ (પપીભાઈ)નાં ધર્મપત્ની. અ.સૌ. કમળાબેન (ઉં.વ. ૬૯) તા. ૧૩-૩-૨૪નાં ચેમ્બુર મુંબઈ અક્ષરનિવાસી થયા છે તે સ્વ. જમનાબેન, સ્વ. ડુંગરશીભાઈ ખટાઉ માથકીયા અંજારવાલાનાં મોટા દીકરી. હરીશભાઈ, સ્વ. મુકેશભાઈનાં બેન. લતાબેન, સ્વ. હરીશભાઈ રાયમંગીયાનાં (સાંગલીવાળા)અને શ્રીમતી. જ્યોતિબેન હરેશભાઈ નકવાણીનાં મોટાબેન. ચી. સંદીપભાઇ (બબલુ)બીનલબેનનાં માતુશ્રી. પ્રાર્થનાસભા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. રહેઠાણઃ ૧૨/એ, રાધાકૃષ્ણ, ૨જે માળે, ઠઠાનગર પેસ્તમ સાગર રોડ નં. ૩, ચેમ્બુર-મુંબઈ-૪૦૦૦૮૯.

**ચીખલી મોઢ વણિક**

આશીત ગાંધી (ઉં.વ. ૬૨) તે સ્વ. અરવિંદભાઈ તથા સ્વ. કોકિલાબેનના પુત્ર. સ્વાતિના પતિ. શિવાંગી, ઉન્નતિના પિતા. પ્રણવ-મિતા, માધવી બૈજુભાઈ મહેતાના ભાઈ. ઈન્દુમતી મનસુખલાલ શેઠના જમાઈ. તા. ૧૧-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૫ માર્ચના રોજ સાંજે ૫થી ૬.૩૦, સંન્યાસ આશ્રમ, વિલેપાર્લે (વેસ્ટ).

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મૂળ હાંસોટ, જિલ્લા અંકલેશ્વર નિવાસી હાલ અંધેરી-પાર્લા નિવાસી જાહનવી શેઠ (ઉં.વ. ૫૯) તા. ૧૩-૩-૨૪, બુધવારના દેવલોક પામ્યા છે. તે ચેતનભાઈ શેઠના પત્ની. સ્વ. અરવિંદભાઈ અને અનસુયાબેનના પુત્રવધૂ. જશ અને જીયાના મમ્મી. તેજલ જિજ્ઞાસ ચેરીના ભાભી. સ્વ. સત્યેન્દ્રભાઈ નટવરલાલ વેપારી અને સ્વ. નંદનબેન વેપારીના પુત્રી. કશ્યપ, સ્વ. ભરતભાઈ, અરુંધતિબેનના બહેન. તેમની પ્રાર્થનાસભા તા. ૧૬-૩-૨૪ના શનિવારે ૫.૦૦થી ૭.૦૦ સ્થળઃ કિશનચંદ વાલેચા હોલ, વિદ્યાનિધી ઈન્સ્ટિટ્યુટ ઓફ આર્કિટેકચર અને એનવાયરમેન્ટલ સ્ટડીસ, વિદ્યાનિધી ભુવન, વિદ્યાનિધી માર્ગ, જેવીપીડી સ્કીમ, જુહુ વિલેપાર્લે. લૌકિક વ્યવહાર બંધ છે.

**નાઘેર દશા મોઢ માંડલિયા વણિક**

રોહા નિવાસી હાલ કાંદીવલી સ્વ. વિજયાબેન રતિલાલ હીરાચંદ ગાંધીના પુત્ર હર્ષદ તા. ૧૧-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. હીનાના પતિ. ધારા હર્ષિલ શાહ, અમિ કરણ બારાઈના પિતાશ્રી. નરેન્દ્રભાઈ, કિરીટભાઈ, મુકેશભાઈ, દિલીપભાઈ, બીનાબેન સુરેશકુમારના ભાઈ. ઉનાવાળા સ્વ. ચુનીલાલ પ્રાણજીવનદાસ પારેખના જમાઈ. પ્રાર્થનાસભા શનિવાર, ૧૬-૩-૨૪ના ૫ થી ૭. સ્થળઃ ડિવાઈન બેંકવેટ, સી-૬૧૬, આરડીપી ૧૦, ચીકુવાડી, સ્ટાર બજાર, ઉટોપીયા ગાર્ડન ગ્રોવ મોલ, બોરીવલી (વે).

**મેઘવાળ**

રાજકોટ (વાવડી) ગામ હાલ દાદર, ગોતમનગર નિવાસી સ્વ. અમૃતભાઈ લાખાભાઈ રાઠોડ (ઉં. વ. ૬૬) ૯-૩-૨૪ના રામશરણ પામ્યા હતા. તેઓ કિરણભાઈ, વિજયભાઈ, વિમળાબેન રાઠોડના કાકા. મુસ્કાન અને માલીની, જયાબેન, જયોત્સનાના સસરા. દીનાબેન, હંસાબેનના ભાઈ. વિનોદ, અજય, લલિતના મામાશ્રી. મારૂ પરિવારના ભાણેજ. યશ, ઈશા, પ્રિયલ, રુદ્રેશ, ભાવિકા, પ્રથમના દાદા. બારમું (કારજ) ૧૫-૩-૨૪, શુક્રવારના ૬ કલાકે નિવાસ સ્થાને ગોતમ નગર, દાદા સાહેબ ફાળકે રોડ, જૂની ટ્રાન્ઝીટસ કેમ્પ, ૬૪/૯, દાદર (ઈ).

**ઝાલાવાડી વિશા શ્રીમાળી**

વઢવાણ નિવાસી હાલ વાશી ગં. સ્વ. વિમળાબેન શાહ (ઉં. વ. ૮૬) (નાથાભવનવાળા) તા. ૧૨-૩-૨૪ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.પ્રમોદકુમાર મુલજીભાઇના ધર્મપત્ની. તે સંદીપકુમાર, બેલા અશોક વોરા તથા લીના સમીર કોટીચાના માતુશ્રી. તે દિપાલી-દિપ્તીના સાસુ. દૃષ્ટિ-વેદ અને કાવ્યના દાદી. તે સ્વ. સુરેશ-કીર્તિ-જગદીશના ભાભી. તે પિયર પક્ષે સ્વ. જીવનલાલ ચુનીલાલ દોશીના પુત્રી. પ્રાર્થનાસભા તા. ૧૫-૩-૨૪ના શુક્રવારે ૪થી ૬. ઠે. એસ. એન. ડી. ટી. કોલેજ, કિંગ સર્કલ, રફી અહેમદ કીડવાઇ રોડ.

**કપોળ**

મહુવાવાળા સ્વ.તુલસીદાસ મોહનલાલ ચિતલિયાના પુત્ર અનંતરાય ચિતલીયા (ઉં. વ. ૭૮) હાલ વિરાર તા.૧૩/૩/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે અરુણાબેનના પતિ. બિંદિયા અસીમ, સ્વીટી રોહિતના પિતા. ગુણવંતરાય, ભાનુબેન ભગવાનદાસ, સ્વ. કંચનબેન વસંતરાય, મધુબેન યોગેશભાઈ, સ્વ. રંજનબેન પ્રવિણકુમારના ભાઈ. ધંધુકાવાળા સ્વ. અમૃતલાલ કેવળદાસના જમાઈ. પ્રાર્થનાસભા ૧૫/૩/૨૪ના ૫ થી ૭. કાંદિવલી લોહાણા મહાજણવાડી, પહેલે માળે, એસ.વી.રોડ, શંકર મંદિર પાસે, કાંદિવલી વેસ્ટ.

**દસ ગામ પંચાલ**

ગામ પલસાણાના હાલ અંધેરી પ્રવિણચંદ્ર નારણદાસ પંચાલ (ઉં. વ. ૮૮) તાઃ-૧૦-૩-૨૪ને રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. તે વિમલા (શોભાબેન)ના પતિ. તે કૌશિકભાઈ, પરેશભાઈના પિતાશ્રી. તે નિતાબેન, પૂનમબેનના સસરા. તે સ્વ.ગીરધરભાઇ, સ્વ.અરવિંદભાઈ, ભરતભાઇ, ગં. સ્વ. જશુબેન, ગં. સ્વ.પુષ્પાબેન, તથા ગં. સ્વ. પદમાબેનના ભાઈ. સ્વ.ઈશ્વરભાઈ ઘેલાભાઈ દમણવાળાના બનેવી. તેમની પ્રાર્થનાસભા તા. ૧૬-૦૩-૨૪ને શનિવારે ૪ થી ૬. જોગી જાગીર હૉલ, પારસી વાડા સ્મશાનભૂમિ મુક્તિધામ, અંધેરી હાઇવે પાસે, સહાર રોડ અંધેરી પૂર્વ , લૌકીક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# તાજી હિમવર્ષાથી કાશ્મીર થથર્યું



**હિમવર્ષાઃ** મનાલીમાં ગુરુવારે નવેસરથી હિમવર્ષા થયા બાદ અટલ ટનલની આસપાસનો હિમાચ્છાદિત વિસ્તાર. (એજન્સી)

શ્રીનગરઃ કાશ્મીરના ઘણા વિસ્તારોમાં તાજી હિમવર્ષા થઈ હતી અને મેદાની વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો.

અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે, ગુલમર્ગ, પહલગામ અને સોનમર્ગ સહિત કાશ્મીરના ઊંચાઇવાળા વિસ્તારોમાં રાત્રે તાજી હિમવર્ષા થઈ હતી.

તેઓએ કહ્યું કે ગુરેઝ અને બાંદીપોરા, ગાંદરબલ અને અનંતનાગ જિલ્લાના ઊંચાઇવાળા વિસ્તારોમાં પણ તાજી હિમવર્ષા થઈ છે.

અધિકારીઓએ ઉમેર્યું હતું કે ઝબરવાન રેન્જ સાથે શ્રીનગરના ઉપરના વિસ્તારોમાં હળવી હિમવર્ષા થઈ હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે શ્રીનગર શહેર અને ખીણના અન્ય મેદાની વિસ્તારોમાં આખી રાત દરમિયાન વરસાદી ઝાપટા પડ્યા હતા.

હવામાન વિભાગે ૨૦ માર્ચ સુધી મુખ્યત્વે શુષ્ક હવામાનની આગાહી કરી છે. આગાહી અનુસાર ૨૨-૨૪ માર્ચ સુધી, જમ્મુ અને કાશ્મીરમાં ઘણાં સ્થળોએ વરસાદ/બરફ પડવાની સંભાવના છે. ■

# ઈસ્લામાબાદમાં દેશનો સૌથી મોટો આઈટી પાર્ક બનાવાશે

ઈસ્લામાબાદઃ આર્થિક તંગીનો સામનો કરી રહેલા પાકિસ્તાને આઈટીની નિકાસને પ્રોત્સાહન આપવા નવા ચૂંટાયેલા વડા પ્રધાન શાહબાઝ શરીફના પ્રયાસના ભાગરૂપ પાકિસ્તાનની સરકારે રાજધાની ઈસ્લામાબાદમાં દેશનો સૌથી મોટો ઈન્ફોર્મેશન ટૅક્નોલૉજી (આઈટી) પાર્ક ઊભો કરવાનો નિર્ણય લીધો હોવાનું પ્રસારમાધ્યમના ગુરુવારે પ્રસારિત થયેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.


પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપને આધારે આ પાર્ક ઊભો કરવામાં આવશે.

ઈસ્લામાબાદની ટોચની સિવિક એમ્નિટિઝ ડેવલપમેન્ટ સંસ્થા કેપિટલ ડેવલપમેન્ટ ઑથોરિટી (સીડીએ)એ લીલીઝંડી દર્શાવ્યા બાદ આ પાર્ક માટે ઈસ્લામાબાદના જી-૧૦ સેક્ટરમાં ૩.૩ એકર જમીન ફાળવી દેવામાં આવી હોવાનું અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.


પ્લોટના અંદાજે એક લાખ ચો.ફૂટ વિસ્તાર આવરી લેવામાં આવશે જ્યાં પાંચથી છ હજાર ફ્રીલાન્સર એકસાથે કામ કરી શકશે.

આ આઈટી પાર્કમાં રિસર્ચ સેન્ટર, લાઈબ્રેરી, સૉફ્ટવૅર હાઉસ, કૉન્ફરન્સ રૂમ, ફ્રીલાન્સરો માટે કામ કરવાની જગ્યા તેમ જ આઈટીનાં ઉત્પાદનોના પ્રદર્શન માટે સ્ટાર્ટઅપ પણ સ્થાપવામાં આવશે.

ખાનગી આઈટી કંપનીઓ આ પાર્ક સ્થાપવા માટે ભંડોળ પૂરું પાડશે. (એજન્સી)■




**પ્રેમથી યાદ કરીએ છીએ**



**શ્રી કિરીટ ચંદુલાલ મહેતા**

ગહન દુઃખ સાથે, અમો આ જણાવીએ છીએ કે અમારા પ્રિય **શ્રી કિરિટ ચંદુલાલ મહેતા,** સ્વ. શ્રી ચંદુલાલ હકમીચંદ મહેતા અને સ્વ. શ્રીમતી નિર્મલાબેન ચંદુલાલ મહેતાના જયેષ્ઠ પુત્ર ૯ માર્ચ, ૨૦૨૪, શનિવાર ના રોજ શાંતિપૂર્વક તેમનો આત્મા સ્વર્ગલોક તરફ પ્રસ્થાન થયેલ છે.

એક આદરણીય પિતા, પતિ, ભાઈ અને આસ્થા ટીવી તથા એનરીચ ટીવીના પ્રસ્થાપક તરીકે અનેક જીવનોને સ્પર્શીને ઉન્નતિ પામ્યા.

આપણે સૌ તેમના અદ્ભુત જીવનની શ્રદ્ધાંજલિ અને સન્માનમાં જોડાઈએ.
તારીખઃ **૧૭ માર્ચ ૨૦૨૪ રવિવારે**
સમયઃ **બપોરે ૩.૦૦ થી ૫.૦૦**
સ્થળઃ
**સંસ્કૃતિ બેન્કવેટ્સ,** દાદી શેઠ લેન, બાબુલનાથ મંદિરની બાજુમાં, ચૌપાટી, મુંબઈ ૪૦૦ ૦૦૭

**સ્નેહથી યાદ કરતાઃ**
**પત્ની** : નીના કિરીટ મહેતા
**પુત્રો** : ચેતન કિરીટ મહેતા, બડી
**પુત્રી** : ભક્તિ કિરીટ મહેતા
**ભાઈઓ** : યોગેશ ચંદુલાલ મહેતા, સુરેશ ચંદુલાલ મહેતા

**કચ્છી ભાટિયા મરણ**



**શ્રીમતી રજનીબહેન આશર**

ઉં.વ. ૮૫, તે શ્રી નવીનચંદ્ર ગોવિંદજી આશરના ધર્મપત્ની. તે સ્વ. મોતીબાઈ અને સ્વ. મથુરાદાસ હરિદાસ લાયજાવાલાનાં સુપુત્રી. શ્વેતા, પ્રણવ, ગૌરી અને સિદ્ધાર્થના માતુશ્રી. પ્રશાંત, દર્શના, રાહુલ, શીતલના સાસુજી તે બુધવાર તા. ૧૩/૩/૨૦૨૪ના અમ્બરનાથ નિવાસસ્થાને શ્રીજીચરણ પામ્યા છે.

રજનીબહેન એમની હિમ્મત, ઉદારતા અને પ્રેમના સ્વરૂપે આપણા સહુના હૃદયમાં ચિરકાળ જીવંત રહેશે
॥ ૐ શાંતિ ॥

શ્રદ્ધાંજલિ : રજનીબહેનના પ્રિય કલાકાર શ્રી શુજાત ખાન દ્વારા અર્પિત.

સ્થળ : એફ.પી.એચ. ગરવારે સભાગૃહ, લાલા લજપતરાય માર્ગ, હાજી અલી, મુંબઈ.
સમય : તા. ૧૭/૩/૨૦૨૪ સવારે ૧૧ થી બપોરે ૧૨.૩૦ કલાકે.

# ફ્લોરિડામાં જેટ સ્કિ એક્સિડન્ટમાં ભારતીય વિદ્યાર્થીનું મોત

વૉશિંગ્ટન : અમેરિકાના રાજ્ય ફ્લોરિડામાં ૨૭ વર્ષના ભારતીય વિદ્યાર્થીનું વોટરક્રાફ્ટ સાથે બીજું વોટરક્રાફ્ટ અથડાતાં આ ભારતીય વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું. સાઉથ ફ્લોરિડાના મેનલૅન્ડમાં તેલંગણાના વેંકટરામન પિટાલાએ ભાડે લીધેલું યમાહા પર્સનલ વોટરક્રાફ્ટ (પીડબ્લ્યુસી) ૧૪ વર્ષનો કિશોર ચલાવી રહેલા બીજા પીડબ્લ્યુસી સાથે અથડાતાં વેંકટરામનનું મોત થયું હતું. વેંકટરામન ઈન્ડિયાનાપોલિસની ઈન્ડિયાના યુનિવર્સિટી- પર્ડયુ યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટનો સ્ટુડન્ટ હતો અને મે મહિનામાં તેનો સ્નાતકનો અભ્યાસ પૂરો થવાનો હતો. (એજન્સી)■

# અર્જુન સિંહ ભાજપમાં 'ઘર વાપસી' માટે તૈયાર, ટીએમસીના વટાણા વેર્યા

કોલકાતાઃ અસંતુષ્ટ તૃણમૂલ કૉંગ્રેસના નેતા અર્જુન સિંહે ગુરુવારે સનસનાટીભર્યા દાવા સાથે ભાજપમાં તેમની ઘરવાપસીની જાહેરાતને સમર્થન આપ્યું હતું અને સંદેશખાલીના કથિત કિંગપિન શાહજહાં શેખ સ્થાનિક ટીએમસીના ધારાસભ્ય પાર્થ ભૌમિકના સક્રિય સમર્થન હેઠળ નૈહાટીમાં મોટી જમીન અને અન્ય મિલકતોની માલિકી ધરાવે છે તેવું નિવેદન કર્યું હતું. નૈહાટીના વર્તમાન ધારાસભ્ય હોવા ઉપરાંત, જે બેરકપોર લોકસભા મતવિસ્તાર હેઠળ આવે છે અને ઉત્તર ૨૪ પરગણા જિલ્લા આવાસ સંદેશખાલીનો ભાગ છે, ભૌમિક રાજ્યના સિંચાઈ મંત્રી પણ છે અને તૃણમૂલના પસંદ કરેલા ઉમેદવાર, એની સામે સિંહ બેરકપોરમાં ભાજપની ટિકિટ પર સામનો કરવા ઈચ્છે છે.

સિંહે એવો પણ દાવો કર્યો હતો કે ''ઓછામાં ઓછા એક ટોચના અન્ય ટીએમસી નેતા તેમની સાથે ભાજપમાં જોડાશે.'' વધુ વિગતો આપવાનો ઇનકાર કરતા, સિંહે પુષ્ટિ કરી હતી કે તેઓ ગુરુવારે સાંજે જ દિલ્હી જશે અને શુક્રવારે તેના કેન્દ્રીય મુખ્યાલયમાં ભાજપમાં જોડાશે.

ફેબ્રુઆરીમાં ગ્રામજનોના વિરોધ બાદ ભૌમિકની સંદેશખાલીની મુલાકાતનો ઉલ્લેખ કરતાં સિંહે તેમના બેરકપોર નિવાસસ્થાને પત્રકારોને જણાવ્યું હતું કે, ટીએમસીના ટોચના નેતાએ સ્થાનિક ધારાસભ્યને બદલે પાર્થ ભૌમિકને શાહજહાં અને તેના સહયોગીઓના બચાવ માટે સંદેશખાલી મોકલ્યા હતા. શેખ સાથે સંપર્કો અને ઇડીના દરોડાના પગલે તેને શેખ સાથે જોડતા પુરાવા સુરક્ષિત કરવા જરૂરી છે. સિંહે દાવો કર્યો હતો કે, ''માત્ર શેખ જ નહીં, પરંતુ તેમના સહયોગીઓ શિબા પ્રસાદ હઝરા અને ઉત્તમ સરદારે પણ નૈહાટીમાં એક પછી એક અનેક પ્લોટ અને અન્ય મિલકતો ખરીદી છે.'' ■

# અમેરિકામાં ભારતીયોને ડરાવાતા, ધમકાવાતા હોવાનો આક્ષેપ

## યુએસની ભૂમિનો દુરુપયોગ ભારત સામેની ત્રાસવાદી પ્રવૃત્તિ માટે થતો હોવાનો આક્ષેપ

વૉશિંગ્ટનઃ સિલિકોન વેલીમાંના અગ્રણી મૂળ ભારતીય અમેરિકી નાગરિકોના એક સંગઠને અમેરિકાના ન્યાય વિભાગ (ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસ), એફબીઆઇ અને પોલીસના ઉચ્ચ અધિકારીઓની સાથે બેઠક યોજી હતી અને આક્ષેપ કર્યો હતો કે અમેરિકાની ભૂમિનો ભારત સામેની ત્રાસવાદી પ્રવૃત્તિ માટે દુરુપયોગ થઇ રહ્યો છે.

મૂળ ભારતીય અમેરિકી નાગરિકોએ ફરિયાદ કરી હતી કે અમેરિકામાં અમુક શાળાઓની બહાર અને ભારતીયોની કરિયાણાની દુકાનની પાસે ખાલિસ્તાન-તરફી લોકો પોતાની ટ્રક ઊભી કરે છે અને ભારતીયોને ડરાવે - ધમકાવે છે.

મૂળ ભારતીયોના આ સંગઠને કેલિફોર્નિયામાં હિંદુઓની સામે વધેલા દ્વેષભાવભર્યા ગુના અને ગુનેગારોની સામે પગલાં લેવામાં અમેરિકાના સત્તાવાળાઓની નિષ્ક્રિયતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

અજય જૈન ભૂતોરિયાના નેતૃત્વ હેઠળ અંદાજે બે ડઝન મૂળ ભારતીય અમેરિકી નાગરિકોનું પ્રતિનિધિમંડળ સંબંધિત એજન્સીઓના ઉચ્ચ અધિકારીઓને મળ્યું હતું અને અમેરિકાના હિંદુઓ તેમ જ જૈન લોકોના ધાર્મિકસ્થળે બની રહેલા દ્વેષભાવભર્યા ગુના અંગે રજૂઆત કરી હતી.

અમેરિકાના ન્યાય વિભાગના વિન્સેન્ટ પ્લેર અને હરપ્રીતસિંહ મોખા, એફબીઆઇના અધિકારીઓ અને સેન ફ્રાન્સિસ્કો, મિલપિટાસ, ફ્રીમોન્ટ, નેવાર્કમાંના પોલીસ અધિકારીઓ આ બેઠકમાં હાજર રહ્યા હતા.

દરમિયાન, અમેરિકામાં કાયદો અને વ્યવસ્થા જાળવતી એજન્સીઓએ કબૂલાત કરી હતી કે અમે અમેરિકામાં ખાલિસ્તાનવાદીઓની પ્રવૃત્તિ અંગે અજાણ છીએ. (એજન્સી) ■

ઝાલાવાડી વિશા શ્રીમાળી

**પ્રાર્થના સભા**



જન્મઃ ૦૫-૦૭-૧૯૩૭

અરિહંત શરણઃ ૧૨-૦૩-૨૦૨૪

**સ્વ. શ્રીમતી વિમળાબેન પ્રમોદભાઈ શાહ**

**વઢવાણ નિવાસી (હાલ વાશી)**

પરિવાર જેમનું મંદિર હતું - પરિશ્રમ જેમની પૂજા હતી. પુરુષાર્થ જેમની ભક્તિ હતી...જીવનના દરેક ડગલે-કુટુંબના દરેક પગલે... પરિવારના પથદર્શક રહ્યા. સરળ જીવન, મિલનસાર સ્વભાવ, ઉત્તમ વિચારો, ઉત્કૃષ્ટ નૈતિક મૂલ્યો, જિંદગી પ્રત્યેનો સકારાત્મક દ્રષ્ટીકોણ ધરાવતા. આપની વિદાય બાદ આપની કાઢેલી પ્રાસંગીક તસવીરો સ્મૃતિ સ્વરૂપ આપ્તજનોનાં હૃદયમાં સદાય અકબંધ રહેશે.

**પ્રાર્થના સભા**

**શુક્રવાર, તા. ૧૫-૦૩-૨૦૨૪, સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે**
**સ્થળ:** એસ.એન.ડી.ટી. (SNDT) કોલેજ, રફી અહેમદ કીડવાઈ રોડ, કિંગ સર્કલ.
**વેલેટ પાર્કિંગની વ્યવસ્થા છે**

**શોકાતુર પરિવાર જનો**

| | |
|---|---|
| પતિ | સ્વ. પ્રમોદકુમાર મુલજીભાઈ શાહ |
| સાસુ-સસરા | સ્વ. શારદાબેન મુલજીભાઈ શાહ |
| માતા-પિતા | સ્વ. લહેરીબેન જીવણલાલ દોશી |
| પુત્ર-પુત્રવધુ | દિપાલી સંદીપ શાહ, દિપ્તી કુમાર શાહ |
| દિકરી-જમાઈ | બેલા અશોક વોરા, લીના સમીર કોટીચા |
| દિયર-દેરાણી | સ્વ. ગીતા સુરેશ શાહ, કુસુમ કીર્તિ શાહ, કિરણ જગદીશ શાહ |
| ભાઈ-ભાભી | સ્વ. ઉત્તમભાઈ દોશી, સ્વ. ગુણવંતી જયંતીલાલ દોશી , સ્વ. દીના ભાસ્કરભાઈ દોશી, અ. સૌ. ચંદ્રીકા ચંદ્રકાન્ત દોશી, અ. સૌ. નૂતન બીપીન દોશી |
| બેન-બનેવી | સ્વ. મંગળાબેન અનોપચંદ શાહ, સ્વ. કુંદનબેન ચંદુલાલ ઘેલાણી |
| પૌત્ર-પૌત્રી | દૃષ્ટિ કુમાર શાહ, કાવ્યા સંદીપ શાહ, વેદ સંદીપ શાહ |
| દોહિત્ર-દોહિત્રી | શ્રદ્ધા મયુર વોરા, પૂનમ ટેરેન્સ રફાયલ, વામી મોનિક કોટીચા, આયુષી શાલીન કોટીચા |
| પર દોહિત્ર | હૃદય મયુર વોરા, યુવ મોનિક કોટીચા |
| વેવાઈ-વેવાણ | સ્વ. ચંપાબેન કેશવલાલ વોરા, ગં. સ્વ. પ્રમોદાબેન કિશોરભાઈ કોટીચા, સ્વ. મૃદુલાબેન અનંતરાય ગોહિલ, શ્રીમતી પ્રેમીલાબેન ચુનીલાલ ગાલા |

લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે. નમસ્કાર પરિવારના જય જિનેન્દ્ર

# બિહાર વિધાનપરિષદમાં નીતીશ, રાબડી સહિત ૧૧ ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા

**કપોળ મરણ**
**ડેડાણવાળા**
**શ્રી મહેન્દ્ર જયંતિલાલ વોરા (વય ૭૭)**

તે સ્વ. જયંતિલાલ કેશવજી વોરા તથા સ્વ. પ્રાણકુવર જયંતિલાલ વોરાના **પુત્ર**, મોસાળ પક્ષે રાજુલાવાળા સ્વ. ચકુભાઈ જગદીશ સંઘવીના **દોહિત્ર**, સ્વ. કોકિલાબેન તથા ગં.સ્વ. સ્નેહલબેનના **પતિ**, ચિ. હેમાંગ, ચિ. ચિરાગ, ચિ. પ્રિયંકાના **પિતા**, ચિ. સોનાલીના **સસરા**, ચિ. કૃશિવના **દાદા**, વાવેરાવાળા સ્વ. પ્રાણજીવનદાસ માધવજી દોશી તથા નેસડાવાળા સ્વ. કાન્તિલાલ ધનજીભાઈ રાવળના **જમાઈ**, સ્વ. ભાનુબેન, સ્વ. મુક્તાબેન, સ્વ. વિનોદભાઈ, સ્વ. ચંદ્રાબેન, સ્વ. કીર્તિભાઈ, ગં.સ્વ. સરયુબેન, સ્વ. ભરતભાઈ, સ્વ. દિલીપભાઈ, શ્રી હરીશભાઈ તથા બહેન રક્ષાબેનના **ભાઈ**, શનિવાર તા. ૯ માર્ચ ૨૦૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

શોક સંદેશ / મેસેજ ફક્ત વોટસઅપ દ્વારા કરવા વિનંતી.

પટનાઃ બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારને ગુરુવારે રાજ્ય વિધાનપરિષદમાં સતત ચોથી ટર્મ માટે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. કુમાર ઉપરાંત, વિવિધ પક્ષોના ૧૦ ઉમેદવાર, જેઓ વિધાનપરિષદની ૧૧ બેઠકો માટે દ્વિવાર્ષિક ચૂંટણીમાં ઉભા હતા, તેમને ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. ઉપલા ગૃહમાં ચૂંટાયેલા અન્યમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન રાબડી દેવી, રાજ્ય પ્રધાન સંતોષ સુમન અને ભૂતપૂર્વ પ્રધાન મંગલ પાંડેનો સમાવેશ થાય છે.■



**PRADEEP GORADIA**
(DOB : 08/01/1961 - DOD : 13/03/2024)


*Please join us as we come together to remember & celebrate his life. We seek solace & strength through prayer.*

Son of Late Hansaben Dhirajlal Goradia
Son in law of Late Prabhaben Dhirajlal Chitalia
Wife Jayshree Pradeep Goradia
Son & daughter in law : Jimit and Pinal Goradia
Daughter & son in law : Riddhi and Hardik Vyas
Brother & sister in law : Prakash and Nayna Goradia
Sister & Brother in law : Neeta & Kirt Valia, Daksha & Niranjan Sheth,
In Grief : Hemang, Dhara, Mihir, Palak, Vedika, Prisha

**PRAYER MEETING : Friday 15th March, 5 pm - 7 pm**
Jalaram Hall, N.S. Road No. 6, JVPD, Vile Parle (W), Mumbai
VALET PARKING AVAILABLE

# દિલ્હીના શાસ્ત્રીનગરમાં આગમાં બે બાળકો સહિત ચારનાં મોત

નવી દિલ્હીઃ દિલ્હીના શાહદરાના શાસ્ત્રીનગર વિસ્તારમાં ગુરુવારે વહેલી સવારે એક રહેણાંક મકાનમાં ભીષણ આગ ફાટી નીકળ્યા બાદ બે બાળકો અને એક પરિણીત દંપતીનું ગૂંગળામણને કારણે મૃત્યુ થયું હોવાનું પોલીસે જણાવ્યું હતું. પીડિતોની ઓળખ મનોજ(૩૦), તેની પત્ની સુમન(૨૮) અને પાંચ અને ત્રણ વર્ષની બે બાળકીઓ તરીકે કરવામાં આવી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર અમને હોસ્પિટલમાંથી માહિતી મળી હતી કે ચાર લોકો- બે બાળકો અને એક પરિણીત યુગલ ગૂંગળામણને કારણે મૃત્યુ પામ્યા છે. વધુ તપાસ ચાલુ છે. પોલીસે જણાવ્યું કે શાહદરાના શાસ્ત્રી નગર વિસ્તારમાં વહેલી સવારે ૫-૨૦ વાગ્યાની આસપાસ તેમને કોલ આવ્યો હતો. દિલ્હી ફાયર સર્વિસને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું કે સ્થાનિક પોલીસની ટીમ, ચાર ફાયર ટેન્કર, એમ્બ્યુલન્સ અને પીસીઆર વાન ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી. જે બિલ્ડીંગમાં આગ લાગી તે ચાર માળની છે અને ગ્રાઉન્ડ ફ્લોર પર કાર પાર્કિંગની સુવિધા છે. તેઓએ કહ્યું કે આગ પાર્કિંગમાંથી શરૂ થઇ હતી અને ધુમાડાએ આખી ઇમારતને ઘેરી લીધી હતી. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે શેરી સાંકડી હોવા છતાં ફાયર અધિકારીઓ સ્થળ પર પહોંચીને આગ પર કાબૂ મેળવવામાં સફળ રહ્યા હતા. દરેક માળે શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ત્રણ પુરુષો, ચાર મહિલાઓ અને બે બાળકોને હેડગેવાર હોસ્પિટલમાં ખસેડાયા હતા. ■



**આગઃ** દિલ્હીના શાસ્ત્રીનગર વિસ્તારમાં લાગેલી આગમાં બે બાળક સહિત ચારનાં મોત થયાં હતાં. આગ ફાટી નીકળી હતી તે રહેવાસી ઈમારતની બહાર બચાવટુકડીના સભ્યો. (એજન્સી)

# શક્તિપીઠ હાઈવે પર ૪૮ મોટા પુલ, ૩૦ ટનલ, ૮ રેલવે ક્રોસિંગ

જે સિંગપુરઃ રાજ્યના તમામ શક્તિપીઠ ધાર્મિક સ્થળોના સર્વાંગી વિકાસ માટે તેમ જ પ્રવાસનની દૃષ્ટિએ શક્તિપીઠ હાઈવેનું કામ શરૂ થઈ રહ્યું છે. આ માર્ગ પત્રદેવી-બાંદા (સાવંતવાડી, જિલ્લો સિંધુદુર્ગ)થી દિગરાજ (જિલ્લો વર્ધા) સુધીનો કુલ ૮૦૫ કિલોમીટરનો છે. આ હાઇવે પર ૨૬ જગ્યાએ ઇન્ટરચેન્જ થશે. આ સાથે, ૪૮ મોટા પુલ, ૩૦ ટનલ, આઠ રેલવે ક્રોસિંગ છે. આ શક્તિપીઠ હાઇવે બનાવવા માટે હજારો કરોડ રૂપિયાનો ખર્ચ થશે અને ૧૨ જિલ્લાની ૨૭,૫૦૦ એકર જમીન હસ્તગત કરવામાં આવશે.

આ સુપર એક્સપ્રેસ વે માટે રાજ્ય સરકાર હજારો હેક્ટર જમીન સંપાદન કરશે. શક્તિપીઠ હાઈવેના નિર્માણ માટે રાજ્ય સરકાર ૮૫ હજાર કરોડ રૂપિયા ખર્ચવા જઈ રહી છે. આ હાઇવેનું ભૂમિપૂજન ૨૦૨૫માં થશે અને તેને ૨૦૩૦માં સામાન્ય લોકો માટે ખુલ્લો મૂકવામાં આવશે. હાલમાં નાગપુરથી ગોવા પહોંચવામાં રોડ માર્ગે ૧૮ કલાકનો સમય લાગે છે, પરંતુ શક્તિપીઠ હાઈવેના નિર્માણ બાદ આ મુસાફરી માત્ર આઠ કલાકની થઈ જશે. આ માર્ગ રાજ્યમાં ત્રણ શક્તિપીઠોને જોડશે, તેથી આ હાઈવેને શક્તિપીઠ હાઈવે કહેવામાં આવશે. ઉપરાંત આ રૂટ ઔંધા નાગનાથ અને પરલી વૈજનાથના બે જ્યોતિર્લિંગ મંદિરોને પણ જોડશે. સિક્સ લેનનો આ હાઈવે મહારાષ્ટ્રના વર્ધા, યવતમાલ, હિંગોલી, નાંદેડ, પરભણી, બીડ, લાતુર, ધારાશિવ, સોલાપુર, સાંગલી, કોલ્હાપુર, સિંધુદુર્ગ જેવા ૧૨ જિલ્લાઓમાંથી પસાર થશે.

# ડોંબિવલીથી લીધેલી ટિકિટ ગુજરાતીમાં છપાઇને આવી

મુંબઈઃ હાલમાં મધ્ય રેલવે એક નવા કારણે ચર્ચામાં આવી છે. ડોંબિવલી સ્ટેશન પર ડોંબિવલીથી ઘાટકોપર માટે ટિકિટ લેનારા પ્રવાસીને ગુજરાતીમાં રેલવે ટિકિટ પ્રિન્ટ કરીને આપવામાં આવતા સોશિયલ મીડિયા પર આ ટિકિટનો ફોટો વાઇરલ થઈ રહ્યો છે. જોકે, મધ્ય રેલવેના અધિકારીએ દોષનો ટોપલો બગડેલાં પ્રિન્ટર પર ઢોળીને હાથ ઊંચા કરી દીધા હતા. આ ટિકિટ ડોંબિવલી સ્ટેશન પરથી છઠ્ઠી માર્ચના ખરીદવામાં આવી છે. ડોંબિવલીમાં આવેલા વિવિધ રાજકીય પક્ષો દ્વારા આ વિવાદાસ્પદ ટિકિટને લઈને ઉગ્ર પ્રતિક્રિયાઓ આપવામાં આવી રહી છે. જોકે, ભાજપ અને મહાયુતિના સમર્થકો આ ટિકિટ ગુજરાતી લિપીમાંથી છાપવામાં આવી એવો દાવો કરી રહ્યા છે. મધ્ય રેલવેના અધિકારીઓને જ્યારે આ ટિકિટ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે એવું કારણ આપ્યું હતું કે ટિકિટ પ્રિન્ટ કરી રહેલાં પ્રિન્ટરમાં ટેક્નિકલ એરર આવી રહી હતી અને એને કારણે ટિકિટ ગુજરાતી ભાષામાં છપાઈ હતી.

# દુનિયાની ટોપ ૫૦ સેન્ડવિચમાં મુંબઈના પ્રખ્યાત વડા પાંઉ ૧૯મા ક્રમાંકે

મુંબઈઃ મુંબઈના વડા પાંઉને દુનિયાની સૌથી વધુ લોકપ્રિય અને ખવાતી એવી ટોપ ૫૦ સેન્ડવિચમાં ૧૯મું સ્થાન આપવામાં આવ્યું છે. એક ખૂબ જ ફેમસ ટ્રાવેલ ગાઈડ દ્વારા દુનિયાની સૌથી ફેમસ એના લોકપ્રિય ૫૦ સેન્ડવિચની યાદી તૈયાર કરવામાં આવી હતી જેમાં વડા પાંઉને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે આ યાદીમાં વડા પાંઉનું સ્થાન ૧૩મું હતું અને આ વર્ષે તે ૧૯મા સ્થાને પહોંચી જતા તેની લોકપ્રિયતામાં ચોક્કસ જ થોડો ઘટાડો જોવા મળ્યો છે.

આ યાદીમાં વિયેતનામની બન્હ મી સેન્ડવિચ પહેલાં સ્થાને તો ટર્કીની ટોમ્બિક સેન્ડવિચે બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે લેબનોનની શોરમાં સેન્ડવિચે આ યાદીમાં ત્રીજું સ્થાન હાંસિલ કર્યું છે.

ટેસ્ટ એટલાસ દ્વારા કરવામાં આવેલા દાવા અનુસાર ૧૯૬૦-૭૦ના દાયકામાં અશોક વૈદ્ય નામના મરાઠી માણુસે દાદર રેલવે સ્ટેશનની બહાર આ વડા પાંઉ બનાવવાની શરૂઆત કરી હતી અને અને ત્યાંથી આ વડા પાંઉ આખા મુંબઈ અને દેશ દુનિયામાં પહોંચીને લોકપ્રિય થયો હતો.

**મરાઠા ક્વોટા**

# શિંદે કમિટીને ૩૦ એપ્રિલ સુધી એક્સટેન્શન

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે મરાઠા સમુદાયના કુણબી રેકોર્ડની તપાસ માટે ગયા વર્ષે રચાયેલી સંદીપ શિંદે સમિતિને ૩૦ એપ્રિલ સુધી લંબાવી દીધી છે.

આ સમિતિની રચના ૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ કરવામાં આવી હતી.

મરાઠાઓને કુણબી જાતિ પ્રમાણપત્ર આપવામાં આવે એવી (જેથી તેઓ ઓબીસી ક્વોટાનો લાભ લઈ શકે) ક્વોટા કાર્યકર્તા મનોજ જરાંગેની માગના જવાબમાં સરકારે કહ્યું હતું કે જે મરાઠાઓ જૂના રેકોર્ડ્સ રજૂ કરી શકે છે જેમાં તેઓ અથવા તેમના પૂર્વજો કુણબી-મરાઠા તરીકે ઓળખાય છે તેમને આવા પ્રમાણપત્રો આપવામાં આવશે.

બુધવારે એક સરકારી ઠરાવમાં જણાવ્યું હતું કે સમિતિને નિઝામ-યુગના રેકોર્ડ્સ મેળવવા માટે હૈદરાબાદની મુલાકાત લેવી પડશે અને મહારાષ્ટ્રમાં પુરાતત્ત્વીય રેકોર્ડની તપાસ કરવી પડશે તેથી તેમને વધુ બે મહિનાનો સમય લાગશે. મરાઠા સમુદાયના સભ્યોને સરકારી નોકરીઓ અને શિક્ષણમાં ૧૦ ટકા અનામત આપતું બિલ ગયા મહિને રાજ્ય વિધાનસભાના વિશેષ સત્રમાં પસાર થયું હતું.

મહારાષ્ટ્ર સરકારના પગલા પર વચગાળાના સ્ટેની માગણી કરતી કેટલીક વ્યક્તિઓએ બોમ્બે હાઈ કોર્ટમાં અરજી કરી છે. (પીટીઆઈ)

# ખુદાબક્ષો હવે જરા સંભાળીને લોકલમાં રાતના સમયે મળશે 'બેટમેન'

મુંબઇઃ મુંબઇની લોકલ ટ્રેનમાં રાતના આઠ નવ વાગ્યા પછી ટિકિટચેકર લગભગ હોતા જ નથી અને ટ્રેનોમાં ખુદાબક્ષ મુસાફરોને મોકળુ મેદાન મળી જાય છે. લેડિઝ ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં કે પછી એસી ટ્રેનોમાં તો આવા ખુદાબક્ષ મુસાફરોની સંખ્યા તો ટિકિટ લઇને પ્રવાસ કરનારા લોકોથી પણ વધારે હોય છે. આ અંગે વારંવાર રેલવેને ફરિયાદો પણ મળે છે. લોકોની ફરિયાદોનો નિવેડો લાવવા માટે પ. રેલવેએ એક ટીમ બનાવી છે, જે રાતના સમયે સ્ટેશનો પર ટિકિટ ચેક કરશે. આ ટીમને નામ આપવામાં આવ્યું છે 'બેટમેન સ્ક્વોડ'. આ નામનો અર્થ થાય છે - બી અવેર ટીટીઇ મેનિંગ એટ નાઇટ. આ નામ અંગ્રેજી શબ્દ બેટમેન પરથી લેવાનાં આવ્યો છે.

આ અંગે માહિતી આપતા રેલવેના એક અધિકારીએ જણાવ્યું હતું કે આ અભિયાનની શરૂઆત ૧૧ માર્ચની રાતથી જ કરવામાં આવી છે, જે અંતર્ગત અત્યાર સુધીમાં લગભગ અઢી હજાર ખુદાબક્ષ મુસાફરો સામે કાર્યવાહી કરવામાં આવી છે, જેને કારણે રેલવેને લગભગ સાડા છ લાખ રૂપિયાની આવક પણ થઇ છે. રેલવેએ જણાવ્યું હતું કે 'બેટમેન સ્ક્વોડ'નું કામ માત્ર ટિકિટ ચેક કરવાનું જ નથી, પણ રેલવે સ્ટેશનો પર રાત્રે થતી ગતિવિધિઓ પર નજર રાખવાનું પણ છે. આવી તકેદારી રાખવાથી મહિલા પ્રવાસીઓને પણ ફાયદો થશે. રાતના સમયે લેડિઝ કોચમાં 'બેટમેન સ્ક્વોડ'ના ચેકિંગને કારણે તેઓ સુરક્ષીત અનુભવશે.

સૌથી વધુ ફાયદો તો એસી ટ્રેનમાં પ્રવાસ કરતા લોકોને થશે કારણ કે રાતના સમયે બધાને ખબર જ હોય છે કે ટીસી તો હોવાના નથી અને લોકો બિન્દાસ એસી ટ્રેનમાં ચઢી જતા હોય છે, જેને કારણે સામાન્ય ટ્રેન કરતા પાંચ ગણી કિંમતે ટિકિટ, પાસ ખરીદીને એસી ટ્રેનમાં પ્રવાસ કરનારા લોકોને ભારે મુશ્કેલી પડે છે. તેમને બેસવાની પણ જગ્યા નથી મળતી. રેલવેને સોશિયલ મીડિયા પર રોજની આવી અનેક ફરિયાદો મળે છે.

આ ફરિયાદોના નિવારણ માટે જ રેલવેએ 'બેટમેન સ્ક્વોડ' રાખવાનો નિર્ણય લીધો છે. પશ્ચિમ રેલવેના મુંબઇ વિભાગે ડિજિટલ ટિકિટને પ્રોત્સાહન આપવા માટે અભિયાન પણ છેડ્યું છે જેને કારણે યુટીએસ મોબાઇલ એપ્લિકેશન અને ઓનલાઇન પાસ ધરાવતા લોકોની સંખ્યામાં પણ ખાસ્સો વધારો થયો છે.

# ૧૯ વર્ષથી સજા ભોગવી રહેલો આરોપી ગુના સમયે સગીર હતો

## આરોપીને તાત્કાલિક મુક્ત કરવા હાઈ કોર્ટનો આદેશ

મુંબઈઃ બળાત્કારના આરોપ હેઠળ છેલ્લા ૧૯ વર્ષથી જેલમાં બંધ આરોપી બનાવ સમયે સગીર હોવાનું બહાર આવતાં હાઇ કોર્ટે તેને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ કર્યો. આરોપીની જન્મતારીખની ચકાસણી કર્યા બાદ જસ્ટિસ અજય ગડકરી અને જસ્ટિસ શ્યામ ચાંડકની બેન્ચે નોંધ્યું હતું કે જ્યારે ગુનો આચરવામાં આવ્યો ત્યારે તે સગીર હતો. તેથી તેને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

પોલીસે આરોપી પિન્ટુ ચૌહાણ સામે એપ્રિલ ૨૦૦૫માં બળાત્કારનો કેસ નોંધ્યો હતો. થાણેની સેશન કોર્ટે તેને આ ગુના માટે દોષિત ઠેરવી ૯ ડિસેમ્બર ૨૦૦૫ના રોજ આજીવન કેદની સજા ફટકારી હતી. ત્યારથી આરોપી નાસિકની સેન્ટ્રલ જેલમાં બંધ હતો. બાદમાં તેણે જેલમાંથી વહેલા મુક્ત થવા માટે અરજી કરી હતી, જેને રાજ્ય સરકારે ફગાવી દીધી હતી.

ગુના સમયે તે સગીર હોવાના દાવાને આધારે ૨૦૨૧માં તેણે ફરી હાઈ કોર્ટમાં અરજી કરી હતી. તેના દાવાની નોંધ લીધા બાદ, પોલીસ દ્વારા તેના શાળાના પ્રમાણપત્ર અને અન્ય દસ્તાવેજોની ચકાસણી કરાતા તેની જન્મતારીખ સંબંધિત દસ્તાવેજોએ સત્ય જાહેર કર્યું. કેસ દાખલ કરતી વખતે આરોપીની ઉંમર ૧૬ વર્ષની હતી. આને ધ્યાનમાં રાખીને, કોર્ટે સ્પષ્ટ કર્યું કે જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટની જોગવાઈઓ ચૌહાણને લાગુ પડે છે. તેમજ તેમને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ કર્યો હતો.

# અખબારના ભૂતપૂર્વ ફોટોગ્રાફરની હત્યા

## મહિલાએ કાવતરું ઘડીને શૂટરને હત્યા કરવાનું કહ્યું હતુંઃ પોલીસ

નાગપુરઃ નાગપુરમાં અખબારના ભૂતપૂર્વ ફોટોગ્રાફરની હત્યાના કેસની તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ફોટોગ્રાફરના જેની સાથે સંબંધ હતા એ મહિલાએ તેની હત્યાનું કાવતરું ઘડ્યું હતું અને શૂટરને હત્યા કરવાનું કહ્યું હતું.

ફોટોગ્રાફર વિનય ઉર્ફે બબલુ પુણેકર (૫૪)ની તેના નિવાસસ્થાને ૨૩ ફેબ્રુઆરીએ ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસે આ કેસમાં સાક્ષી ગ્રોવર (૩૬) નામની મહિલાની ધરપકડ કરી હતી, જ્યારે શૂટર હેમંત શુકલાની શોધ ચલાવી હતી.

પૂછપરછ દરમિયાન સાક્ષીએ હત્યા સાથે કોઇ સંબંધ ન હોવાનું જણાવ્યું હતું. જોકે પોલીસે તેના શુકલા સાથેના ડિલિટ વ્હૉટ્સઍપ ચેટ્સ પાછા મેળવતાં તેણે જ પુણેકરની હત્યા માટે શુકલાને ઉશ્કેર્યો હોવાનું બહાર આવ્યું હતું. સાક્ષીની સૂચના પરથી શુકલાએ પુણેકરને બે ગોળી મારી હતી. બંને ગોળી અલગ અલગ રિવોલ્વરથી મારી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર સાક્ષી મધ્ય પ્રદેશની વતની છે. તેનાં લગ્નનાં થોડાં વર્ષ બાદ મૃત્યુ પામ્યો હતો. બાદમાં પુણેકર સાથે તેણે સંબંધ બાંધ્યો હતો. હાલ તે શુકલા સાથે રિલેશનશિપમાં હતી. શુકલાને શંકા હતી કે સાક્ષી હજી પણ પુણેકર સાથે સંબંધ રાખે છે. જેથી તેણે વાંધો ઉઠાવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

વ્હૉટ્સઍપ ચેટ પરથી પોલીસે શોધી કાઢ્યું હતું કે ૨૨ ફેબ્રુઆરીએ સાક્ષીએ શુકલાને કૉલ કરીને પુણેકરની હત્યા કરવા કહ્યું હતું. સાક્ષીએ હિંદીમાં મેસેજ લખ્યો હતો, 'અગર મૈં ઉસકા ઘર દિખા દૂં તો ક્યા તુમ ઉસકો માર દોગે?'

આ મેસેજ પરથી પોલીસને સાક્ષીની ભૂમિકા પર શંકા ગઇ હતી, જેથી તેની આકરી પૂછપરછ કરતાં તેણે ગુનો કબૂલ કર્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ)

# મુંબઈ પોલીસની ડ્યુટી ફરી આઠ કલાકની થશે?

મુંબઈઃ મુંબઈ પોલીસની આઠ કલાકની ડ્યુટીનો મુદ્દો ફરી એકવાર ચર્ચામાં છે. કોરોનાના કારણે વિક્ષેપિત થયેલ આઠ કલાકના ડ્યુટી શેડ્યૂલને પુનઃસ્થાપિત કરવા માટે વિચારણા કરવામાં આવી રહી છે. હાલમાં મુંબઈના મોટા ભાગના પોલીસ સ્ટેશનોમાં આઠ કલાકની ડ્યુટીનો અમલ થતો ન હોવાથી તેનો ૧૦૦ ટકા અમલ થાય તેવા પ્રયાસો થઈ રહ્યા છે. પોલીસ અધિકારીઓને અપૂરતા માનવબળના કારણે બાર કલાકથી વધુ સમયની ડ્યુટી કરવી પડે છે. જેની અસર તેમના સ્વાસ્થ્ય પર પણ થાય છે અને તેઓ તેમના પરિવાર સાથે પૂરતો સમય ફાળવી શકતા નથી. આથી મુંબઈ પોલીસ દળમાં આઠ કલાક ડ્યુટી કરવાની માંગે જોર પકડ્યું છે. ૨૦૧૬માં તત્કાલીન પોલીસ કમિશનર દત્તા પડસલગીકરે પોલીસની આ માગણી કરી હતી. મુંબઈ પોલીસ દળમાં હાલમાં ભરતી પ્રક્રિયા ચાલી રહી છે, તેથી ફરી એકવાર આઠ કલાકની ડ્યુટીની માગ વેગ પકડવા લાગી છે. તાજેતરમાં આ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. તેમજ તમામ પોલીસ સ્ટેશનમાં ફરી આ પ્રયોગ શરૂ કરવા કમિટી નિયુક્ત કરીને પરિસ્થિતિની સમીક્ષા કરવાનો નિર્ણય લેવાયો છે.


**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નંબર ડે.ચી.એ. / S.I.C/૧૩૭૫૧/ તારીખઃ ૧૪/૦૩/૨૦૨૪

ઈ-ટેન્ડર નોટિસ

| | |
|---|---|
| વિભાગ | શહેર એન્જિનિયર |
| પેટા-વિભાગ | ડે. શહેર એન્જિનિયર (સ્કૂલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેલ) |
| વિષય | ૧. K/W વોર્ડમાં હાલના ઓશીબારા મ્યુનિસિપલ સ્કૂલ (G+૪ સ્ટોરે)નું ડિમોલિશન. (ટેન્ડર દસ્તાવેજ નં. ૨૦૨૪_MCGM_ ૧૦૩૪૮૯૫)<br>૨. P/S વોર્ડમાં હાલના પહાડી મ્યુનિસિપલ સ્કૂલ (G+૩ ફ્લોર) RCC સ્ટ્રક્ચર ગોરેગાંવનું ડિમોલિશન. (ટેન્ડર દસ્તાવેજ નં. ૨૦૨૪_MCGM_ ૧૦૩૪૮૯૯)<br>૩. F/S વોર્ડમાં બારાદેવી મ્યુનિસિપલ સ્કૂલની સ્ટ્રક્ચરલ સમારકામ અને અપગ્રેડેશન. (ટેન્ડર દસ્તાવેજ નં. ૨૦૨૪_MCGM_ ૧૦૩૪૯૯૬)<br>૪. G/N વોર્ડમાં ધારાવી ડિવિઝનમાં શ્રમીક વિદ્યાપીઠ મ્યુનિસિપલ સ્કૂલ (ટેમ્પોરરી સ્ટ્રક્ચર)નું ડિમોલિશન અને પુનઃ બાંધકામ (ટેન્ડર દસ્તાવેજ નં. ૨૦૨૪_MCGM_ ૧૦૩૪૯૩૭) |
| ટેન્ડર-વેચાણ | તા. ૧૫/૦૩/૨૦૨૪ સમયઃ ૧૧.૦૦ (સવાર)થી તા. ૨૨/૦૩/૨૦૨૪ સમયઃ ૧૨.૦૦ (સુધી) (ક્ર. ૧&૨ માટે)<br>તા. ૧૫/૦૩/૨૦૨૪ સમયઃ ૧૧.૦૦ (સવાર)થી તા. ૨૭/૦૩/૨૦૨૪ સમયઃ ૧૨.૦૦ (સુધી) (ક્ર. ૩&૪ માટે) |
| વેબસાઈટ | http://portal.mcgm.gov.in |
| સંપર્ક ઓફિસર નામ ટેલિ.(ઓફિસિઅલ) ઈમેલ- સરનામું | ૧. શ્રી. S. M. પાટીલ, આસિસ્ટન્ટ એન્જિનિયર (SIC) Z-IV (ક્ર.૧ & ૨ માટે) ફોન - ૦૨૨-૨૪૩૮૧૮૩૫ એક્ષ્ટે.-૨૨૩ મો. નં. ૯૮૨૦૧૧૩૪૫૭ aesic04.ce@mcgm.gov.in<br>૨. શ્રી. A. G. જમાડે, આસિસ્ટન્ટ એન્જિનિયર (SIC) Z-II (ક્ર.૩ & ૪ માટે) ફોન - ૦૨૨-૨૪૩૮૧૮૩૫ એક્ષ્ટે.-૨૧૩ મો. નં. ૯૭૬૯૭૧૦૫૫૬ ઈમેલઃ aesic03.ce@mcgm.gov.in |

સહી/-
શ્રી. M.S. ઉબાલે
ડે. શહેર એન્જિનિયર
(સ્કૂલ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેલ)

PRO/3471/ADV./2023-24

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો


# નાગપુર પોલીસે જમીન હડપવાના કેસમાં ૧૮ આરોપીઓ વિરુદ્ધ એમસીઓસીએ લગાવ્યો

*નાગપુરઃ* નાગપુરમાં વૃદ્ધાની જમીન છેતરપિંડીથી વેચી મારવાના કેસમાં ૧૮ આરોપી વિરુદ્ધ પોલીસે મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ) લગાવ્યો છે.

ગજાનન નગરની નવજીવન કોલોનીમાં રહેતી ૬૩ વર્ષની વૃદ્ધાની મૌજા નારા વિસ્તારમાંની ૩,૦૦૦ સ્કવેર ફૂટની જમીન ઇમામ ખાન રહીમ ખાન નામના શખસને બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને વેચી દેવામાં આવી હતી. આની જાણ વૃદ્ધાને થયા બાદ તેણે ૬ નવેમ્બર, ૨૦૨૩ના રોજ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, એમ ડીસીપી (ઝોન-૨) રાહુલ મદનેએ કહ્યું હતું.

તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીઓએ આધાર કાર્ડ, પેન કાર્ડ અને સેલ ડીડ સહિતના બનાવટી દસ્તાવેજો તૈયાર કર્યા હતા. રજિસ્ટ્રાર ઓફિસના કર્મચારી સાથે ખાનની મિત્રતા હતી, જેણે જમીનના મૂળ દસ્તાવેજો કાઢી આપ્યા હતા અને આરોપીઓએ બનાવટી દસ્તાવેજો તૈયાર કર્યા હતા. દરમિયાન આરોપીઓના નિવાસસ્થાનો તથા વાહનોની તલાશી લેવામાં આવતાં પોલીસને જમીનની નોંધણીઓ, બનાવટી ઓળખપત્રો, જમીનના મૂળ દસ્તાવેજો, નકલી નોન-એગ્રિકલ્ચર (એનએ) ઓર્ડર પેપર્સ, બનાવટી ચલણ, ટિકિટો અને રબર સ્ટેમ્પ પેપર્સ મળી આવ્યાં હતાં. પોલીસને જમીન સંબંધી ગુનાઓમાં આરોપીઓની સંડોવણી અને કાવતરા અંગેના પુરાવા મળી આવ્યા હતા. આરોપીઓ સંગઠિત ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હોવાને કારણે તેમની સામે એમસીઓસીએ લગાવવાનો નિર્ણય લેવાયો હતો.

હાલ પાંચ આરોપી કસ્ટડીમાં છે, જ્યારે બાકીનાને જામીન મળી ચૂક્યા છે. પોલીસે જામીન પર મુક્ત આરોપીઓના જામીન રદ કરવાની પ્રક્રિયા હાથ ધરી છે અને ધરપકડ કરાયેલા આરોપીઓને નોટિસ પાઠવી છે. પોલીસે ખાનની આલીશાન કાર અને રૂ. ૧૨ લાખની બનાવટી નોટો જપ્ત કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

# ધરપકડ કરાયેલી વ્યક્તિઓની પ્રતિષ્ઠા, ગોપનીયતાનું રક્ષણ કરોઃ ડીજીપી

મુંબઈઃ મહારાષ્ટ્રના પોલીસ મહાનિર્દેશકે બોમ્બે હાઈકોર્ટના તાજેતરના નિર્દેશને અનુરૂપ રાજ્યભરના તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જને એક પરિપત્ર જારી કર્યો છે. પરિપત્રનો હેતુ પોલીસ કસ્ટડીમાં ખાસ કરીને આરોપીની ગરિમા અને ગોપનીયતા સુરક્ષિત રાખવાનો છે .

તે પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જને એ પણ આદેશ આપે છે કે પોલીસ સ્ટેશનમાં લોક-અપની આજુબાજુમાં સ્થાપિત સીસીટીવી કેમેરા કાર્યરત સ્થિતિમાં જાળવવામાં આવે અને સ્ટેશનના અધિકારીઓ સીસીટીવી ફૂટેજ પર નજીકથી નજર રાખે.

આ પરિપત્ર વકીલ એડવોકેટ કૃપાશંકર પાંડે દ્વારા, ગયા વર્ષે જુલાઈમાં જામીનપાત્ર આરોપો પર ધરપકડ કરાયેલા સંગીત શિક્ષકની પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને અનુસરે છે. શિક્ષકે કથિત રીતે એક વિદ્યાર્થીને અશ્લીલ વીડિયો બતાવ્યા બાદ, સાત રસ્તા પોલીસ લોક-અપમાં કથિત રીતે ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખવામાં આવ્યો હતો અને હેરાન કરવામાં આવ્યો હતો.

તાજેતરની સુનાવણી દરમિયાન, ન્યાયમૂર્તિ રેવતી મોહિતે ડેરે અને ન્યાયધીશ મંજુષા દેશપાંડેની બનેલી બેન્ચે નોંધ્યું હતું કે હાલના મહારાષ્ટ્ર સરકારના પરિપત્રો પોલીસ લોક-અપ્સમાં અટકાયતીઓને હેરાન કરવાના મુદ્દા પર ધ્યાન આપતા નથી. કોર્ટે સરકારને આવી વ્યક્તિઓની ગરિમા અને ગોપનીયતાની સુરક્ષા માટે પગલાંની રૂપરેખા આપવા જણાવ્યું હતું.

# સાઇબર ફ્રોડ કરનારને સીમકાર્ડ પૂરા પડનારની બાન્દ્રાથી ધરપકડ

મુંબઈઃ ઓનલાઇન સ્કેમ કરવા માટે આરોપીઓને સીમકાર્ડ પૂરા પાડનાર ૨૫ વર્ષના યુવાનની બાન્દ્રા પોલીસે ધરપકડ કરી હતી. અજય બિરહાડે નામનો આ આરોપી મૂળ જળગાવના અમળનેર ગામનો રહેવાસી છે. બિરહાડેએ રાજસ્થાનના અલવારમાં ૫૦૦ સીમકાર્ડ સાઇબર ફ્રોડ કરનાર લોકોને આપી દેશભરના હજારો નાગરિકો સાથે છેતરપિંડી કરી હતી. બાન્દ્રામાં રહેનાર મુસા મોહીયોઉદ્દીન શેખ નામના એક વૃદ્ધ સાથે બિરહાડેએ વેચેલા સીમકાર્ડથી છેતરપિંડી કરવામાં આવી હતી. આરોપીઓએ મધુકર ગાવીત નામથી એક બનાવટી ફેસબુક એકાઉન્ટ બનાવ્યું હતું. આ એકાઉન્ટથી સેન્ટ્રલ રિઝર્વ પોલીસના ઘરનો સમાન સસ્તા ભાવે વેચવો છે એવું શેખને કહેવામાં આવ્યું હતું. આ વાતને લઈને શેખે વસ્તુઓ ખરીદવામાં રસ ધરાવતા ૨૭ ડિસેમ્બર ૨૦૨૩થી એક માર્ચ ૨૦૨૪ દરમિયાન ૧,૭૬,૫૦૦ રૂપિયા જુદા જુદા બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા. જોકે કોઈપણ સામાન ન મળતા પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જાણી શેખે સાઇબર સેલમાં ફરિયાદ નોંધાવી હતી, ત્યારબાદ પોલીસે આ કેસની તપાસ શરૂ કરી હતી. આ કેસને લઈને પોલીસ અધિકારીએ કહ્યું હતું કે આ કેસની તપાસ શરૂ કરી અજ્ઞાત આરોપીઓ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસની વધુ તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે આરોપીઓએ બનાવટી દસ્તાવેજો વડે સીમકાર્ડ ખરીદ્યા હતા. આ સીમકાર્ડની તપાસ કર્યા બાદ અજય બિરહાડેના નામે આ સીમકાર્ડ હતું અને તેણે સાઇબર ફ્રોડ કરનારને સીમકાર્ડ આપ્યા હોવાની ગુપ્ત માહિતી પોલીસને મળી હતી. ત્યારબાદ બિરહાડેની ધરપકડ કરી તેમની પૂછપરછ કરવામાં આવતા તેણે ૫૦૦ જેટલા સીમકાર્ડ રાજસ્થાનમાં વેચ્યા હોવાની કબૂલાત કરી હતી.

**આઈએસઆઈએસ મોડ્યુલ કેસ**

# સાતારાના દુકાનમાલિક પાસેથી લૂંટેલી રોકડનો ઉપયોગ બૉમ્બ બનાવવા કરાયો

પુણેઃ આઈએસઆઈએસ મોડ્યુલ કેસમાં ગયા વર્ષે ધરપકડ કરવામાં આવેલા ત્રણ આરોપીએ સાતારામાં સાડીની દુકાનના માલિક પાસેથી રોકડ લૂંટી હતી અને એ નાણાંનો ઉપયોગ બૉમ્બ બનાવવા માટેની સામગ્રી ખરીદવા કરાયો હોવાનું મહારાષ્ટ્ર એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ)ના અધિકારીએ બુધવારે જણાવ્યું હતું.

નૅશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટ ઑફ ઈરાક ઍન્ડ સિરિયા (આઈએસઆઈએસ)ના કથિત મોડ્યુલનો પર્દાફાશ કરી ત્રણેય આરોપીની ધરપકડ કરી હતી. એટીએસે ત્રણ આરોપી મોહમ્મદ શાહનવાઝ આલમ શફીઉજમા ખાન, મોહમ્મદ યુનુસ મોહમ્મદ યાકુબ સાકી અને ઝુલ્ફીકાર અલી બરોડાવાલાની કેન્દ્રીય એજન્સી પાસેથી કસ્ટડી મેળવી હતી. ત્રણેય આરોપીને બુધવારે વિશેષ એટીએસ કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા. કોર્ટે આરોપીને ૨૧ માર્ચ સુધીની એટીએસ કસ્ટડી ફટકારી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ યુનુસ અને તેના સાથી મોહમ્મદ ઈમરાન મોહમ્મદ યુનુસ ખાનને ૧૮ જુલાઈ, ૨૦૨૩ના રોજ પુણેના કોથરુડ વિસ્તારમાંથી વાહનચોરીનો પ્રયાસ કરતી વખતે પકડી પાડવામાં આવ્યા હતા. તે સમયે શાહનવાઝ ફરાર થઈ ગયો હતો, પરંતુ પછીથી દિલ્હી પોલીસે તેને પકડી પાડ્યો હતો.

પકડાયેલા આરોપીઓની પૂછપરછ બાદ એનઆઈએએ બરોડાવાલાની ધરપકડ કરી હતી. એટીએસનાં સૂત્રોએ જણાવ્યું હતું કે પુણેના કોંઢવા પરિસરમાં રહેતા હતા ત્યારે યુનુસ અને શાહનવાઝ આલમે ૮ એપ્રિલ, ૨૦૨૩ના રોજ સાતારામાં પિસ્તોલની ધાકે સાડીની દુકાનના માલિકને લૂંટ્યો હતો. દુકાનમાલિક પાસેથી આરોપીઓને એક લાખ રૂપિયા મળ્યા હતા. આ રકમમાંથી બન્ને આરોપી અને બરોડાવાલાએ બૉમ્બ બનાવવા માટેની સામગ્રી ખરીદી હતી. એટીએસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)


BRIHANMUMBAI MAHANAGARPALIKA

ચી.એ/BM/૨૨૯૯૩ તા. ૧૪/૦૩/૨૦૨૪

ટુંકી ઈ-ટેન્ડર નોટિસ

| | |
|---|---|
| વિભાગ | ચી.એ. (BM) |
| પેટા-વિભાગ | ડે.ચી.એ (BM) સબ. |
| ટેન્ડર નંબર | ૨૦૨૪_MCGM_૧૦૩૪૯૪૬_૧ |
| વિષય | શાહજી રાજે ભોસલે ક્રિડા સંકુલ, અંધેરી (પ), મુંબઈ-૪૦૦૦૫૩ ખાતે આવેલ સ્પોર્ટસ ટ્રેનિંગ સેન્ટર બિલ્ડિંગ (હોસ્ટેલ બિલ્ડિંગ)નું સમારકામ |
| ટેન્ડર-વેચાણ તારીખ અને સમય<br>વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૧૫.૦૩.૨૦૨૪ સ. ૧૧.૦૦ કલાકે.<br>૨૬.૦૩.૨૦૨૪ સાં. ૧૬.૦૦ સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | A.E. (BM) WS/S.E. (BM) WS |
| નામ | શ્રીમતી. કલ્પના દળવી/ શ્રી. રાઘવેન્દ્ર બહેતી |
| ટેલિફોન નંબર | ૯૮૭૦૦૭૯૫૩૭ / ૯૭૬૮૯૦૭૩૫૨ |
| ઈમેલ-Id | ae10hic.pd@mcgm.gov.in / se05ws.bm@mcgm.gov.in |

સહી/-
ડે.ચી.એ. (BM) સબ્સ.

PRO/3465/ADV./2023-24

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો

# સંસ્કૃતિ નું સન્માન

## યુપીનું વધતું માન



### શ્રી અયોધ્યા ધામમાં ભવ્ય
### શ્રી રામ મંદિરનું નિર્માણ

- શ્રી કાશી વિશ્વનાથ ધામનું વિકાસ
- પ્રયાગરાજ મહાકુમ્ભ-૨૦૨૫ની માટે ૨,૬૦૦ કરોડની વ્યવસ્થા
- અયોધ્યામાં દિવ્ય-ભવ્ય દિપોત્સવ, કાશીમાં દેવ-દિવાળી, મથુરામાં શ્રી કૃષ્ણોત્સવ, રંગોત્સવ અને બ્રજ રજોત્સવ
- તમામ ૭૫ જિલ્લામાં જિલ્લા પર્યટન અને સંસ્કૃતિ પ્રોત્સાહન પરિષદની રચના
- રિકોર્ડ ૪૪ કરોડથી અધિક પર્યટકોને ઉત્તર પ્રદેશને મનપસંદ સ્થળ બનાવ્યું
- અયોધ્યા ધામ, નૈમિષ તીર્થ, શુક્ર તીર્થ અને સોરોં શૂકર તીર્થ ક્ષેત્રના વિકાસ અને સાંસ્કૃતિક ધરોહરોંની પુનર્પ્રતિષ્ઠાના માટે ઉત્તર પ્રદેશ બ્રજ તિર્થ વિકાસ પરિષદ, શ્રી વિંધ્ય ધામ તીર્થ વિકાસ પરિષદ, શ્રી ચિત્રકૂટ ધામ તીર્થ વિકાસ પરિષદ, શ્રી નૈમિષારણ્ય ધામ તીર્થ વિકાસ પરિષદ, શ્રી અયોધ્યાજી તીર્થ વિકાસ પરિષદની રચના
- શ્રી અયોધ્યા ધામમાં રામ પથ, ધર્મ પથ, જન્મભૂમી પથ, ભક્તિ પથનું નિર્માણ
- અયોધ્યાથી ચિત્રકૂટ સુધી રામ વન ગમન પથનું નિર્માણ
- વારાણસી, કુશીનગર, શ્રાવસ્તી અને સંકિસામાં બૌદ્ધ સંમેલન
- મગહરમાં સંત કબીર એકેડમીનું નિર્માણ
- વારાણસી અને મગહરમાં કબીર ઉત્સવ
- મુખ્યમંત્રી પર્યટન વિકાસ સહભાગિતા યોજનાના હેઠળ, પ્રત્યેક વિધાનસભા ક્ષેત્રમાં એક-એક પર્યટન સ્થળનું વિકાસ
- બહારાઈચમાં મહારાજા સુહેલદેવ સ્મારકનું નિર્માણ
- ઈકો ટૂરિઝમના પ્રમુખ ગંતવ્યઃ દુધવા ટાઈગર રિઝર્વ, લખીમપુર-ખીરી, પીલીભીત ટાઈગર રિઝર્વ, પીલીભીત અને કતર્નિયાઘાટ વન્યજીવ વિહાર, બહરાઈચ







## પર્યટન સુવિધાઓનું વિસ્તાર

## ડબલ એન્જિનની સરકાર

સૂચના તેમ જ જનસંપર્ક વિભાગ, ઉત્તર પ્રદેશ

# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| गवाक्ष | સ્વીકાર્ય |
| गवास | પહેરો |
| गश्त | ઝરૂખો |
| गवारा | સુગંધ |
| गमक | કસાઈ |

## ઓળખાણ પડી?



હોલિવૂડની ‘વ્હેર ઈગલ્સ ડેર’, ‘ડર્ટી હેરી’, ‘ધ ગુડ, ધ બેડ એન્ડ ધ અગ્લી’ જેવી યાદગાર ફિલ્મોના અફલાતૂન એક્ટર અને દિગ્દર્શકની ઓળખાણ પડી?

અ) Harrison Ford બ) John Travolta
ક) Burt Reynolds ડ) Clint Eastwood

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ક | ૨ હે | ૩ વ | ત | | ૪ રૂ | ઢિ | ૫ પ્ર | ૬ યો | ૭ ગ |
| ૮ દ | લ | ડું | | ૯ સ | | | ૧૦ જા | ગી | ર |
| ર | | | ૧૧ કા | મ | કા | ૧૧અ જ | | | બ |
| ૧૨ દા | ય | ૧૩ રો | | ર્થ | | ૧૪ રૂ | ખ | | ડ |
| ન | | ૧૫ ઉ | ૧૬ પ | ન | ૧૭ ગ | ર | | ૧૮ તા | |
| | ૧૯ મા | | દ | | ર | | ૨૦ સો | ડ | ૨૧ મ |
| ૨૨ તા | પ | | ૨૩ વિ | ૨૪ સં | વા | ૨૫ દ | | ૨૬ કા | નો |
| ૨૭ લ | સ | ણ | | વા | | ૨૮ રી | ૨૯ સ | | રં |
| ૩૦ મે | ર | | ૩૧ ક | દિ | ૩૨ ક | | ૩૩ મ | રી | જ |
| લ | | ૩૪ ભ | ળ | તા | સ | ળ | તા | | ન |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | | | ૫ | ૬ |
| ૭ | | | | ૮ | | | | ૯ | |
| ૧૦ | | | ૧૧ | | | ૧૨ | | | |
| ૧૩ | | ૧૪ | | | | | | ૧૫ | |
| | | | | | | ૧૬ | ૧૭ | | |
| | | ૧૮ | ૧૯ | | ૨૦ | | | | ૨૧ |
| | ૨૨ | | | | | | ૨૩ | | |
| ૨૪ | | | | | ૨૫ | | | | |
| ૨૬ | | | ૨૭ | | | | | ૨૮ | |
| | | ૨૯ | | | | | ૩૦ | | |

### આડી ચાવી

૧. આજુબાજુ (૪)
૪. જાહેર જનતા માટે (૫)
૭. ઈચ્છા (૩)
૮. નિત્ય (૨)
૯. તળિયું (૨)
૧૦. સ્નેહ, લાગણી, પ્રેમ (૨)
૧૧. દર વર્ષે આવે (૫)
૧૩. આદર સાથે (૩)
૧૫. --- આ સંસારમાં ના જોયો (૨)
૧૬. દિશાનિર્દેશ, બાજુ, ભણી (૩)
૧૮. દૂધ ઉપર તરે (૨)
૨૦. એક રસ, દયાજનક, શોક કારક (૩)
૨૨. એક રમત (૪)
૨૩. તરુણ (૩)
૨૪. છળ, પ્રપંચ (૩)
૨૫. એક આગળ સાત મીડાં (૩)
૨૬. ૪૦ શેર (૨)
૨૮. નેપાળી અટક (૨)
૨૯. કોમ્પ્યુટર (૪)
૩૦. એકઠું, ભેગું (૩)

### ઊભી ચાવી

૧. સન્મુખ, મુખોમુખ (૬)
૨. સીમા (૪)
૩. હલકું, નીચ, કંજૂસ (૨)
૪. પ્રિયતમ (૩)
૫. રોજ, હંમેશાં (૨)
૬. દુઃખાવો (૪)
૮. રોગનો ફેલાવો (૪)
૧૨. મરણ, ગ્રામાંતર કરવું તે (૪)
૧૪. સિનેમાનો પરદો (૫)
૧૫. ચોખ્ખું (૨)
૧૭. રણ છોડીને ભાગનાર, કૃષ્ણ (૪)
૧૯. પરુ, રક્ષણાત્મક ઔષધ (૨)
૨૧. વિશ્વાસ મૂકવા લાયક (૫)
૨૨. સાપની પત્ની (૩)
૨૪. એક ફૂલ (૩)
૨૫. કડક, બાંધેલો લોટ (૩)
૨૭. મોટો સાપ (૨)
૨૮. શ્રમ, થાકવું તે (૨)

## ગુજરાત મોરી મોરી રે

પ્રફુલ દવે અને સુમન કલ્યાણપુરનું મશહૂર થયેલું અને ગૌરાંગ વ્યાસે સ્વરબદ્ધ કરેલું યુગલ ગીત ‘મણિયારો તે હલુ હલુ થઈ વિયો’ કઈ ફિલ્મનું છે એ જણાવો.

અ) મોટા ઘરની વહુ બ) લાખો ફુલાણી
ક) શેતલને કાંઠે ડ) વારસદાર

## જાણવા જેવું

ફિલ્મમેકિંગના સાહસમાં સફળતા પામનાર પ્રથમ ગુજરાતી હતા ચંદુલાલ શાહ. ૧૯૨૫માં મિસ ગોહરને લઈને ‘ગુણસુંદરી’ બનાવી. એમની બીજી ફિલ્મ ‘ટાઇપિસ્ટ ગર્લ’ પણ બહુ વખણાઈ હતી. એ દિવસોમાં મૂંગી ફિલ્મોનું ઍક્શન સમજાવવા અંગ્રેજી ભાષામાં શીર્ષક રાખવામાં આવતા હતા. ફિલ્મ બતાવવા દેશમાં ૨૬૫ જેટલાં પાકાં સિનેમાઘરો બંધાયાં હતાં.

## સુડોકુ-૫૦૪૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | | ૯ | | | ૬ | |
| ૫ | ૭ | ૬ | | | | ૯ | ૧ | ૮ |
| ૯ | | | | | | | | ૪ |
| ૭ | ૫ | | | ૪ | | | ૩ | ૬ |
| ૬ | | | ૯ | | ૭ | | | ૧ |
| ૨ | ૪ | | | ૩ | | | ૯ | ૭ |
| ૮ | | | | | | | | ૩ |
| ૪ | ૨ | ૫ | | | | ૬ | ૮ | ૯ |
| | ૬ | | | ૮ | | | ૫ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૫૦૩૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૯ | ૧ | ૪ | ૫ | ૭ | ૩ | ૮ |
| ૮ | ૭ | ૫ | ૨ | ૯ | ૩ | ૬ | ૧ | ૪ |
| ૩ | ૪ | ૧ | ૬ | ૭ | ૮ | ૨ | ૯ | ૫ |
| ૯ | ૨ | ૮ | ૫ | ૧ | ૭ | ૩ | ૪ | ૬ |
| ૧ | ૩ | ૭ | ૪ | ૮ | ૬ | ૫ | ૨ | ૯ |
| ૬ | ૫ | ૪ | ૯ | ૩ | ૨ | ૧ | ૮ | ૭ |
| ૭ | ૧ | ૬ | ૮ | ૨ | ૯ | ૪ | ૫ | ૩ |
| ૪ | ૮ | ૩ | ૭ | ૫ | ૧ | ૯ | ૬ | ૨ |
| ૫ | ૯ | ૨ | ૩ | ૬ | ૪ | ૮ | ૭ | ૧ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

નાના પાટેકરે અનેક હિન્દી ફિલ્મોમાં વિવિધપૂર્ણ ભૂમિકાઓ કરી પોતાનો ઠસ્સો ઉમટાવ્યો છે. અભિનેતાએ ડિરેક્ટ કરેલી ફિલ્મ વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) અંકુશ બ) પરિંદા ક) પ્રહાર ડ) ક્રાંતિવીર

## નોંધી રાખો

જીવનકાળમાં આપણે અનેક સંબંધ બાંધીએ છીએ, પણ દુનિયાનો સૌથી સુંદર સબંધ એ જ છે જ્યાં એક નાની મુસ્કાન અને નાની માફીથી જિંદગી પહેલા જેવી થઈ જાય છે.

## માઈન્ડ ગેમ

‘જાગતે રહો’ ફિલ્મનું ‘જિંદગી ખ્વાબ હૈ, ખ્વાબ મેં જૂઠ ક્યા ઔર ભલા સચ હૈ ક્યા’ ગીત પ્રમુખપણે કયા અભિનેતા પર ફિલ્માવાયું છે એ કહી શકશો?

અ) બલરાજ સાહની બ) મદન પુરી
ક) અજિત ડ) મોતીલાલ

## ગયા શુક્રવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| दुम | પૂંછડી |
| दुलारा | લાડકું |
| दुशवार | મુશ્કેલ |
| दुनाली | બંદૂક |
| दुंदुभि | નગારું |

ગુજરાત મોરી મોરી રે: સપનાના વાવેતર

ઓળખાણ પડી?: Clark Gable

માઈન્ડ ગેમ: શબાના આઝમી

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: આજ કા અર્જુન

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમયા (૨) ભારતી બુચ (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) નીતા દેસાઈ (૫) શ્રદ્ધા આશર (૬) ડો. પ્રકાશ કટકિયા (૭) ભારતી પ્રકાશ કટકિયા (૮) પુષ્પા પટેલ (૯) મુલરાજ કપૂર (૧૦) હર્ષા મહેતા (૧૧) વિભા મહેશ્વરી (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) મીનળ કાપડિયા (૧૪) અમીશી બંગાળી (૧૫) નિખિલ બંગાળી (૧૬) સુરેખા દેસાઈ (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) નંદકિશોર સંજાણવાળા (૨૦) શિલ્પા શ્રોફ (૨૧) તાહેર ઔરંગાબાદવાલા (૨૨) શીરીન ઔરંગાબાદવાલા (૨૩) અબદુલ્લા એફ. મુનીમ (૨૪) અંજના પરીખ (૨૫) રજનીકાંત પટવા (૨૬) સુનીતા પટવા (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) અરવિંદ કામદાર (૨૯) સુરેખા દેસાઈ (૩૦) મહેન્દ્ર લોઢાવિયા (૩૧) મહેશ દોશી (૩૨) ભાવના કર્વે (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) જગદીશ ઠક્કર (૩૫) અંજુ ટોલિયા (૩૬) દિલીપ પરીખ (૩૭) નિતીન બજરિયા (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) પ્રવીણ વોરા (૪૦) પુષ્પા ખોના (૪૧) વિણા સંપટ (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) જ્યોત્સના ગાંધી (૪૫) ઈનાક્ષી દલાલ (૪૬) હિના દલાલ (૪૭) રમેશ દલાલ (૪૮) અલકા વાણી

---

## વિશેષ

નરેન્દ્ર કુમાર

# સ્ક્રિપ્ટ લખતાં શીખીને કરી શકશો લાખોની કમાણી

**રોજ જાણે-અજાણે તમે ડઝનભર નાની નાની ફિલ્મો, રીલ્સ, ઈન્ટરવ્યૂ વગેરે કન્ટેન્ટ જોયા કરતા હશો, જેનાથી તમારું મનોરંજન થતું હશે. તમને તેમાંથી આનંદ મળતો હશે અથવા કશું શીખવા મળતું હશે. આ બધી વસ્તુઓ આમ જ હવામાંથી નથી આવી જતી. તેને પહેલાં વ્યવસ્થિત રીતે લખવામાં આવે છે**

તમારામાં લોકોને મંત્રમુગ્ધ કરી નાખે એવી શૈલીમાં વાર્તા સંભળાવવાની કળા છે, જો તમારામાં આકર્ષક કથાઓ લખવાની આવડત છે. તો સ્ક્રિપ્ટ લેખનની કારકિર્દી તમારા માટે જ ઘડાયેલી છે. કેમ કે આજનો સમય ઈતિહાસના કોઈપણ સમયગાળા કરતાં સૌથી વધુ ક્રિયેટિવ સમયગાળો છે. આને એવી રીતે સમજી શકાય કે જો તમારી પાસે એન્ડ્રોઈડ મોબાઈલ ફોન છે અને તેના પર જો થોડા કલાકો તમે તેની સાથે ગાળો તો રોજ જાણે-અજાણે તમે ડઝનભર નાની નાની ફિલ્મો, રીલ્સ, ઈન્ટરવ્યૂ વગેરે કન્ટેન્ટ જોયા કરતા હશો, જેનાથી તમારું મનોરંજન થતું હશે. તમને તેમાંથી આનંદ મળતો હશે અથવા કશું શીખવા મળતું હશે.

આ બધી વસ્તુઓ આમ જ હવામાંથી નથી આવી જતી. તેને પહેલાં વ્યવસ્થિત રીતે લખવામાં આવે છે, પછી જ તેનું ફિલ્મીકરણ કરવામાં આવતું હોય છે. વાસ્તવમાં ફિલ્મીકરણ થનાર કોઈપણ વાર્તા પછી તે નાની હોય કે મોટી સ્ક્રિપ્ટ સ્વરૂપમાં હોય છે. આનાથી તમે અંદાજો લગાવી શકો છો કે આજની તારીખે આપણી આસપાસ સવારે જાગ્યાથી લઈને રાતે સૂવા સુધી કેવી રીતે સ્ક્રિપ્ટ અથવા પટકથાઓ વિખેરાયેલી છે.

હવે તમે સહેલાઈથી સમજી શકશો કે આખરે દરેક સંભળાવવામાં આવતી વાર્તા કે ફિલ્મીકરણ થઈ રહેલી પટકથા ગમે તે વ્યક્તિ તો લખી શકે નહીં, આને માટે ખાસ ક્રિયેટિવ લેખકો હોય છે. આથી જો તમારામાં પણ કશું લખવાની કે રસપ્રદ રીતે વાત કરવાની કળા હોય તો ૧૦૦ ટકા તમે સ્ક્રિપ્ટ રાઈટર બની શકો છો.

સ્ક્રિપ્ટ રાઈટર બનવા માટે દેશમાં સેંકડો ઈન્સ્ટિટ્યૂટ્સ છે, જેઓ માસ કમ્યુનિકેશન શીખવાડવાની સાથે જ સ્ક્રિપ્ટ રાઈટિંગ પણ શીખવાડે છે. આવી જ રીતે જે યુનિવર્સિટી કે કોલેજોમાં પત્રકારત્વ ભણાવવામાં આવે છે તે પત્રકારત્વના ભણતરનો એક ભાગ સ્ક્રિપ્ટ રાઈટિંગ અથવા પટકથા લેખન પણ હોય છે.

ઔપચારિક રીતે પટકથા કે સ્ક્રિપ્ટ લખવાનું શીખવા માગતા હો તો એકેડેમિક રીતે તેમાં આગળ વધવા માટે જર્નાલિઝમ અથવા તો માસ કમ્યુનિકેશનના કોઈપણ અભ્યાસક્રમની ડિગ્રી અથવા તો ડિપ્લોમા મેળવી લેવો. હવે તો લગભગ દેશના મોટા ભાગનાં શહેરોમાં અને ઓનલાઈન સેંકડો સ્ક્રિપ્ટ રાઈટિંગ શીખવાડતી કોઈ સંસ્થાનો સર્ટિફિકેટ કોર્સ કરી શકાય છે.

અત્યારે આપણે વાત એકેડેમિક રસ્તાને બદલે વ્યાવહારિક બાબત જણાવવા પર ફોકસ કરી રહ્યા છીએ. દા. ત. પહેલાં તો એ સમજી લો કે સ્ક્રિપ્ટિંગ અથવા તો સ્ક્રિપ્ટ રાઈટિંગ કેવી રીતે કરવામાં આવે છે? આ કરવા માટે વ્યવસ્થિત રીતે પાંચ પગલાં લેવામાં આવે છે. સૌથી પહેલાં તો નક્કી કરી નાખો કે સ્ક્રિપ્ટ શા માટે લખવી છે. એટલે કે આપણે કશું કહેવા માગીએ છીએ કે લોકોને કોઈ નવી વાર્તા સંભળાવવા માગીએ છીએ.

બીજી આવશ્યકતા એ છે કે આપણી પાસે કોઈ વાર્તા કે વિચાર પહેલેથી હોવો જોઈએ. અથવા તો એમ પણ કહી શકાય કે જો આપણે સ્ક્રિપ્ટ લખવા માગતા હોઈએ તો આપણી પાસે તેનો વિષય હોવો જોઈએ. હવે હાથમાં વિષય આવી જાય તો નક્કી કરો કે આપણી વાત કહેવા માટે કોઈ માધ્યમ હોવું જોઈએ. નિશ્ચિત રીતે આ માધ્યમ પાત્ર છે, જેના માધ્યમથી વાર્તા કહેવાની છે. આના પછીના પગલાંમાં આપણે કહેવાની વાર્તાના એવી રીતે તાણાવાણા ગોઠવવાના હોય છે કે લોકોને કથા કહી રહ્યા છો તેની જાણ ન થાય એટલી રસપ્રદ રીતે કથા સાંભળવા કે પછી વાંચવા માટે મળે. સ્ક્રિપ્ટિંગનું છેલ્લું ચરણ વાર્તા કે પછી કથાને અલગ અલગ દૃશ્યો અથવા તો સીન્સમાં વહેંચી નાખવાનું કામ હોય છે.

હવે સવાલ એવો થઈ શકે છે કે સ્ક્રિપ્ટ લખતાં તો તમે શીખી લીધું પણ આ સ્ક્રિપ્ટને વેચવા માટે ક્યાં જશો?

સ્ક્રિપ્ટ વેચવાના અનેક રસ્તા છે. સૌથી પહેલાં તો તમારી કોઈ સ્ક્રિપ્ટ વેચવી હોય તો સારું છે કે તમારી પોતાની કોઈ વેબસાઈટ કે પછી સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ હોય. જ્યાંથી તમે એવા લોકોનો સંપર્ક કરી શકો જેઓ ખરેખર તમારી પાસેથી કથા લેવા માગે છે.

આ પણ શક્ય ન હોય તો એમેઝોન કે પછી ઈબે (eBay) જેવા માર્કેટ પ્લેસમાં જઈ શકાય અને પોતાની સ્ક્રિપ્ટ માટે ગ્રાહકો શોધી શકાય. આની સાથે જ પટકથા લેખનના ક્ષેત્રે તક શોધવા માટે અલગ અલગ પ્રકારની પટકથા સંબંધી સ્પર્ધાઓમાં પણ ભાગ લઈ શકાય છે. જેની જાણકારી ઓનલાઈન મળી શકે છે. આની સાથે જ અલગ અલગ સ્થળે થઈ રહેલા ફિલ્મ ફેસ્ટિવલ્સમાં સહભાગી થવું, જેમાં પટકથા લેખન માટેનું બજાર હાજર હોય છે. અહીં તમે તમારી પટકથા વેચી શકો છો અથવા તો એવા લોકોનો સંપર્ક કરી શકો છો જે લોકોને તમારી પટકથાની જરૂર છે.

છેલ્લો રસ્તો છે કે ફેસબૂક અથવા અન્ય કોઈ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોતાની જાહેરાત કરવી. લોકોને જણાવો કે તમે પટકથા લેખક છો અને કામ મેળવવા માગો છો. મુંબઈમાં સેંકડોની સંખ્યામાં પ્રોડક્શન હાઉસ આવેલા છે. ત્યાં પોતાનો બાયોડેટા મોકલી આપો, જેથી કોઈને તમારી જરૂર હોય તો તમને સંપર્ક કરી શકે. આમ જોવા જઈએ તો જેવી રીતે અન્ય કોઈપણ ક્ષેત્રમાં કામ શોધી શકાય છે એવી જ રીતે આ ક્ષેત્રમાં પણ કામ શોધી શકાય છે. ફરક એટલો જ હોય છે કે પટકથા લેખનના ક્ષેત્રમાં કામ કરનારા ૯૯ ટકા લોકો ફ્રી-લાન્સર હોય છે.

એક સામાન્ય સ્તરનો પટકથા લેખક સહેલાઈથી ૬૦-૭૦,૦૦૦થી લઈને ૧.૫-૨.૦ લાખ રૂપિયા કમાઈ શકે છે. જોકે, આ સ્થિતિ ત્યારે આવશે જ્યારે તમારું કામ ચાલવા લાગશે. દરેક ક્ષેત્રની જેમ જ અહીં પણ તમારો અનુભવ તમારી બેસ્ટ માર્કેટ બનાવે છે. જો તમારી લખેલી પટકથા બજારમાં પોતાની હાજરી નોંધાવી શકે છે તો સમજી લ્યો કે તમારી પાસે કામની કોઈ અછત રહેશે નહીં અને વર્ષે તમે ઓછામાં ઓછા પંદરથી વીસ લાખ રૂપિયા કમાઈ લેશો. ■

## બે ફિલ્મી હસ્તીઓ વચ્ચે ખેલાશે ચૂંટણી જંગ?

રામ ગોપાલ વર્મા પોતાની જુદી જ શૈલીની ફિલ્મો માટે જાણીતા છે અને સરકાર તેમ જ રંગીલા જેવી ફિલ્મોએ પણ ફિલ્મી જગતમાં જુદો જ ચિલો ચિતર્યો હતો. જોકે, ફિલ્મી દુનિયામાં પોતાનો ડંકો વગાડનારા રામગોપાલ વર્મા હવે રાજકારણના ક્ષેત્રમાં પોતાનો ડંકો વગાડવા જઇ રહ્યા છે. રામ ગોપાલ વર્મા રાજકારણમાં પ્રવેશવાના હોવાના તેમ જ સાઉથના સુપર સ્ટાર પવન કલ્યાણની સામે આગામી લોકસભાની ચૂંટણી લડવાના હોવાના અહેવાલ મળી રહ્યા છે. રામ ગોપાલ વર્માએ પોતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (પહેલા ટ્વિટર) ઉપર આ માહિતી આપી હતી.

પીઠાપુરમ લોકસભાની બેઠક ઉપરથી પોતે ચૂંટણી લડવાના હોવાની જાહેરાત રામ ગોપાલ વર્માએ કરી છે. હવે ચૂંટણીના જંગમાં તેમનો સામનો સાઉથના સુપરસ્ટાર પવન કલ્યાણ સાથે જામશે, કારણ કે તે પણ આ જ બેઠક ઉપરથી લોકસભાની ચૂંટણી લડવાના છે. તેમની પાર્ટી જન સેનાના ઓફિશિયલ એક્સ હેન્ડલ ઉપર પવન કલ્યાણે તે પીઠાપુરમ લોકસભા બેઠક ઉપરથી ચૂંટણી લડવાના હોવાની જાહેરાત પહેલા જ કરી હતી. પીઠાપુરમ બેઠક એ આંધ્ર પ્રદેશની મહત્ત્વની બેઠક માનવામાં આવે છે અને ફિલ્મ જગતના બે દિગ્ગજો આ બેઠક ઉપરથી ચૂંટણી લડવાના હોઇ પીઠાપુરમની બેઠક ઉપરનો ચૂંટણીનો જંગ આ વખતે ઘણો રસપ્રદ બની રહેશે. ■

## સારા અલી ખાન ‘સિંગલ મધર’ અંગે શું કહે છે?

ખૂબ જ ઓછા સમયમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની એક આગવી ઓળખ ઊભી કરી છે. સારા અલી ખાન સૈફ અલી ખાન અને અમૃતા સિંહની દીકરી છે અને તે પ્રોફેશનલ અને પર્સનલ લાઈફને કારણે અવારનવાર ચર્ચામાં રહેતી હોય છે. હાલમાં એક્ટ્રેસ ચર્ચામાં આવી છે સિંગલ મધર સાથે રહેવા અંગે સ્ટેટમેન્ટ આપ્યું હતું. હમણાં છેલ્લાં કેટલાક સમયથી તેની ફિલ્મ ‘મર્ડર મુબારક’ને કારણે ચર્ચામાં છે. જે આજે ઓટીટી પર રિલીઝ થઈ રહી છે. એક અંગ્રેજી અખબારને આપેલા ઈન્ટરવ્યુમાં સારાએ એક સિંગલ મધર સાથે રહેવા વિશે કહ્યું હતું કે તેણે જીવનમાં સ્ટ્રોન્ગ વુમનના ઈન્ફ્લ્યુએન્સને લઈને સવાલ પૂછવામાં આવ્યું તો એના જવાબમાં સારાએ કહ્યું હતું કે મને લાગે છે કે સિંગલ મધર સાથે રહેવું એમાં સૌથી મોટો અને મહત્ત્વનો રોલ પ્લે કરે છે. ખૂબ જ નાની ઉંમરમાં મને એ વાત સમજાઈ ગઈ હતી કોઈ તમારા માટે કંઈ નથી કરવાના. એવું નથી કે મને મદદ નહોતી મળી. પણ આખરે તો તમારી જિંદગી તમારે જ ચલાવવાની છે. ■

## પ્રાસંગિક (અગિયારમા પાનાનું ચાલુ)

છે જેમાં શાહી હોળીનું ચિત્રાંકન કરાયું છે. દાખલા તરીકે ફિલ્મ ‘કોહિનૂર’માં ટ્રેજેડી કિંગ અને ક્વિનના રૂપમાં દિલીપ કુમાર અને મીના કુમારીએ પોતાના ગંભીર ચોલાને ઉતારીને ઘણી મસ્તી કરી હતી. ગીતના બોલ હતા- તન રંગ લો જી આજ મન રંગ લો. હોળીના ગીતોના માધ્યમથી સમાજના કુરિવાજો દૂર કરવાનો પણ પ્રયાસ થયો હતો.

પરંપરાગત રીતે વિધવાને હોળીના રંગોથી દૂર રખાય છે કારણ કે હોળી પ્રેમ અને મિલનનું પ્રતીક છે અને આમાં વિધવાની ઉપસ્થિતી અશુભ ગણાય છે. જોકે આ એક ખોટો સામાજિક રિવાજ છે જેના પર વિરામ લાગવો જોઈએ. આકુરિવાજ પર ત્રણ ફિલ્મમાં પ્રહારો કરાયા.

સાલ ૧૯૬૬માં આવેલી ફિલ્મ ‘ફૂલ ઔર પથ્થર‘ માં ધર્મેન્દ્ર હીરો હતો. આ ફિલ્મમાં મીના કુમારી વિધવાની ભૂમિકામાં હતી અને ધર્મેન્દ્રને તેના પર પ્રેમ હતો. આમાં હોળીની સિકવેન્સ પર ગાય છે-
લાયી હૈ હજારો રંગ હોલી

આજ રીતે ફિલ્મ ‘કટી પતંગ’માં રાજેશખન્ના વિધવા આશા પારેખ માટે ગાય છે કે -આજ ન છોડેંગે હમજોલી, ખેલેંગે હમ હોલી..

ફિલ્મ શોલેમાં ગબ્બર સિંહની ભૂમિકા ભજવતા અમજદ ખાનનો આ ડાયલોગ આજે પણ દર્શકોના મોંઢા પર છે-હોલી કબ હૈ..કબ હૈ હોલી.

અમજદ જેવો એ ડાયલોગ બોલે છે કે પડદા પર હોલીની મસ્તી છવાઈ જાય છે અને ગામડાના લોકો સાથે મળીને ધર્મેન્દ્ર અને હેમા માલીની ‘હોલી કે દિન’ ગીત ગાય છે.

આ ગીતનું મુખ્ય પાસું એ છે કે વિધવા જયા ભાદુડી અને અમિતાભ બચ્ચન ઈશારોમાં ઈશારોમાં પ્રેમની અભિવ્યક્તિ કરે છે. હોળીના તરંગમાં વ્યક્તિ તેના મનની જે વાત છુપાવવા માગે છે એ જાહેરમાં આવી જાય છે.

૧૯૮૧ની ફિલ્મ ‘સિલસિલા’માં અમિતાભ બચ્ચનને પ્રેમિકા રેખાને છોડીને જયા ભાદુડી સાથે લગ્ન કરવા પડે છે અને રેખાનો વિવાહ સંજીવ કુમાર સાથે થાય છે.

હોળીના અવસરે ચારો એક જગ્યાએ મળે છે અને અમિતાભ બચ્ચન ‘સામાજિક લોકલાજ’ને નેવે મૂકીને પોતાની ભૂતપૂર્વ પ્રેમિકા સાથે ફ્લર્ટ કરતાં ‘રંગ બરસે ભીગી ચુનર વાલી’ ગીત ગાય છે.

હોળીના બીજા યાદગાર ગીતો છે- ‘ફાગુન આયો રે’ (ફાગુન,૧૯૭૩), ‘હોલી આઈ, હોલી આઈ’ (મશાલ,૧૯૮૪), ‘અંગ સે અંગ લગાના’ (ડર. ૧૯૮૩), હોલી ખેલે રઘુવીરા અવધ મેં’ (બાગબાન,૨૦૦૩), ડુ મી ફેવર, લેટસ પ્લે હોલી’ (વક્ત, ૨૦૦૫), ‘બલમ પિચકારી’ ( યે જવાની યે દિવાની, ૨૦૧૩) અને ‘લહૂ મુંહ લગ ગયા’ ( રામલીલા, ૨૦૧૪). ■

## શો-શરાબા (દસમા પાનાનું ચાલુ)

રજત કપૂરે જો કે અન્ય જે કલાકારોની વાત કરી એની સરખામણીએ એક્ટિંગ અને ડિરેક્શન વચ્ચેની ટકાવારી મુજબ વધુ ફિલ્મ્સ ડિરેક્ટ કરી છે. એમણે કુલ ૧૨ ફિલ્મ્સ ડિરેક્ટ કરી છે.

આ વાતનો અંદાજ એ વાત પરથી આવે કે એમની એક્ટર તરીકેની ફિલ્મ પછી બીજી જ ફિલ્મ એમણે ડિરેક્ટ કરી હતી. એ ફિલ્મ એટલે ‘તરાના’ (૧૯૯૪).

આ ફિલ્મને બેસ્ટ શોર્ટ ‘ફિક્શન ફિલ્મ’નો નેશનલ એવોર્ડ પણ મળ્યો હતો. એ પછી એમણે ‘હિપનોથીસીસ’ (૧૯૯૬), ‘પ્રાઇવેટ ડિટેક્ટિવઃ ટુ પ્લસ ટુ પ્લસ વન’ (૧૯૯૭), ‘રઘુ રોમિયો’ (૨૦૦૩), ‘મિથ્યા’ (૨૦૦૮), ‘ફેટ્સો’ (૨૦૧૨), ‘આંખો દેખી’ (૨૦૧૪) જેવી અનેક ફિલ્મ ડિરેક્ટ કરી છે. ‘રઘુ રોમિયો’ને ‘બેસ્ટ ફિચર ફિલ્મ ઈન હિન્દી’ નો નેશનલ એવોર્ડ પણ મળ્યો હતો. એમની ‘આંખો દેખી’ને પણ વિવેચકોએ ખૂબ જ વખાણી હતી.

જો કે, આ તો થયા ગણ્યા ગાંઠ્યા એક્ટર્સ કે જેમણે પોતાની કારકિર્દીમાં દિગ્દર્શક તરીકેની ભૂમિકા પણ ભજવી છે. હજુ કેટલાંય નામોની મજેદાર યાદી બાકી છે, જેમની વાત કરીશું આવતા સપ્તાહે. (ક્રમશઃ)■

### લાસ્ટ શોટ

*મિત્ર, ‘માય ફ્રેન્ડ’ ફિલ્મ અન્ય એક રસપ્રદ કારણસર પણ વિશેષ છે. એ ફિલ્મના ક્રૂ મેમ્બર્સમાં બધી સ્ત્રી જ હતી.*

# મેટિની



# ભાઈજાન, હવે નહીં મહેમાન

**બે ડઝનથી વધુ ફિલ્મમાં માત્ર હાજરી પુરાવતી ભૂમિકા કરનાર સલમાન ખાન હવે ગ્લેમરના ગાભા જેવું કામ કરવા તૈયાર નથી. રોલ ભલે હી લંબા ન હો દમદાર તો હોના હી ચાહિયે એવો આગ્રહ રાખવા માગે છે**

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

**સલમાન** ખાન કંટાળી ગયો છે કે પછી થાકી ગયો છે, કારણ જે પણ હોય, હકીકત એ છે કે હિન્દી ફિલ્મોમાં હવે કેમિયો રોલ કે સ્પેશિયલ અપિયરન્સ તરીકે ઓળખાતી ગ્લેમરના ગાભા જેવી ભૂમિકા કરવા પરથી ભાઈજાનનું મન ઊઠી ગયું છે. છેલ્લા ૧૦ વર્ષમાં (૨૦૧૪ - ૨૦૨૩) ભાઈજાન હીરો હોય એવી ૧૩ ફિલ્મમાં નજરે પડ્યો છે અને માન ન માન મૈં તેરા મેહમાન જેવા ડઝન રોલ કર્યા છે. 'બસ, હવે બહુ થયું' એવી જાણે કે લાગણી થઈ હોય એમ તેણે પોતાનો ઈરાદો ફિલ્મ ઈન્ડસ્ટ્રીના વર્તુળમાં વહેતો કરી દીધો છે. યશરાજ ફિલ્મ્સની શાહરુખ અભિનીત 'પઠાન'માં કેમિયો કર્યા પછી હવે ભાઈજાને આ જ બેનરની આગામી 'વોર ૨' અને 'પઠાન ૨'માં પોતે માત્ર મોઢું દેખાડવા નહીં આવે એવું સોઈ ઝાટકીને કહી દીધું છે. એના આ નિર્ણયનો પડઘો યશરાજ ફિલ્મ્સના અધિષ્ઠાધીપતિ આદિત્ય ચોપડાના વલણમાં જોવા મળી રહ્યો છે. ફિલ્મ જોવા દર્શકો વધુ લલચાય એ માટે અતિથિ સ્ટાર કલાકારના ગતકડાં ન કરવા જોઈએ એવું મન આદિત્ય બનાવીને બેઠો હોય એવું કહેવાય છે.

ગયા વર્ષે સલમાનની ત્રણ ફિલ્મ રિલીઝ થઈ હતી. એક હતી 'પઠાન' જેમાં મુખ્ય રોલ શાહરુખનો હતો અને ભાઈજાન મહેમાન કલાકારના પાઠમાં હતા. બાકીની બે ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન' અને 'ટાઈગર ૩' કમાણી કરવામાં કંગાળ સાબિત થઈ. એટલે હવે અભિનેતા સો ગરણે ગાળીને ફિલ્મ સાઈન કરશે એવી ચર્ચા થઈ રહી છે જે સ્વાભાવિક છે. સલમાન જેમને અપાર 'પ્રેમ' કરે છે એ સૂરજ બડજાત્યા સાથે પાંચમી ફિલ્મ કરવા બાબતે 'હા ના હા ના' સંભળાઈ રહ્યું છે એ પરિસ્થિતિમાં 'ટાઈગર ૩' પછી ભાઈજાન કઈ ફિલ્મ સાઈન કરે છે એની ઉત્સુકતા એના ચાહકોને અવશ્ય રહેવાની. સ્પાય યુનિવર્સની પાંચ ફિલ્મ અત્યાર સુધીમાં તૈયાર થઈ છે જેમાંથી ચારમાં સલમાન ખાન લીડ રોલમાં હતો. 'ટાઈગર ૩'ને બાદ કરતાં અન્ય ફિલ્મમાં સલમાન પ્રેક્ષકોને પસંદ પડ્યો છે. આદિત્ય ચોપડાની દલીલ છે કે જો સલમાન વારે ઘડીએ ફિલ્મોમાં કેમિયો કરતો રહેશે તો ટાઇગરના પ્રભાવમાં ઓટ આવી જશે. એટલે તેણે મહેમાનને મનાઈ કરી દેવી જોઈએ અને સલમાન પણ આ દલીલ સાથે સહમત થયો છે. 'ટાઈગર ૩'ની નિષ્ફળતા આ અનુમાન માટે જવાબદાર હોવાનું કહેવાય છે.

સલમાનના મહેમાન કલાકાર જેવા રોલમાં એને પોતાને અને કદાચ દર્શકોને પણ સૌથી પ્રિય તો 'કુછ કુછ હોતા હૈ'નો અમન મેહરાનો રોલ હોવો જોઈએ એમ કહી શકાય. એનું કારણ એવું છે કે કરણ જોહરની દિગ્દર્શક તરીકેની આ પ્રથમ ફિલ્મનો હીરો તો શાહરુખ ખાન હતો, પણ કાજોલ (અંજલિ)ના પ્રેમીની એક નાનકડી ભૂમિકામાં સલમાન હતો. ફિલ્મમાં અંજલિ એનું દિલ તોડે છે, પણ સલમાનને શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો એવોર્ડ મળતા એનું 'દુઃખ દૂર' થઈ ગયું હશે.

સંજય લીલા ભણસાલીની 'સાંવરિયા'માં પણ સલમાને સોનમના પ્રેમીનો જ રોલ અદા કર્યો હતો ને. રવિ ચોપડાની મેલોડ્રામા 'બાગબાન'માં અમિતાભ બચ્ચન અને હેમા માલિનીના દત્તક પુત્ર આલોકના રોલમાં પણ દમદાર એન્ટ્રીના કારણે સિનેપ્રેમીઓના સ્મરણમાં સચવાયો છે. ડેવિડ ધવનની 'જુડવા ૨' (૨૦૧૭)માં તો 'જુડવા' (૧૯૯૭)ના રાજા અને પ્રેમ તરીકે સલમાનને પડદા પર જોઈ દર્શકોએ સીટી મારી ચિચિયારીઓથી એની એન્ટ્રીને વધાવી હતી. એકંદરે શર્ટ એન્ડ સ્વીટ સલમાન દર્શકોએ વધાવી લીધો છે. જોકે, ગઈકાલના કેટલાક યાદગાર પ્રકરણ હવે ભાઈજાન ભૂલી જવા માગે છે અને કશુંક અલગ કરવા ધારે છે. એ માટે તેને શુભેચ્છા તો આપવી જ જોઈએ. ■

### અતિથિ દેવો ભવ

સલમાન ખાન - શાહરુખ ખાન આઠેક ફિલ્મમાં સાથે જોવા મળ્યા છે, પણ બંને પહેલી વાર સાથે દેખાયા એ ફિલ્મમાં સલમાન ખાનની અતિથિ દેવો ભવઃ પ્રકારની પહેલી ફિલ્મ હતી. ૧૯૯૬માં રિલીઝ થયેલી મેહમૂદ દિગ્દર્શિત 'દુશ્મન દુનિયા કા'માં ભાઈજાન સલમાન ખાન તરીકે જ ચમક્યો હતો. અલબત્ત આ ફિલ્મના કોઈ વાજા નહોતા વાગ્યા એટલે બહુ ઓછા લોકોને સલમાનનો કેમિયો ધ્યાનમાં આવ્યો હશે. આ ઉપરાંત કેમિયો - સ્પેશિયલ અપિયરન્સની સલમાનની ફિલ્મો છેઃ દિવાના મસ્તાના, કુછ કુછ હોતા હૈ, સર ઉઠા કે જિયો, ઢાઈ અક્ષર પ્રેમ કે, લવ એટ ટાઈમ સ્ક્વેર, ઓમ શાંતિ ઓમ, અજબ પ્રેમ કી ગજબ કહાની, પ્રેમ કા ગેમ, તીસમારખાં, ઈસી લાઈફ મેં, ટેલ મી ઓ ખુદા, ઈશ્ક ઈન પેરિસ, ફટા પોસ્ટર નિકલા હીરો, યમલા પગલા દીવાનાઃ ફિર સે, નોટબુક, સાંવરિયા, સિર્ફ તુમ, સ્ટમ્પ્ડ, હેલો, સન ઓફ સરદાર, ઓત્તેરી, ફગલી, જુડવા ૨, વેલકમ ટુ ન્યૂયોર્ક, ઝીરો, ગોડફાધર અને પઠાન. આ યાદીમાં ચાર ફિલ્મ એવી છે જેમાં શાહરુખ હીરો હોય અને ભાઈજાનનો કેમિયો હોય.

ફોકસ
મનીષા પી. શાહ

# છોટી-છોટી ફિલ્મો કી બડી બડી બાતેં

**કલેક્શનની દૃષ્ટિએ બહુ મોટો ફરક નથી પણ ટકાવારીની ગણતરીથી સ્પષ્ટ થાય છે કે કોણે હનુમાન કૂદકો માર્યો છે.**










ભારતીય ફિલ્મોમાં ૨૦૨૪ના પહેલાં ત્રણ મહિનામાં એક નવી પેટર્ન સામે આવી, જે ચોંકાવનારી છે તો સાથોસાથ આવકાર્ય પણ છે. માત્ર દેશમાં બૉક્સ ઑફિસ ક્લેક્શનની દૃષ્ટિએ બે ફિલ્મના આંકડા સામે આવે છે. તેલુગુ ભાષાની 'હનુ-માન'ના રૂ. ૨૪૩.૨ કરોડ અને હિન્દી 'ફાઈટર'ના રૂ. ૨૩૬.૭૯ કરોડ. બંનેમાં ક્લેકશનની દૃષ્ટિએ બહુ મોટો ફરક નથી પણ 'હનુ-માન'નું બજેટ માત્ર રૂ. ૪૦ કરોડ છે, તો 'ફાઈટર'માં રૂ. ૨૫૦ કરોડનું આંધણ થયું છે. ટકાવારીની ગણતરીથી સ્પષ્ટ થાય છે કે કોણે હનુમાન કૂદકો માર્યો છે.

આ ઉપરાંત રિલીઝ થયેલી મહત્ત્વની ફિલ્મોમાં શાહીદ કપૂર-ક્રિતી સોનાનની 'તેરી બાતો મેં ઐસા ઉલઝ ગયા'નું થયું? પ્રેક્ષકો મુંઝાઈ ગયા. કોન્સેપ્ટ મોર્ડન અને માવજત જૂનવાણી નીકળી. અંદાજે રૂ. ૪૫થી ૭૫ કરોડમાં બનેલી આ ફિલ્મે કમાણી કરી રૂ. ૧૩૫ કરોડની આસપાસ. ઝાઝું હરખાવા જેવું ન કહી શકાય.

'હનુ-માન' જેવો નેત્રદીપક દેખાવ કર્યો. 'આર્ટિકલ ૩૭૦' એ. ઉરી-ધ સર્જીકલ સ્ટ્રાઈક'વાળા આદિત્ય ધર નિર્મિત અને એની પત્ની યામી ગૌતમ અભિનીત પોલીટીકસ થ્રિલરે પ્રેક્ષકોના મન જીતી લીધા. આ ફિલ્મનો ચોક્કસ એજન્ડા હોય કે ન હોય એની ચર્ચા-વિવાદ કરી શકાય પણ સાંપ્રત રાજકીય વિષય પર મનોરંજક ફિલ્મ બનાવી શકાય એ સરસ રીતે સાબિત થયું. રૂ. વીસ કરોડમાં બનેલી આ ફિલ્મ રૂ. ૧૦૦ કરોડની કમાણીને આંબી જશે.

કંઈક આવું જ 'લાપતા લેડીઝ'ની બાબતમાં થયું. આમિર ખાન નિર્મિત અને એની માજી વાઈફ કિરણ રાવ દિગ્દર્શિત આ ફિલ્મે રવિ કિશન સિવાયના સાવ નવાસવા કલાકારોને સથવારે પ્રેક્ષકોના દિલ જીતી લીધી એ નાનીસૂની સિદ્ધિ નથી. માત્ર રૂ. ચાર-પાંચ કરોડના ખર્ચે બનેલી આ ફિલ્મને અચુકપણે હીટ કરી શકાય. આની સાથે ગુજરાતી ફિલ્મ 'વશ' પરથી બનેલી 'શૈતાન' પણ જોડાઈ જશે એ નક્કી છે. 'હનુ-માન', 'આર્ટીકલ ૩૭૦' અને 'લાપતા લેડીઝ' ૨૦૨૩ના અંતમાં આવેલી 'ટ્વેલ્થ પાસ'ની' પરંપરાને આગળ વધારી રહી છે. આ ફિલ્મ ઉદ્યોગ માટે ઘણી નોંધપાત્ર બાબત છે.

આ સિવાય 'મૈં અટલ હું', 'કેકે' જેવી ફિલ્મોને પ્રેક્ષકોએ પ્રેમ ન કર્યો.

'પઠાણ', 'જવાન', 'ટાઈગર', 'સલાહ' જેવી મોટી ફિલ્મોના તોતિંગ કલેકશન પણ ભલે આંખને આંજી નાખે પરંતુ ખર્ચની સરખામણીએ ઘણીવાર એકદમ વામણા હોય છે.

મોટી સાથે નાની ફિલ્મો ચાલે- સ્વીકારાય એ એકંદર ફિલ્મ ઉદ્યોગના હિતમાં છે. આને લીધે કલ્પનાશીલ સર્જકો વિષય અને નવા કલાકાર કસબીઓને તક મળે છે, સમાંતર સમાજનું પ્રતિબિંબ ઝિલાય છે અને બીબાંઢાળ સિનેમામાંથી છૂટકારો મળે છે. ■



## સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

# અરમાન થોડા ઓછા જોઈએ તો સ્વમાન વેચવાની જરૂર ન પડે...!

ઘરે પહોંચ્યા પછી નાટકના ત્રીજા અંકના વિચારમાં નીંદર વેરણ થઈ ગઈ. થયું, જો કાલે આખો અંક સેટ થઈ જાય તો મજો' પડી જાય. સંવાદોમાં જયંત ગાંધીનાં ટુચકાઓ સિવાય લખાણમાં કોઈ મોટો બદલાવ નહોતો એટલે થયું કે કલાકારો માટે કામ સરળ થશે અને મારે માટે સેટ કરવું પણ સહેલું થઈ જશે. કિશોર દવે પણ હવે સિરિયસલી બધું મારું સાંભળતા હતાં, સામી કોઈ દલીલ કર્યા સિવાય. મને અંદરખાને એક ડર તો રહ્યાં જ કરતો કે ગમે ત્યારે એ થોડા આડા ન ફાટે. ક્યારેક થતું કે મારું સારું રહેવું-હોવું જ બદનામ કરે છે મને જરાક બગડી જાઉં તો હમણા મશહૂર થઈ જાઉં, પણ પડેલા સંસ્કાર છુટતા નથી, પછી એ મારા હોય કે એમના. હવે ત્રીજો અંક પૂરો થઇ જાય તો પછી રન-થ્રુ રિહર્સલ પણ શરૂ થઈ જાય એટલે નાટકમાં કોઈ બારીકી કરવી હોય તો થઈ શકે, જે નાટકના લાભમાં હોય. હવે માત્ર કામ પૂરતું બોલવાનું મેં નક્કી કરી લીધું હતું. ખબર નહિ કે હું કંટ્રોલ કરી પત્ની ભારતીને રાજી રાખી શકીશ કે નહિ! અપેક્ષાઓ વધે એ પણ ખોટું. કિશોર દવે સામે મારે ખાસ ધ્યાન રાખવાનું હતું. છેલ્લી ઘડીએ જો એમની કમાન છટકે તો મારું નાટક અને બીજા કલાકારોની મહેનત થોડા ટાઈમ માટે મારા હાથમાંથી છટકી જ જાય..

ભલે હું નાટકનો દિગ્દર્શક હતો, પણ એ પહેલા હું એક કલાકાર હતો. બીજા નિર્માતાને કોઈ કલાકાર સાથે કોઈ વાતે વાંકું પડે તો તરત એ કલાકારની 'જો-હુકમી' ગણી રાતોરાત કલાકારને રિપ્લેસ કરી દીધાના દાખલા છે. હા, ક્યારેક કલાકારનો પણ વાંક હોતો હશે, મને મારી આખી ટીમ અકબંધ રહે એવી ભારોભાર ઇચ્છા હોય એ સ્વાભાવિક છે. કદાચ એટલે જ મેં આખી ટીમ જે 'છાનું છમકલું'મા હતી એ જ રિપીટ કરી. હા, જેમને વ્યક્તિગત પ્રોબ્લેમ હતા એમની વાત જુદી હતી, છતાં એમને પૂછી લેવાની મેં પૂરી કોશિશ કરી હતી. હવે નાટક જ્યારે અંતિમ તબક્કે પહોંચી ગયું, થિયેટર માટે ભટ્ટ સાહેબ જેવાનો સધિયારો મળી ગયો હોય ત્યારે કિનારે પહોંચતી નાવડી ડૂબી ન જાય એ મારે જોવાનું હતું... 'અરમાન થોડા ઓછા કરીએ તો સ્વમાન વેંચવાની જરૂર ન પડે...' આ વિચાર મનમાં રાખી મારે બધા પાસેથી કામ મેળવવું રહ્યું. મનમાં નક્કી કરી લીધું કે ખપ પુરતું જ બોલવું. એ પણ હકીકત છે કે બધાને પોતાની એક ક્ષમતા હોય છે. એની ઉપરવટ થઈને બુમબરાડા પાડવાનો કોઈ અર્થ નહોતો અને એનાથી સામે પક્ષે ફરક પડશે એવી આશા રાખવી પણ અસ્થાને હતી. આ સત્ય મને ધીમેધીમે સમજાય રહ્યું હતું. મારી ઇચ્છા તો, બધા 'મારી રીતે' મને કામ આપે એ હોય જ, પણ હંમેશાં એ શક્ય ન પણ બને. ઈચ્છાઓનું પ્રમાણ વધી જાય ત્યારે લોભનો જન્મ થાય છે અને અપેક્ષાઓ પૂરી ન થાય ત્યારે સામેની વ્યક્તિના દોષ દેખાવા લાગે છે અને પછી....

સાંજે હું ૫.૩૦ વાગે રિહર્સલમા પહોંચવા ૪ વાગે ઘરેથી નીકળતો જ હતો ત્યાં જ મને ભટ્ટ સાહેબનો ફોન આવ્યો કે આવતા રવિવારે સાંજે ૭.૪૫, આપણે નાટક તેજપાલ ઓડિટોરિયમમા રજૂ કરી દઈએ? 'રંગફોરમ'ના બેનરને તારીખ મળે છે....

મેં તરત હામી ભણી દીધી. મેં એમને કહ્યું કે તમે કાલે સાંજે આવી આખું નાટક જોઈ લો એટલે જી.આર.નું પણ ફાઈનલ કરી લઈએ. કોસ્ચ્યુમમાં ખાલી સોહિલ વિરાણી માટે ઇન્સ્પેક્ટરનો ડ્રેસ અને કોલગર્લનો એક ડ્રેસ જ લેવાના હતા. બાકી બધા તો એ જ કલાકારો હતા એટલે કોઈ ટેન્સન હતું નહિ.

બરાબર ૫.૨૦ વાગે હું ફાર્બસ હોલ પહોંચી ગયો. મારા આશ્ચર્ય વચ્ચે, કુમુદ બોલે અને કિશોર દવે બંને આવી ગયાં હતાં અને બીજા અંકનાં સંવાદો રટી રહ્યાં હતાં. હું ત્યાં પહોંચ્યો. નાટકમાં બીજા અંક સુધીનું જ કિશોર દવેનું કામ હતું. એમના 'મર્ડર' સાથે બીજો અંક પૂરો થતો હતો. દવે મને કહે,'બીજા અંક સુધી હું તારું નાટક બરાબર સંભાળી લઈશ' પછી કુમુદ બોલે સામે જોઇને કહે, 'બાદમે..તુમ્હારે હવાલે વતન સાથીઓ !' બધા મુક્ત મને હસ્યા.

કિશોર દવે માટે મને ખરેખર બહુ નવાઈ લાગી. સાથે આનંદ પણ થયો કે નાટકની નાવડી મારી હવે હસતા-હસાવતા કિનારે પહોંચી જશે. આ મારી અપેક્ષા હતી. બધું સીધું ઊતરે એવી ઈશ્વરને પ્રાર્થના કરી સેટ કરેલા બંને અંક બધા આવી જતા મેં શરૂ કરી દીધા. બે અંકના રિહર્સલ પૂરા થતા ભટ્ટ સાહેબે આપેલા 'તેજપાલ'નાં ખુશખબર બધાને આપ્યા. તુષારભાઈ રિહર્સલ ચાલતા હતા ત્યારે જ આવી ગયેલા. જો કે બધા રાજી થયા. મેં તુષારભાઈ સામે જોયું. મને કહે, મને આ વિશે ભટ્ટ સાહેબનો ફોન આવી ગયો હતો અને મેં ધનવંત શાહને તેજપાલ થિયેટરની ઓફિસમા ભાડાના પૈસા ભરવા મોકલી દીધા છે. રાજેન્દ્ર સાથે પણ મારે વાત થઇ ગઈ છે.

મારી ખુશીમાં થોડો ઓર ઉમેરો થયો કે ચાલો, તેજપાલ હવે એકદમ ફાઈનલ થઈ ગયું.

મેં ત્રીજો અંક સેટ કરવાની શરૂઆત કરી. ત્રીજો અંક પહેલા બે અંકના પ્રમાણમાં નાનો હતો, પણ એમાં સીન્સ બધા ધમાકેદાર હતા એટલે થોડું વધારે ધ્યાન રાખવું જરૂરી હતું. આમ પણ નાટક માટે કહેવાય છે કે નાટક પૂરું થયા પછી પ્રેક્ષકો સારી અને હકારાત્મક ઇમ્પ્રેશન લઈને નીકળે તો તમારું નાટક 'હીટ' થઇ જાય. મારે પણ આ વાત પણ ધ્યાન રાખવાની હતી.એકાદ કલાકમાં મેં ત્રીજો અંક સેટ કરી લીધો પછી બે-વાર એ જ ત્રીજો અંક ફરી-ફરી કર્યો. કલાકારો માટે પણ સહજતા રહે એ વાત ધ્યાનમાં રાખી. વચ્ચે આદત મુજબ કિશોર દવેની દલીલો તો નીકળી, પણ મને પડતું દર્દ મેં છુપાવી લીધું. આપણા દર્દનું કારણ કોઈને સમજાવવું પડે એના કરતાં નાનકડું 'સ્માઈલ' આપીને દર્દને છુપાવી લેવું વધુ સારું. મેં પણ એમની દલીલોને હસવામાં કાઢી નાંખી. ગાડી પાછી એવી જ રીતે પાટે ચડી ગઈ જેવી મેં ફાર્બસ હોલમાં આવતા અનુભવી હતી.

બીજા દિવસે ફરી સાંજે મળ્યા. કોસ્ચ્યુમ માટે તુષારભાઈએ જવાબદારી લઇ લીધી. વર્ષોથી ગુજરાતી ફિલ્મો અને નાટકો માટે ડ્રેસ તૈયાર કરતાં 'કે.કે.ટેલર્સ' પાસે આજે પણ બધા કલાકારોના માપ છે, ફોન કરી સોહિલ વિરાણી માટે ઇન્સ્પેક્ટરનાં ડ્રેસનું કહી દીધું.

આજે ગુરુવાર હતો. શુક્ર અને શનિવાર જી.આર. કરવાનું નક્કી કર્યું. હિન્દુજામાં જે. અબ્બાસ સાથે બુકિંગ માટે વાત કરી. કાલે સવારે ૯ થી રાત સુધી અને શનિવારે સાંજે ૪ થી રાત્રે ૧૧ વાગ્યા સુધીનો સમય મળી ગયો.

તુષારભાઈએ સેટિંગ્સ માટે ફલી મિસ્ત્રીને કહી દીધું. એમણે સેટને કલર કરાવી લીધો હતો અને પ્રોપર્ટીની બેગ્સ સાથે સેટ હિન્દુજા થિયેટર પર પહોંચી જશે એની બાહેંધરી પણ આપી દીધી. દુઃખ એક જ થયું કે ભટ્ટ સાહેબ આવી ન શક્યા. એમને ફોન કરી શિડ્યુલ જણાવી દીધો.

'બધા સવારે ૯ વાગે મળીશું..' કહી મેં બધાને રજા આપી. હું, તુષારભાઈ,ધનવંત શાહ અને ભ.જો. થોડી ગુફતગુ કરવા બેઠા.... ■

****

*જ્યાં જેનું નહિ પારખું, ત્યાં તેનું નહિ કામ,*
*ધોબી બિચારો શું કરે? જ્યાં નાગોનું ગામ.*

**ડબ્બલ રિચાર્જ**

*પતિ-પત્ની બંનેએ સંસ્કૃત શીખી લેવું જોઈએ, જેથી ઝગડો થાય તો આજુબાજુમા એમ લાગે કે પૂજા ચાલી રહી લાગે છે...*

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# હમ સે આયા ના ગયા, તુમસે બુલાયા ના ગયા

## દોઢ ફૂટના અંતરે સન્મુખ બેઠેલા પ્રેમીઓના અંતર વચ્ચેનું અંતર દોઢસો જોજન જેટલું હોવાની લાગણી તલત મેહમૂદના કંપનભર્યા સ્વરમાં આબાદ વ્યક્ત થાય છે



મહિલા દિન નિમિત્તેની વિશેષ પૂર્તિ હોવાથી બાકી રહેલો તલત મેહમૂદ - સંગીતકાર જુગલબંધીનો ત્રીજો અને અંતિમ મણકો આજે પેશ છે. તલત મેહમુદના એકલગીત સાથે યુગલગીત પણ ખાસ્સા લોકપ્રિયતાને વર્યા છે. ગઝલ અને દર્દભર્યાં ગીતોમાં એમનો જોટો જડવો મુશ્કેલ હતો. ‘જાએ તો જાએ કહાં’ હોય કે પછી ‘ઝિંદગી દેનેવાલે સૂન’ હોય અને ‘અંધે જહાં કે અંધે રાસ્તે’ હોય તલત સાબ અવ્વલ સાબિત થાય છે. સંગીત દિગ્દર્શકોએ લતા મંગેશકર, આશા ભોસલે અને સુરૈયા સાથે તલતજીના તૈયાર કરેલા યુગલગીત આજે પણ સંગીત પ્રેમીઓ નથી વીસર્યા. કમર જલાલાબાદી - હંસરાજ બહલની જોડીનું ‘રાજધાની’ ફિલ્મનું ‘ભૂલ જા સપને સુહાને ભૂલ જા’ (તલત - લતા) ઓછું જાણીતું છે પણ દર્દભર્યાં ગીતને તલતજી કેવું ભાવવાહી બનાવી દે છે એનો આ ગીત પુરાવો છે. સુરૈયા સાથેનું યુગલગીત ‘રાહી મતવાલે’ રજૂ ન થાય ત્યાં સુધી સંગીત પાર્ટી પૂરી ન થાય એવો રિવાજ બની ગયો હતો. પેશ છે અન્ય સંગીતકારો સાથેના તલત મેહમૂદના ક્યારેય ન ભુલાય એવાં ગીતોની નાનકડી સફર.

### સંગીતકાર મદનમોહન

‘હમ સે આયા ન ગયા તુમસે બુલાયા ના ગયા’ (દેખ કબીરા રોયા), ‘યે નયી નયી પ્રીત હૈ, તૂ હી તો મેરા મીત હૈ’ (પોકેટમાર - લતા દીદી સાથે યુગલગીત), ‘મેરી યાદ મેં તુમ ના આંસુ બહાના, ના જી કો જલાના, મુજે ભૂલ જાના’ (મદહોશ), ‘મેરા કરાર લે જા, મુજે બેકરાર કર જા, દમ ભર તો પ્યાર કર જા’ (આશિયાના)... હિન્દી ફિલ્મ સંગીતના ગઝલના બે દાદા લોકોની ચીર સ્મરણીય પેશકશ છે. એમાંય ‘દેખ કબીરા રોયા’માં અનુપ કુમાર અને શુભા ખોટે પર પિક્ચરાઈઝ થયેલા ‘હમસે આયા ના ગયા, તુમસે બુલાયા ના ગયા, ફાસલા પ્યાર મેં દોનોં સે મિટાયા ના ગયા’ ગીતમાં તલતસાબનાં સ્વર દોઢ ફૂટના અંતરે સન્મુખ બેઠેલા પ્રેમીઓ વચ્ચે જાણે દોઢસો જોજન જેટલા અંતરની પીડાનો અનુભવ કરાવે છે. સોને પે સુહાગા જેવી ગઝલના બે ગુણીજનની આ કમાલ છે. આ અફલાતૂન જોડીએ પંદરેક ફિલ્મમાં જોડી જમાવી પ્રેમ - વિરહના રસાયણથી આપણને મુગ્ધ કર્યા છે. મદનમોહન - તલતજીની અંતિમ ફિલ્મ હતી અભિનેતા ઓમ પ્રકાશ નિર્મિત ‘જહાં આરા’ જેમાં તલત મેહમૂદના ત્રણ એકલ અને એક યુગલ ગીત છે. મોહમ્મદ રફીના બે જ ગીત (એક એકલ અને એક યુગલ) છે જેના પરથી તલતજીના આધિપત્યનો ખ્યાલ આવે છે. ‘ફિર વોહી શામ વોહી ગમ વોહી તન્હાઈ હૈ, દિલ કો સમજાને તેરી યાદ ચલી આઈ હૈ’ ગીત કાને પડતા જ સ્મૃતિઓના દાબડા ફટાફટ ખૂલી એની ખુશ્બુથી ચિત્ત તરબતર થઈ જાય.

### સંગીતકાર ખૈયામ

પહેલી ચાર ફિલ્મ ‘હીર રાંઝા’, ‘પર્દા’, ‘બીવી’, ‘પ્યાર કી બાતેં’માં શર્માજી નામથી સંગીત રચના કર્યા પછી સંગીતકારે ખૈયામ (મોહમ્મદ ઝહૂર ખૈયામ હાશ્મી) નામથી પહેલી વાર ફિલ્મ ‘ફૂટપાથ’ (૧૯૫૩) માટે સ્વર રચના કરી. એ સમયે દિલીપ કુમાર માટે તલતજીનું ગળું એવું સમીકરણ બની ગયું હતું. એટલે નવાસવા ખૈયામ માટે તલતજી પાસે ગીત ગવડાવવું બહુ આસાન કામ હતું અને આપણને એક ક્યારેય ન વિસરાય એવું ગજબનાક ગીત ‘શામ - એ - ગમ કી કસમ, આજ ગમગીં હૈ હમ, આ ભી જા આ ભી જા આજ મેરે સનમ’ મળ્યું. આ ગીતની અમાપ લોકપ્રિયતાએ ખૈયામ સાહેબની કારકિર્દીને દોડવા માટે ઢોળાવ તૈયાર કરી આપ્યો. તલત સાબ - ખૈયામ સાબની એક નોન ફિલ્મી ગઝલ પણ કર્ણપ્રિય છે. જાં નિસાર અખ્તર લિખિત ‘કૌન કેહતા હૈ તુજે મૈંને ભૂલા રખા હૈ, તેરી યાદોં કો કલેજે સે લગા રખા હૈ’ સાંભળશો તો તલતજી માટે જ સ્વર રચના થઈ હોવાનો ખ્યાલ આવશે.

### સંગીતકાર સલિલ ચૌધરી

લોકસંગીતને પ્રાધાન્ય આપનારા મધુર સંગીતના સ્વરકાર સલિલ ચૌધરીની રચનાઓમાં કિશોર કુમાર કે મોહમ્મદ રફીની હાજરી ઓછી જ્યારે તલત મેહમૂદ અને મુકેશના ઘણાં ગીત સાંભળવા મળે. સંગીતનું અસાધારણ જ્ઞાન ધરાવનારા રાજુ ભારતને એક વાર જણાવ્યું હતું કે તલત મેહમૂદ માટે સલિલદાને ખૂબ લગાવ હતો અને એ તેમના પ્રિય સંગીતકાર હતા. સૌથી પહેલા તો લતા દીદી સાથેના યુગલ ગીત હોઠ પર રમવા લાગે. ‘આહ રીમઝીમ કે યે પ્યારે પ્યારે ગીત લિએ’ (ઉસને કહા થા - ૧૯૬૦) અને ‘ઇતના ના મુજસે તુ પ્યાર બઢા કે મૈં એક બાદલ આવારા’ (છાયા - ૧૯૬૧) આજની તારીખમાં પણ સાંભળશો તો રોમેન્ટિક બની જશો. આ તલત મેહમુદની ગેરંટી છે. તલતસાબ પડદા પર પણ નજરે પડ્યા હોય એવુંય એક દર્દભર્યું ગીત ‘રાત ને ક્યા ક્યા ખ્વાબ દિખાએ’ (એ ગાંવ કી કહાની - ૧૯૫૭) પણ યાદગાર ગીત છે.

### સંગીતકાર શંકર - જયકિશન

શંકર જયકિશને તલત મેહમૂદ પાસે ઓછા ગીત ગવડાવ્યાં છે, પણ એસજેનો સિતારો મધ્યાહ્ને હતો એ ૧૯૫૦ના દાયકામાં મખમલી અવાજમાં સ્વરબદ્ધ થયેલાં ગીતો અવિસ્મરણીય છે. દિલીપ કુમારની ‘દાગ’ (૧૯૫૨)માં ત્રણ ગીત જેમાંનું ‘અય મેરે દિલ કહીં ઔર ચલ, ગમ કી દુનિયા સે દિલ ભર ગયા, ઢૂંઢ લે અબ કોઈ ઘર નયા’ આજે પણ લોકોના હૈયે અને હોઠે સચવાયું છે. ત્યારબાદ એસજેએ ‘પતિતા’ (૧૯૫૩)માં તલતજી પાસે ‘હૈ સબસે મધુર વો ગીત’ અને ‘અંધે જહાં કે અંધે રાસ્તે’ પાસે સ્વરબદ્ધ કરાવ્યા જે ૧૯૫૦ - ૬૦ના હિન્દી ફિલ્મ સંગીતના શોખીનોને જરૂર યાદ હશે. આ જોડીની ‘શિકસ્ત’ (૧૯૫૩) ની ખાસ વાત એ છે કે તલત મેહમૂદ અને મોહમ્મદ રફી એમ બંનેએ એક જ ફિલ્મમાં દિલીપ કુમારને પ્લેબેક આપ્યું હોય એવી આ એકમાત્ર ફિલ્મ છે. તલતજીના બે સોલો અને એક ડ્યુએટ છે. અલબત્ત આજે એ ભુલાઈ ગયા છે. રાજ કપૂરની ‘બૂટ પોલિશ’માં ‘ચલી કૌન સે દેસ, ગુજરિયા તૂ સજ ધજ કે’ તલતસાબનું યાદગાર ગીત છે અને એનું પિક્ચરાઈઝેશન ગીતકાર શૈલેન્દ્ર પર કરવામાં આવ્યું છે. ‘એક ફૂલ ચાર કાંટે’નું તલત - લતાનું ડ્યુએટ ‘દિલ અય દિલ બહારોં સે મિલ’ બહુ મજેદાર છે. યુ ટ્યુબ પર વડીલો જોશે તો યુવાનીમાં વાઈફ સાથે દરિયા કિનારે આ ગીત કેમ ગણગણ્યું નહીં એનો અફસોસ ચોક્કસ થશે. ૧૯૬૧નું ચિત્રપટ ‘રૂપ કી રાની ચોરોં કા રાજા’માં તલત મેહમૂદના બે યુગલ ગીત અને એક એકલ ગીત હતું જેમાંથી ‘તુમ તો દિલ કે તાર છેડકર’ આજે પણ સંગીત રસિકો ગણગણતા હશે, પણ ફિલ્મ સુપર ફ્લોપ થયા પછી શંકર - જયકિશને ગાયક તરફથી પીઠ ફેરવી લીધી અને મોહમ્મદ રફીને પ્રાધાન્ય આપ્યું.

### સંગીતકાર સી. અર્જુન

‘મૈં તો આરતી ઉતારું રે સંતોષી માતા કી’ના સંગીતકાર તરીકે વધુ જાણીતા સી. અર્જુનની કેટલીક રચના આરતી ગીતની લોકપ્રિયતામાં વિસરાઈ ગઈ છે. એટલે જ કદાચ ‘સુશીલા’ ફિલ્મનું રફી - તલતનું યુગલગીત ‘ગમ કી અંધેરી રાત મેં દિલ કો ના બેકરાર કર’ (ગીતકાર જાં નિસાર અખ્તર) સ્મરણમાં નથી રહ્યું. સાંભળશો તો ખ્યાલ આવશે કે તલત સાબ આ ગીતમાં રફી સાબ સામે વેંત ઊંચા લાગે છે ૧૯૬૫ની નાના બજેટમાં બનેલી ‘એક સાલ પેહલે’ના આશા ભોસલે સાથેનું ડ્યુએટ ‘નઝર ઉઠા કે યે રંગીન સમાં રહે ના રહે, કરીબ આ કે યે મૌસમ જવાં રહે ના રહે’ એની મજેદાર ધૂનને કારણે કર્ણપ્રિય બન્યું છે. ■




# સિરિયલ કિસર

## મેરા તોહફા ઔર યહીં મેરા શ્રાપ..

ફિલ્મનામા

નરેશ શાહ

ભીગે હોંઠ તેરે, પ્યાસા દિલ મેરા...

ફિલ્મ ‘મર્ડર’ (૨૦૦૪)ના આ ગીતને વીસ વરસ પૂરાં થઈ ગયા છે, પણ આ ગીત અને ‘મર્ડર’ ફિલ્મે એ જમાનામાં તહેલકો મચાવી દીધો હતો, કારણકે એ ગ્રેડ્ના પ્રોડક્શન હાઉસે બનાવેલી કદાચ આ પ્રથમ એ ગ્રેડની ની ઈરોટિક- શૃંગારિક ફિલ્મ હતી. એ ફિલ્મની હોટમહોટ હિરોઈન મલ્લિકા શેરાવત તો જો કે એ પછીની બે-ચાર ફિલ્મ પછી લગભગ સ્મૃતિશેષ થઈ ગઈ, પરંતુ એ ફિલ્મથી હિન્દી સિનેમાને મળેલો સિરિયલ કિસર ઈમરાન હાશ્મી આજે પિસ્તાલીસ વરસની ઉંમરે પણ ક્યારેક-ક્યારેક ચમકારા વેરીને (ટાઈગર-થ્રી માં એ વિલન હતો ) પોતાની હાજરી પુરાવતો રહે છે.

આ ઈમરાન હાશ્મી તમને ગમતો હોય કે ન ગમતો હોય, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં એ અમરત્વ પામી ગયો છે એને મળેલાં ‘સિરિયલ કિસર’ના ટેગને કારણે...

જે ફિલ્મજગત ચુંબનને પણ પ્રતીકાત્મક (બે કબૂતર યા બે ડાળીઓનું આપસમાં મળવું) રીતે દર્શાવતું હોય અને જ્યાં ‘લીપ ટૂ લીપ’ ચુંબનનું એક દ્રશ્ય પણ ‘એ ’ સર્ટિફિકેટ સાથે ખૂબ બધી ચર્ચા જગાવી જતું હોય એ ફિલ્મજગત અને એના દર્શકો તમને સિરિયલ કિસર’ નું બિરુદ આપી દે,એ ખરેખર તો ન માન્યમાં જેવી વાત છે. .

ગયા સપ્તાહે જ ઓન એર થયેલી ‘શોટાઈમ’ વેબ સિરિઝના પ્રથમ એપિસોડની સાતમી મિનિટે જ મૌની રોયને તસતસતું ચુંબન ઈમરાન હાશ્મી કરતો હોય એવું દ્રશ્ય છે. એ દ્રષ્ટિકોણથી મહેશ ભટ્ટનો આ ભાણિયો હિન્દી સિનેમાનો એક યાદગાર પીસ તો બની ગયો છે.

ઈમરાનને ‘સિરિયલ કિસર’ નું ટેગ કઈ રીતે વળગી ગયું, એ ખરેખર જાણવા જેવું છે.




મામા મહેશ ભટ્ટે પોતાના આ ભાણેજ ઈમરાન હાશ્મી (જન્મ : ૨૪ માર્ચ, ૧૯૭૯) ને થાળે પાડવા માટે પહેલાં તો એને પોતાના પ્રોડકશન હાઉસમાં બનતી ફિલ્મોમાં આસિસ્ટન્ટ બનાવ્યો, પણ ભાણિયો તેમાં સિરિયસ નહોતો, છતાં આસિસ્ટન્ટ તરીકેની ક્રેડિટ એને ‘રાઝ’ અને ‘કસુર’ ફિલ્મમાં આપવામાં આવેલી આને જ ‘નેપોટિઝમ’ કહેવાય, કારણકે પોતાને ડિરેકશનમાં જરાય રસ ન હોવાથી એ કાયમ સેટ પરથી છટકી જતો એવું ખુદ ઈમરાન હાશ્મીએ પોતે લખેલી કિતાબ કિસ ઓફ લાઈફ માં લખી ચૂક્યો છે. ખેર, એ પછી મામા મહેશ ભટ્ટે એને ‘યે જિંદગી કા સફર’ નામની ફિલ્મમાં (ડિરેકટર : તનુજા ચંદ્રા) અમીષા પટેલ સામે હીરો તરીકે લેવાનું નક્કી કર્યું તો ભાણિયાએ ત્યારે પણ ના પાડી દીધી. આખરે ‘ફૂટપાથ’ (૨૦૦૩) ફિલ્મથી ઈમરાન લોન્ચ થયો. એ ફિલ્મમાં પણ એણે હીરો બનવાનું હતું પણ સ્ક્રીપ્ટ વાંચીને એણે રઘુનું સેકન્ડ લીડ પાત્ર પસંદ કર્યું.

‘ફૂટપાથ’ ના પ્રથમ શોટ વખતે ૪૫ રિ-ટેક અને યુનિટનો એક આખો દિવસ બગાડનારા ઈમરાનની કિસ્મત જુઓ કે બીજી જ ફિલ્મ ‘મર્ડર’થી એ તરુણીઓનો હાર્ટથ્રોબ -દિલની ધડકન બની ગયો.

અનુરાગ બાસુ દિગ્દર્શિત મર્ડરમાં ઈરોટિક દ્રશ્યો અને ચુંબનની ભરમાર હતી. એ પછી ઈમરાન હાશ્મીએ કરેલી તુમસા નહીં દેખા- ઝહર-આશિક બનાયા આપને- કલયુગ- જવાની દીવાની- ગેંગસ્ટર- ધ કિલર- ધ ટ્રેન- આવારાપન- જન્નત- રાઝ- તુમ મીલે, ઈત્યાદિ , ફિલ્મોમાં ઈમરાન હાશ્મીએ ચુંબનનાં અનેક દ્રશ્યો કર્યા. કહો કે કરવા પડ્યા, કારણ કે ત્રીજી જ ફિલ્મથી એના પર ‘સિરિયલ કિસર’ નું બિરુદ લાગી ગયું હતું.

અમિતાભ બચ્ચનની આલાપ- મંઝિલ- બેમિસાલ કે જુર્માના કે મિલીને સુપરહિટ થવાનું સૌભાગ્ય ન મળ્યું તેની પાછળ એંગ્રી યંગમેનની ઈમેજ જવાબદાર હતી. તેવું જ ઈમરાન હાશ્મી સાથે પણ થવા માંડ્યું હતું. એણે કહ્યું છે એમ જે ફિલ્મોમાં મેં કિસ નથી કરી, એમાંની કેટલીક ફિલ્મ તો થિયેટરમાં નામોનિશાન છોડ્યા વગર જ ઊતરી ગઈ હતી.... કિસ વગરની મારી ફિલ્મો એક ખાસ દર્શકગણને ખૂબ નારાજ કરી દેતી હતી. થિયેટરમાં ઊભા થઈને રાડો પાડતાં :

કિસ કેમ નથી કરતો ? બીમાર છો કે શું?’

અમિતાભની ફાઈટ કે ગુસ્સા વગર, શાહરુખ ખાનના હાથના ફેલાવ વગર કે સલમાન ખાનના શર્ટ ઊતર્યા વગરની ફિલ્મો તેના ચાહકોને ન ગમે તેવી જ રીતે ચુંબનનાં દ્રશ્યો વગરની ઈમરાનની (કોઈ કોઈ અપવાદ સિવાયની) મોટાભાગની ફિલ્મો ત્યારે સફળ થતી નહોતી અને પ્રોડયુસરો પણ ઈચ્છતાં કે ઈમરાન એની ફિલ્મની હિરોઈન સાથે ચુમ્મા-ચાટી કરે.

- પણ ‘એ મારા જ કરેલાં કર્મોનું પરિણામ હતું ...’ એવું ખુદ ઈમરાન સ્વીકારી ચૂક્યો છે.

આ કિસ્સો જાણવા જેવો છે...

એક વાર મિત્ર સાથે ઈમરાન મોરેશિયસમાં હતો. આગલા દિવસે એ મિત્ર બજારમાંથી થોડાં વસ્ત્રો ખરીદી લાવેલો તેની ઈમરાનને ખબર હતી. એ મિત્ર હોટેલની રૂમ છોડીને બહાર ગયો ત્યારે રિસેપ્શન પરથી એના રૂમની ચાવી લઈને ઈમરાને રૂમ ખોલ્યો અને પોતાને ગમતું ટી-શર્ટ સેરવી લીધું. એ સાંજે ‘જવાની દિવાની’ ફિલ્મના ટ્રેલર માટેનાં થોડાં શોટ લેવાના હતા. ઈમરાન મિત્રના રૂમમાંથી તફડાવેલું ટી-શર્ટ પહેરીને મોરેશિયસના બીચ પર પહોંચી ગયો. જરૂરી શોટ લેવાયા જેમાં એક દ્રશ્યમાં ઈમરાન હાશ્મીની પીઠ દેખાતી હતી. એ પીઠ પર ટી-શર્ટમાં છાપેલું લખાણ વંચાતું હતુંઃ ‘સિરિયલ કિસર’ .

પછી તો ‘જવાની દિવાની’ ફિલ્મનું એ દશ્ય ટ્રેલરમાં એટલું ચલાવામાં આવ્યું કે કે ૨૦૦૬માં ફિલ્મ રિલીઝ થઈ ત્યારે મીડિયાએ ઈમરાનને ‘સિરિયલ કિસર’ની ટેગ સજ્જડ રીતે ચિપકાવી દીધી, જે લગભગ એક-દોઢ દશક સુધી ઈમરાન હાશ્મી સાથે ચીપકેલું રહ્યું. બેશક, ‘સિરિયલ કિસર’ની એ ઈમેજ ઈમરાનની એક બ્રાન્ડ વેલ્યૂ બની ગઈ હતી. આ કારણે એને કોઈએ સિરિયસ એકટર ગણ્યો નહીં...

પોતાના પુસ્તક ‘કિસ ઓફ લાઈફ’ માં ઈમરાનના શબ્દો છે :

(સિરિયલ કિસરનો ટેગ જ) મેરા તૌહફા હૈ ઔર યહીં મેરા શ્રાપ ભી....! ■

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# બહુત હુઆ કેમેરા પે સમ્માન, અબ તો જી બોલેંગે હમ હી એક્શન


## એક્ટર હોવા ઉપરાંત ફિલ્મ્સ જાતે ડિરેક્ટ કરી હોય તેવાં આ રોચક નામો વિશે જાણો છો?













ફિલ્મ મડગાંવ ‘એક્સપ્રેસ’ના થોડા દિવસો પહેલાં રિલીઝ થયેલા ટ્રેલરમાં દિગ્દર્શક તરીકે કુણાલ ખેમુનું નામ જોવા મળે છે. હા, કુણાલ ખેમુ એટલે ‘કલયુગ’, ‘ગો ગોવા ગોન’, ‘ગોલમાલ’ સિરીઝ, વગેરે ફિલ્મ્સનો એક્ટર, પણ ડિરેક્ટર તરીકે એનું નામ કેમ? ના, આ કોઈ ભૂલ નથી. એ ફિલ્મ કુણાલ ખેમુએ જ ડિરેક્ટ કરી છે. ના, એણે એક્ટર તરીકે નિવૃત્તિ નથી લીધી. એક્ટર તરીકે કાર્યરત હોવા ઉપરાંત એણે ફિલ્મ ડિરેક્ટ પણ કરી છે. એક્ટર્સ ફિલ્મ્સ પ્રોડ્યુસ તો કરતાં જ હોય છે, પણ ડિરેક્ટર તરીકે નવું ક્રિએટિવ પદ સંભાળે એવા ઘણા ઉદાહરણ પણ આપણી સમક્ષ છે.

એક્ટર તરીકે અતિ જાણીતા અને પ્રસ્થાપિત હોવા ઉપરાંત ડિરેક્ટર બનનાર વ્યક્તિઓની યાદીમાં રાજ કપૂર, દેવ આનંદ, આમિર ખાન, ફરહાન અખ્તર (જોકે ફરહાન પહેલા ડિરેક્ટર બન્યો હતો), અજય દેવગણ, આર. માધવન, કંગના રનૌત, વગેરે વિશે સામાન્ય દર્શક ઘણોખરો માહિતગાર છે, પણ આ ઉપરાંત પણ સરખામણીમાં ઓછા જાણીતા કે પછી સહકલાકાર કે ચરિત્ર ભૂમિકાઓમાં કામ કરતા કલાકારોના ડિરેક્ટરની ખુરશી પર બેસવાના કિસ્સાઓ છે, જેની દર્શકોને જાણ નથી હોતી. એક તો દર્શકોને દિગ્દર્શકનું નામ જોવાની આદત ઓછી હોય અને જો જુએ તો પણ તે કલાકારોના ચહેરા જેટલા તેમના નામથી લોકો પરિચિત હોતા નથી. એટલે જ જેવું આમિર ખાન ફિલ્મ ડિરેક્ટ કરે ત્યારે ‘ઓહ, આમિર ખાન ડિરેક્ટર છે?’ જેવું દર્શકોનું રિએક્શન ઉપરોકત લખ્યું તે શ્રેણીના કલાકારોને મળતું નથી. અને એટલે જ ચાલો, જાણીએ એવા આર્ટિસ્ટ્સ અને એમની ડિરેક્ટર તરીકેની ફિલ્મ્સ વિશે. સતીશ કૌશિક નામ ખબર છે? હા, સામાન્ય દર્શક માટે આ એવું જ નામ છે કે જેમને ફિલ્મ્સમાં જોયા તો હોય, ચહેરાથી ઓળખતા પણ હોય, પણ એમના નામનો પરિચય ઓછો હોય. સતીશ કૌશિક એટલે ‘મિસ્ટર ઇન્ડિયા’ના કેલેન્ડર, ‘મિસ્ટર એન્ડ મિસિસ ખિલાડી’ના ચંદા મામા અને ‘દીવાના મસ્તાના’ના પપ્પુ પેજર. હમણાંની વાત કરીએ તો ‘શર્માજી નમકીન’ના ચઢ્ઢાજી, ‘સ્કેમ ૧૯૯૨’ના મનુ મુંદ્રા અને ‘કિસી કા ભાઈ કિસી કી જાન’ના નદીમ ચાચા. હા, દુર્ભાગ્યવશ સ્વર્ગસ્થ સતીશ કૌશિક, પણ એમણે આ જાણીતાં પાત્રો ભજવ્યાં એ ઉપરાંત પોતે ફિલ્મ્સ પણ ડિરેક્ટ કરી છે એ સૌને ખબર નહીં હોય. તમને સલમાન ખાનની ‘તેરે નામ’, અનિલ કપૂર-શ્રીદેવીની ‘રૂપ કી રાની ચોરો કા રાજા’ કે હિમેશ રેશમિયાની ‘કર્ઝ’ વિશે તો ખબર જ હશે. હા, આ બધી ફિલ્મ્સના દિગ્દર્શક એટલે સ્વ. સતીશ કૌશિક.

ફક્ત આ ત્રણ જ નહીં, ‘પ્રેમ’ (૧૯૯૫) અને ‘હમ આપકે દિલ મેં રહતે હૈ’ (૧૯૯૯)થી માંડીને ૨૦૨૧માં રિલીઝ થયેલી પંકજ ત્રિપાઠી અભિનીત ‘કાગઝ’ સહિત કુલ ૧૪ ફિલ્મ્સ એમણે ડિરેક્ટ કરી છે. અમુક ફુલટાઇમ ડિરેક્ટર્સની તો આખી કારકિર્દીમાં પણ આટલી ફિલ્મ્સ નથી હોતી. જો કે ફિલ્મ્સની સંખ્યા ગુણવત્તાનો માપદંડ નથી , પણ કહેવાનો અર્થ એ કે સતીશ કૌશિકને ફક્ત એક્ટર તરીકે નહીં ગણવા માટે આ સંખ્યા, ફિલ્મ્સના નામ અને તેની સફળતા પૂરતા છે. અહીં ચરિત્ર ભૂમિકા ભજવનાર આર્ટિસ્ટ્સની આપણે વાત કરવી છે, પણ એમાં પણ અમુક નામ એવાં જડી આવે કે જે કારકિર્દીની શરૂઆતમાં મુખ્ય ભૂમિકા ભજવનાર હીરો કે હિરોઈન હોય, પછીથી સહ કલાકાર બને અને એ પછી ડિરેક્ટર પણ બને. અભિનેત્રી કમ ડિરેક્ટર રેવતી એટલું એવું જ એક નામ. ના ઓળખાણ પડી? રેવતી એટલે એમ તો તમિલ અને મલયાલમ સિનેમાનું મોટું નામ. આ ઉપરાંત એમણે તેલુગુ, હિન્દી અને કન્નડ ફિલ્મ્સમાં પણ કામ કર્યું છે. એમની પહેલી જ તમિલ ફિલ્મ ‘મન વસનાઈ’ (૧૯૮૩) સુપર સક્સેસફુલ રહી હતી અને રેવતીને એ માટે ‘ફિલ્મફેર’ એવોર્ડ પણ મળ્યો હતો. હિન્દી ફિલ્મ્સ જોનાર દર્શકોને વધુ ઓળખાણ માટે વાત કરીએ તો ૧૯૯૧માં રેવતીએ સલમાન ખાન સાથે ‘લવ’માં મુખ્ય ભૂમિકા નિભાવી હતી. એ ઉપરાંત એમણે ‘ડરના મના હૈ’, ‘અબ તક છપ્પન’, ‘૨ સ્ટેટ્સ’ અને છેલ્લે ‘ટાઇગર ૩’માં કામ કર્યું છે. ડિરેક્ટર તરીકે રેવતીએ પાંચ ફિલ્મ્સમાં કામ કર્યું છે. એમની ફિલ્મ્સના વિષય મજેદાર રહ્યા છે. ૨૦૦૨માં એમણે ડિરેક્ટર તરીકે શરૂઆત કરી ઈંગ્લીશ ફિલ્મ મિત્ર, ‘માય ફ્રેન્ડ’થી. એમની પહેલી જ ફિલ્મને ૪૯મા નેશનલ ફિલ્મ ‘એવોર્ડ્સ’માં બેસ્ટ ઈંગ્લીશ ફિલ્મ ઓફ ધ યર એવોર્ડ મળ્યો હતો. એ પછી રેવતીએ ડિરેક્ટ કરી શિલ્પા શેટ્ટી, સલમાન ખાન અને અભિષેક બચ્ચન સ્ટારર ‘ફિર મિલેંગે’ (૨૦૦૪). ફિલ્મ હતી તત્કાલીન ચર્ચાસ્પદ સબ્જેક્ટ એચઆઇવી એઇડ્સ પર. એ ઉપરાંત રેવતીએ ‘કેરલા કેફે’ (૨૦૦૯) અને ‘મુંબઈ કટિંગ’ (૨૦૧૦) એન્થોલોજી ફિલ્મ્સમાં એક-એક સ્ટોરી ડિરેક્ટ કરી છે. એમની પાંચમી અને લેટેસ્ટ ડિરેક્ટોરીયલ ફિલ્મ એટલે કાજોલ અને વિશાલ જેઠવા દિગ્દર્શિત ‘સલામ વેન્કી’ (૨૦૨૨).

સામાન્યપણે એક્ટરના ચહેરાથી ફિલ્મ ઓળખાતી હોય છે એટલે જ જયારે એ એક્ટર કેમેરા પાછળ હોય ત્યારે એની ખાસ નોંધ લેવાતી નથી, પણ સિનેમાના એમાંના અમુક જીવ એવા પણ હોવાના કે જેમને પોતે જે વાર્તાઓમાં અભિનય કરે છે તે વાર્તાઓ કોઈ વખત કેમેરા પાછળથી કહેવાની ઈચ્છા પણ થાય.

એવા જ વધુ એક આર્ટિસ્ટ છે કે જે એક્ટરની સાથે સારા ડિરેક્ટર પણ છે- રજત કપૂર. હા, નામ સાથે તમને ચહેરાની ઓળખ પણ આપું. રજત કપૂર એટલે ‘કપૂર એન્ડ સન્સ’ના હર્ષ કપૂર, ‘ભેજા ફ્રાય’ના રણજીત થડાની અને હિન્દી ‘દ્રશ્યમ’ના તબુના પાત્ર મીરા દેશમુખના પતિ મહેશ દેશમુખ. રજત કપૂર થિયેટર સાથે પણ અતિશય સક્રિય રીતે જોડાયેલા છે. (જુઓ પાનું ૮)

ટૂંકી વાર્તા

નિરંજન મહેતા

# ગૃહપ્રવેશ



નિત્યક્રમ પ્રમાણે પ્રભુસ્મરણ કરતાં કરતાં મહેશભાઈની નજર કેલેન્ડર પર પડી. જોયું તો આજે પહેલી એપ્રિલ હતી. તે સાથે યાદ આવ્યું કે આજે આ ઘરમાં પગ મૂક્યાને ત્રીસ વરસ થઈ ગયા. આ યાદ આવતા માળાના મણકા ફરતાં અટકી ગયા અને તે અતિતમાં ખોવાઈ ગયા.

બાપા સાથે નજીવી બાબતોમાં થતો વાદવિવાદ એક દિવસ હદ વટાવી ગયો અને ખુમારીમાં પહેરેલે કપડે ઘર છોડી દીધું હતું. આગળ શું થશે તેની ચિંતા કર્યા વગર. શરૂઆતમાં લોન અને આર્થિક સંકડાશને કારણે મુસીબતો તો હતી પણ સુજાતાની સૂઝબૂઝને કારણે તેમનો સંસાર ધીરે ધીરે પાટે પડી ગયો હતો.

જોકે સુજાતાએ વેઠેલી તકલીફો તેમની નજર બહાર ન હતી. પણ સંજોગાનુસાર તેને નજરઅંદાઝ કરવી પડી હતી. નોકરીને કારણે વ્યસ્ત હોય ઘર પ્રત્યે જોઈતો સમય ન અપાય અને તેમાંય એક પુત્રીનો ઉછેર પણ સુજાતાના માથે. પણ આ બધું તેણે હસતે મોઢે પાર પાડ્યું હતું.

ઘર માંડ્યા પછીના દૃશ્યો એક ફિલ્મની જેમ પાંપણના પડદે ફરવા માંડ્યા. નોકરીમાં સમયે સમયે બઢતી, આર્થિક છૂટ, દીકરીના લગ્ન, દોહીત્રનો જન્મ, તેનું બાળપણ, ઓહોહો, કેટલી બધી સુખદ ઘટનાઓ... પણ જેમ ગુલાબને કાંટા હોય અને ચૂભે તેમ ત્રીસ વરસમાં બનેલી દુઃખદ ઘટનાઓ પણ યાદ આવવા લાગી જેમાં આજથી ત્રણ મહિના પહેલાની એક ઘટના તેમના માનસપટ પર ઊભરાઈ આવી. જેને કારણે પોતાની ગૃહસ્થિમાં તડ પડેલી તે યાદ આવતા તેઓ સોફા પરથી ઊભા થઈ ગયા અને અસમંજસમાં આંટા મારવા લાગ્યા. એક નાની ગેરસમજે કેવું સ્વરૂપ લીધું તેનો વિચાર કરતા તેઓ હચમચી ગયા.

આજ સુધી તે ગેરસમજ કેમ દૂર કરવી તેની તેમને સમજ પડતી ન હતી. સુજાતાના મનમાં ઘર કરી ગયેલો વહેમ દૂર કરવામાં હજી સુધી તેઓ અસફળ રહ્યા હતાં.

અતિતમાં આમ ખોવાયેલા મહેશભાઈને કાને કાકાના શબ્દ પડતા તેઓ વર્તમાન સમયમાં આવી ગયા. જોયું તો પાડોશી અવિનાશભાઈની દીકરી નિહારિકા દરવાજે ઊભી હતી.

વર્ષોથી એકબીજાના પાડોશી રહ્યા હોય મહેશભાઈ અને અવિનાશભાઈને ઘર જેવો સંબંધ. નાની હતી ત્યારથી નિહારિકા તેમની આંખ સમક્ષ ઉછરી હતી. જાણે આ પોતાનું ઘર હોય તેમ તે વિના રોકટોક આવતી જતી. દેખાવે સુંદર, યોગ્ય બાંધો અને તેના અલ્લડપણાને કારણે આગળ જતાં કોલેજમાં પણ તે હંમેશાં ચર્ચામાં રહેતી, પણ કોઈ લફરામાં પડી ન હતી કારણ તેના સંસ્કાર.

તેમ છતાં તેની એક નબળાઈ હતી અને તે હતી મહેશકાકા પ્રત્યે કોઈ અગમ્ય ખેંચાણ. નાનપણમાં તો નિર્દોષ મસ્તી થતી પણ સમજણ આવતા તે લાગણી ક્યારે ખેંચાણમાં પરિવર્તિત થઈ ગઈ તેનો તેને ખ્યાલ પણ ન રહ્યો. નાના અમથા કારણને બહાને તે દિવસમાં એક વાર તો કાકાને જોવા આવી જતી.

જોકે તે તકેદારી રાખતી કે તેની આ અગમ્ય લાગણીનો અણસાર કાકા કે કાકીને ન આવે. તેને સમજ તો હતી કે કાકા તેની પિતા સમાન છે અને આવી લાગણી યોગ્ય નથી પણ ૬૦ની ઉંમરે પણ ૪૫ના લાગતા કાકાનું વ્યક્તિત્વ જ એવું હતું કે તે આ સમજને ઘોળીને પી ગઈ હતી, એમ કહેવું ખોટું નથી.

આજે અચાનક તેને જોઈ મહેશભાઈ થોડા સંકોચમાં પડી ગયા. આ એ જ નિહારિકા હતી જેને કારણે પોતાનો ઘરસંસાર ભાંગી ગયો હતો અને છતાં ફિક્કું હસતા આવકાર અપાઈ ગયો. એ સાથે ત્રણ મહિના પહેલાનો પ્રસંગ પણ માનસપટ પર છવાઈ ગયો.

તે સમયે નિહારિકાના લગ્ને લેવાના હતાં. હંમેશની મુજબ મહેશભાઈના ઘરનો દરવાજો ખુલ્લો હતો. કોઈક પ્રસંગને અનુરૂપ તે કાકી પાસે સારી સાડી લેવા આવી હતી પણ સુજાતા બહાર ગઈ હતી, એમ મહેશભાઈએ કહ્યું તો વાંધો નહીં અને તેમનો કબાટ ખોલવાની છૂટ છે એમ સહજતાથી બોલી તે અંદર બેડરૂમમાં ગઈ. કબાટ બંધ હોય કાકાને બૂમ મારી. કબાટ ખોલતી વખતે અનાયાસ મહેશભાઈનો હાથ નિહારિકાને અડી ગયો. મહેશભાઈને તો તેનો ખ્યાલ પણ ન હતો પણ તેમના હાથના સ્પર્શની નિહારિકા પર ન ધારેલી અસર થઈ અને મહેશભાઈ હજી કાંઈ સમજે વિચારે તે પહેલા નિહારિકા પોતાની દબાયેલી મનસાને અટકાવી ન શકી અને તે મહેશભાઈને વળગી પડી, પરંતુ મહેશભાઈએ પોતાની સમજ અને સ્વસ્થતા ગુમાવી ન હતી. આ શું કરે છે કહેતાં તેઓ નિહારિકાને પોતાનાથી દૂર કરવા લાગ્યા.

સુજાતા તે જ વખતે ઘરમાં દાખલ થઈ. મહેશભાઈને દીવાનખાનામાં ન જોતાં તે બેડરૂમ તરફ આવી અને તેની નજર સમક્ષ જે દૃશ્ય હતું તેનાથી તે હબક ખાઈ ગઈ. મહેશને આવા નહોતા ધાર્યા. આજકાલ ઘણું બધું સાંભળીએ છીએ અને વાંચીએ છીએ કે એકાંતનો લાભ લઈ પુરુષો અજુગતું કરે છે પણ પોતાના જ ઘરમાં આમ થશે અને પોતાને તે નજરોનજર જોવાનો દિવસ આવશે એમ તો સુજાતાએ કદીએ નહોતું ધાર્યું.

મહેશ, મેં તમને આવા નહોતા ધાર્યા બોલતા તે અંદર દાખલ થઈ. આ સાંભળતા જ નિહારિકા ચમકી અને પરિસ્થિતિનો ખ્યાલ આવતા વીલે મોઢે ત્યાંથી ભાગી છૂટી.

તું ધારે છે એવું કંઈ નથી એમ મહેશભાઈ બોલ્યા પણ સુજાતા એમ કાંઈ માને? મેં જોયું તે ખોટું? કહેતા તે બેગ ભરવા લાગી. આ શું કરે છેના જવાબમાં તે બેગ લઈ બહાર આવી. મહેશભાઈ ચમક્યા અને પૂછ્યું કે બેગ લઈ ક્યાં જાય છે?

'બસ, હવે બહુ થયું. હું અંજનીને ઘરે જાઉં છું. હવે તમારી સાથે નહીં રહેવાય.'

આ વાતને ત્રણ મહિના થયા પણ ન તો સુજાતા પાછી આવી ન કોઈ કહેણ.

એક પળમાં આ બધું યાદ આવ્યું પણ બીજી ક્ષણે તે સ્વસ્થ થઈ ગયા અને નિહારિકાને આવકારતા કહ્યું કે પહેલી વાર પિયર આવી છેને? પણ તારી કાકી તેની દીકરીને ત્યાં થોડા દિવસ રહેવા ગઈ છે એટલે તે તને નહીં મળે.

'કાકા, તમે એમ ધારો છો કે મને કાંઈ ખબર નથી એમં તમે માનતા હો તો તેમ નથી. માએ મને વાત તો કરી પણ ખરી હકીકત ફક્ત હું અને તમે જ જાણો છો. મારા કારણે તમારે આ દિવસો જોવાના આવ્યા તેથી કયા શબ્દોમાં માફી માંગુ તે નથી સમજાતું. પણ જો હું કાકીને પાછા લાવી શકું તો તે જ મારા માટે સાચું પ્રાયશ્ચિત રહેશે. તે દિવસે એક નબળી ક્ષણે હું ભાન ગુમાવી બેસી. તે જ દિવસે જો મેં ચોખવટ કરી હોત તો આજે આ પરિસ્થિતિ ન હોત, પણ સંકોચને લઈને હું ત્યારે તેમ ન કરી શકી તેનો અફસોસ તો છે પણ મને ખાતરી છે કે તમે મને જરૂર માફ કરશો.'

બેટા, મને નથી લાગતું કે હવે પરિસ્થિતિ સુધરે, કારણ મેં ઘણા પ્રયત્નો કર્યા છે પણ કોઈ પરિણામ વગરના. છતાં તેને લાગતું હોય કે તારે પ્રયત્ન કરવો જોઈએ તો મને વાંધો નથી પણ જો સફળતા ન મળે તો તેનું દુઃખ ન લગાડતી કારણ જે થયું તેમાં મારો કોઈ દોષ નથી તે હું જાણું છું એટલે તેને ભૂલીને હું જીવતા શીખી ગયો છું.'

રાત્રે લોજમાંથી આવેલ ભોજનને ન્યાય આપવા મહેશભાઈ તૈયારી કરતા હતા ત્યાં જ બારણેથી અવાજ આવ્યો કે હવે તમારે આ બધું કરવાની જરૂર નથી.

દરવાજા તરફ નજર નાંખી તો નિહારિકા ઊભી હતી. તેનો કહેવાનો મતલબ શું છે તે ન સમજાયું એટલે તે વિષે મહેશભાઈ કાંઈ પૂછે તે પહેલા નિહારિકાએ 'શરમાવાની જરૂર નથી' કહી હાથ પકડી પોતાની પાછળ ઊભેલા સુજાતાકાકીને આગળ કર્યા.

સારી રીતે તૈયાર થયેલ સુજાતાને જોઈ મહેશભાઈ ચમક્યા. એક મિનિટ તો તે માની ન શક્યા કે ખરેખર સુજાતા સામે ઊભી છે. પછી સમજાયું કે ના આ હકીકત છે એટલે નિહારિકાને આ કેમ થયું એમ પૂછે તે પહેલા નિહારિકા જ બોલી કે કાકા આ સ્વપ્ન નથી હકીકત છે.

'જે આટલા વખતથી હું ન કરી શક્યો તે કામ તે કઈ રીતે કર્યું?'

'કાકા, તે ભૂલી જાઓ અને આગળનું વિચારો.'

'એમ કેમ ભૂલી જાઉં? જાણવાની ઈન્તેજારી તો હોય ને ?'

'હું કહું તેને બદલે કાકીના મોઢે સાંભળવું વધુ ગમશે, કેમ કાકી?' કહેતા તેણે ત્યાંથી વિદાય લીધી.

જમવાને ન્યાય આપી આ કેમનું થયું હશે તેની અટકળો અને થોડા રોમાંચ સાથે મહેશભાઈ બેડરૂમમાં ગયા. કામ આટોપી સુજાતા થોડાક ખચકાટ સાથે અંદર પ્રવેશી અને થોડા અંતરે ઊભી રહી. રૂમમાં બોજારૂપ શાંતિ છવાઈ હતી કારણ એકને પૂછવાની હિમ્મત ન હતી તો બીજાને કાંઈ કહેવા શબ્દો ન હતાં.

એક યુગ જેટલો સમય વીતી ગયા પછી છેવટે સુજાતાએ જ બોલવું પડ્યું કે કયા કારણસર તે પાછી આવી. 'નિહારિકાએ ખુલ્લા દિલે તે દિવસના બનાવની બધી હકીકત કહી હતી અને કહ્યું હતું કે બધો વાંક તેનો છે.

મહેશકાકાએ ન તો તેનો ગેરલાભ લીધો હતો ન કોઈ દિવસ બૂરી નજરે તેની તરફ જોયું હતું. આટલી નિખાલસ ચોખવટ પછી સુજાતાને સમજાયું કે તેની વાત સાચી હશે નહીં તો તે આમ સહજ રીતે પોતાની જાતને નીચી ન દેખાડે. જો તેમ હોય તો મહેશને મેં અકારણ દોષ આપ્યો અને તે માટે હું ગુનેગાર છું અને મારે સ્વગૃહે પાછા જવું જોઈએ, પરંતુ આવતા સંકોચ થતો હતો. ત્યારે નિહારિકાએ જ ભાર દઈને કહ્યું કે કાકા તમને આવકારશે એટલે નચિંત રહેવા અને તેની સાથે ચાલવા કહ્યું. માફી માગવાને લાયક નથી પણ તેમ છતાં તેમ કહું તો માફ કરશોને?'

'આજે કયો દિવસ છે તે યાદ છે? આજથી બરાબર ત્રીસ વરસ પહેલા આપણે આ ઘરમાં પ્રવેશ કર્યો હતો. આજે ત્રીસ વરસે તારા પુનરાગમનથી થયેલ અનુભૂતિ અવર્ણનીય છે તો શબ્દો કહી માફ કરવાને બદલે અન્ય રીતે પણ માફ કરી શકાય છે.' કહેતા તેમણે સુજાતાને પાસે ખેંચી. ■

સાંપ્રત

ડી. જે. નંદન

# બચત કરવામાં અત્યારના બોલીવુડ સ્ટાર્સ ખૂબ જ સ્માર્ટ છે



અમિતાભ બચ્ચન, શાહરુખ ખાન, આમિર ખાન, રણબીર કપૂર, અજય દેવગન, કેટરિના કૈફ, દીપિકા પાદુકોણ અને આલિયા ભટ્ટ. આખરે આ બધામાં શું સામ્ય છે? સૌપ્રથમ આ તમામ બોલીવુડ સેલિબ્રિટી સ્ટાર્સ છે. પરંતુ આ બધામાં બીજી અને ખાસ સમાનતા એ છે કે તેઓ સારા બિઝનેસમેન પણ છે. તેઓ બધા એક અદ્ભુત રોકાણ માટે માઇન્ડસેટ ધરાવે છે. બોલીવુડ કલાકારો જીવનભરની સુરક્ષા માટે તેમની સિઝનલ કમાણી પર આધાર રાખતા નથી, પરંતુ તેઓ તેમની કમાણી સતત સારી રહે તે સુનિશ્ચિત કરવા માટે અલગ-અલગ જગ્યાએ તેમનાં નાણાંનું રોકાણ કરે છે. કહેવાની જરૂર નથી કે તેઓ બધા આ રોકાણમાંથી સારી રકમ કમાય છે. આ દિશામાં તેમના ભારે ઝુકાવનું કદાચ એક કારણ એ પણ છે કે આપણે ભૂતકાળમાં માત્ર એક-બે નહીં પણ ડઝનબંધ એવા બોલીવૂડ સ્ટાર્સ જોયા છે, જેઓ તેમના સફળ દિવસો દરમિયાન અપાર સંપત્તિથી ઘેરાયેલા હતા, પરંતુ જેમ જેમ સમય વીતતો ગયો તેમ-તેમ બોલીવૂડના એવા ડઝનેક સ્ટાર્સ જોવા મળ્યા કે જ્યારે અભિનયનું પૈડું ફરી વળ્યું હોય, ફિલ્મોમાંથી કામ અટકી જાય અને અન્ય ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા બતાવીને કમાણી કરવા જેટલી લોકપ્રિયતા ન હોય, ત્યારે આવા કલાકારોની દુર્દશા ઘણી વાર જોવા મળે છે. પહેલી જ ફિલ્મથી સુપરહિટ રહી ચૂકેલી વિમ્મી જેવી હિરોઈનનું જ્યારે અવસાન થયું ત્યારે તેની હાલત એટલી ખરાબ હતી કે તેને શાકભાજીની ગાડીમાં ભરીને સ્મશાનગૃહમાં લઈ જવી પડી હોવાનું કહેવાય છે. પૈસાના કારણે વૃદ્ધાવસ્થામાં ઘણું સહન કરનારા કલાકારોના બીજાં ડઝનેક ઉદાહરણો છે.

આજકાલ બોલીવુડના કલાકારો આવી સ્થિતિ ક્યારેય ન સર્જાય તેની ખાતરી કરવા માટે પહેલાથી જ સ્માર્ટ છે. તેઓ માત્ર તેમની લોકપ્રિયતાની કમાણી પર જીવનમાં ખુશીનાં સપનાં નથી જોતા, પરંતુ આ સ્ટાર્સ તેમની કમાણી દરમિયાન ભવ્ય જીવન જીવવા માટે ઘણી જગ્યાએ તેમના પૈસા રોકે છે. આ રોકાણ દ્વારા તેઓ માત્ર તેમના નાણાકીય ભવિષ્યને સુરક્ષિત નથી કરતા પણ તેમાંથી સારી રકમ પણ કમાય છે. આજની તારીખમાં તમામ સફળ બોલીવુડ સ્ટાર્સે ફિલ્મ ઉદ્યોગની બહાર આવકનો મજબૂત સ્રોત બનાવ્યો છે. ઉદાહરણ તરીકે આમિર ખાન અને રણબીર કપૂરે ડ્રોન મેન્યુફેક્ચરિંગ કંપની ડ્રોનચાર્ય એરિયલમાં રોકાણ કર્યું છે, જ્યારે અમિતાભ બચ્ચન, કેટરિના કૈફ અને દીપિકા પાદુકોણે પણ અલગ-અલગ કંપનીઓના આઇપીઓમાં ઘણું રોકાણ કર્યું છે. આઇપીઓમાં પ્રારંભિક રોકાણને કારણે તેઓ ઘણીવાર કંપનીના લિસ્ટિંગ પછી કરોડો રૂપિયાનો નફો મેળવે છે.

અલગ-અલગ રીતે ભવિષ્યની બચત કરવા છતાં આજના બોલીવુડ સ્ટાર્સ પહેલાના સ્ટાર્સની જેમ બહેકતા નથી અને ન તો તેઓ તેમની કમાણી વિશે બડાઈ મારતા હોય છે. જ્યારે કંપની લિસ્ટેડ ન હતી ત્યારે રણબીર કપૂરે ડ્રોનચાર્ય એરિયલમાં ૨૦ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું અને લિસ્ટિંગ પછી તેની પ્રતિ શેરની કિંમત ઘણી ઊંચી હતી, જેના કારણે તે શરૂઆતમાં જ કરોડો રૂપિયા કમાઈ શક્યો છે. કારણ કે કંપનીના લિસ્ટિંગની સાથે જ તેના શેરમાં જોરદાર ઉછાળો આવ્યો, આ જમ્પ સાથે આ બંને સ્ટાર્સના ખાતામાં સારી એવી રકમ આવી. જહોન અબ્રાહમ, રિતિક રોશન એવા બે સ્ટાર્સ છે, જેઓ સામાન્ય રીતે બિનજરૂરી કારણોસર લાઈમલાઈટમાં આવતા નથી, પરંતુ તે બંને શેરબજારની ઝડપી ગતિવિધિઓ પર નજીકથી નજર રાખે છે, કારણ કે તેઓએ અહીં ભારે રોકાણ કર્યું છે. જહોન અબ્રાહમ ધનવાન પરિવારમાંથી નથી, પરંતુ તેના વ્યક્તિત્વના કારણે તેણે નાની ઉંમરથી જ સારી કમાણી કરવાનું શરૂ કર્યું અને આ પછી તેણે ફિલ્મોમાં પોતાનું કામ ઓછું કર્યું અથવા તો તેને ઓછું કામ મળ્યું. પરંતુ આના કારણે તેણે પોતાની જીવનશૈલી સાથે બિલકુલ સમાધાન કરવું પડ્યું નહીં, કારણ કે તે દર મહિને ૫ થી ૭ લાખ રૂપિયાની વ્યાજની આવક સતત કમાઈ રહ્યો છે.

મનોજ બાજપેયીને સામાન્ય રીતે માત્ર અભિનયમાં જ ડૂબેલા વ્યક્તિ તરીકે ગણવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં એવું નથી. મનોજ બાજપેયીએ પણ અલગ-અલગ સેક્ટરમાં ૧ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કર્યું છે. આવી જ હાલત નવાઝુદ્દીન સિદ્દીકીની છે. એક સમયે કામ ન મળવાનાં વર્ષોનો સામનો કરનાર નવાઝુદ્દીન સિદ્દીકી હવે ભવિષ્યમાં નોકરીની અસુરક્ષા સાથે જીવવા માગતો નથી. આથી તેણે મુંબઈમાં માત્ર એક આલીશાન બંગલો જ બનાવ્યો નથી, પરંતુ તેના મિત્રોની વાત માનીએ તો તેણે વિવિધ નાણાકીય યોજનાઓમાં ૮ થી ૧૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. કંગના રનૌત, અભિષેક કશ્યપ, પંકજ ત્રિપાઠી અને દિવ્યાંકા ત્રિપાઠી દહિયાએ પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની બહાર પોતાનું જીવન જાળવી રાખવા માટે ઘણું રોકાણ કર્યું છે.


દીપિકા પાદુકોણ, શિલ્પા શેટ્ટી, અજય દેવગન, કાજોલ, અમિતાભ બચ્ચન આ તમામે કરોડો રૂપિયાનું રોકાણ કર્યું છે. જો આ તમામ રોકાણોને બહારની ફિલ્મોમાં એકસાથે લેવામાં આવે તો તે કેટલાંક હજાર કરોડ રૂપિયા થાય છે. હાલમાં બોલીવુડના ૪૦૦ થી વધુ લોકો ભારતના મૂડી બજારમાં વિવિધ રોકાણ ક્ષેત્રોમાં સક્રિય છે. એવું માનવામાં આવે છે કે તેમનું રોકાણ ૧૦ હજાર કરોડ રૂપિયાથી વધુ છે. આ રોકાણ ઘણી રીતે ફાયદાકારક છે. એક તરફ આ રોકાણ બોલીવુડના લોકપ્રિય કલાકારોને સ્થિરતા પ્રદાન કરે છે. પૈસાની અછત અને તેની સમસ્યાઓને કારણે તેમને દિવસ-રાત પરેશાન થવા દેતા નથી. તે જ સમયે આ તેમને તેમના કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે. બીજી તરફ બોલીવુડને પણ આ પૈસાથી રાહતનો શ્વાસ મળ્યો છે કે તેમાંથી કમાયેલા પૈસા બહાર નહીં જાય પરંતુ આ ઉદ્યોગના જ વિવિધ ભાગોને મજબૂત બનાવવામાં રોકાણ કરવામાં આવશે. આનાથી ફિલ્મ ઉદ્યોગ પણ મજબૂત બને છે અને તાજેતરના દાયકાઓમાં સિનેમાની ગુણવત્તામાં જે સુધારો જોવા મળ્યો છે તેમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે આ લોકોનો ફાળો છે. ■

પ્રાસંગિક

કૈલાશ સિંહ

# યાદગાર ફિલ્મી ધૂનો જેમા છલકે છે હોળીની મસ્તી





હોળીના અવસરે જેટલો ઉમંગ અને મસ્તી અમારા દિલમાં આવે છે આનાથી વધારે મસ્તી અને ઉમંગનો માહોલ હિન્દી ફિલ્મોના લોકપ્રિય ગીતો સર્જે છે. બોલિવુડના આમ તો અનેક ઓઈકોનિક સોન્ગ છે જે હોળીના બીજા દિવસે ધુળેટીમાં દશકોથી આખા દેશમાં વગાડવામાં આવે છે. હકીકત એ છે કે જ્યારથી બોલકી ફિલ્મો બનવા માંડી ત્યારથી ફિલ્મોમાં હોળીના ગીતો મોટે પાયે વાગવા માંડ્યા. હોળીના અવસરે ફિલ્મ શોલેનું ગીત ખાસ સંભળાય છે. જેના શબ્દો છે -હોલી કે દિન દિલ ખિલ જાતે હૈ, રંગો મેં રંગ મિલ જાતે હૈ.. આ ગીત આનંદ બક્ષીએ લખ્યું છે, પરતુ થોડા લોકોનું માનવું છે કે આવું જ ગીત સાલ ૧૯૪૬માં આવેલી ફિલ્મ 'રંગીલા રાજા'માં પણ હતું જે હવે અલોપ થઈ ગયું છે, પરંતુ તેની ધુન અને શબ્દો તેને મળતા છે. જે પણ હોય, પરંતુ એક બાબત નિશ્ચિત છે કે આ ગીત ફક્ત તહેવારના સમયે મનમાં હર્ષ ભરે છે એટલું જ નહીં પણ જીવન જીવવાનું દર્શન પણ કરાવે છે. કહેવાનો અર્થ એ છે કે જૂની વેરઝેર ભૂલીને દોસ્તો અને દુશ્મનો એકબીજાને ગળે મળે છે. આના પહેલાં ફિલ્મ 'મધર ઈન્ડિયા'નું એક ગીત લોકપ્રિય છે જે હોળીના અવસરે વગાડવામાં આવે છે. તેના બોલ છે -હોલી આઈ રે કન્હાઈ રંગ છલકે, સુના દે જરા બાસુરી.

૫૦ના દાયકામાં ફિલ્મ 'જોગન'નું એક ભજન હોળીમાં હિટ હતું. જેના બોલ છે-ડારો રે રંગ ડારો રે રસિયા. આને અલ્લડ ઉંમરની ગીતા દત્તે મીઠા અને રસભર્યા અંદાજમાં ગાયું છે. આ ભજન સાંભળીને મસ્તીનો મૂડ આવે છે. આને બુલો સી રાનીએ સંગીત પીરસ્યું હતું. સંગીતકાર અનિલ વિશ્વાસે હિન્દી ફિલ્મમાં બંગાલી અને આસામી લોકધૂનો જોડીને એક મીઠી ધૂન તૈયાર કરી હતી જે હોળીના મોકામાં દર્શકોને ખુશી, પ્યાર અને મસ્તીમાં ડૂબાડી દે છે. ૧૯૫૩ની ફિલ્મ 'રાહી'માં તેમણે પ્રેમ ધવનના ગીત 'હોલી ખેલે નંદલાલ વ્રજ મેં' આસામની લોકધૂન પર રચવામાં આવ્યું હતું. ઈરા મજુમદારે ગાયેલું આ ગીત સામાન્ય અને પરંપરાગત હોલી ગીતોથી ભિન્ન છે.

જોકે ફિલ્મની નવી શૈલીમાં હોળીના ગીતોનો રિવાજ ઓછો થયો. એક દોર એવૌ જરૂર હતો કે જ્યારે દર વર્ષે કોઈને કોઈ ફિલ્મના માધ્યમથી હોળીનું યાદગાર ગીત લોકોને મળતું હતું. પચાસના દસકામાં હોળીના અનેક લોકપ્રિય ગીતોની રચના કરાઈ. જેમ કે ફિલ્મ 'પૂજા' (૧૯૫૪) નું યાદગાર ગીત 'હોલી આઈ પ્યારી પ્યારી ભર પિચકારી'. આ ગીતની ખુમારી ઘટી નહોતી કે સાલ ૧૯૫૬માં ફિલ્મ 'દુર્ગેશનંદીની'નું એક વધુ હિટ ગીત દર્શકોને મળ્યું, આના બોલ હતા-મત મારો શ્યામ પિચકારી. આ ગીતે લોકોને નાચવાની ફરજ પાડી હતી. એ જ રીતે ૧૯૫૯માં ફિલ્મ 'નવરંગ' આવી. તેના હોળી ગીત' એ જા રે નટખટ' જબરદસ્ત હિટ થયું. આની ખાસ વાત એ હતી કે રાધા ને શ્યામ બન્નેની ભૂમિકા સંધ્યાએ જ ભજવી હતી.

હોળીથી સામાન્ય માનવી જ નહીં, પરંતુ રાજા-મહારાજા પણ આકર્ષિત થાય છે. આજ કારણ છે કે હિન્દી ફિલ્મોમાં અનેક એવા ગીત અને ધૂન

(જુઓ પાનું ૮) ▸▸





# મુંબઈએ ૪૨મી વખત જીતી રણજી ટ્રોફી, ફાઈનલમાં વિદર્ભને ૧૬૯ રનથી હરાવ્યું




મુંબઇઃ મુંબઈએ આઠ વર્ષ બાદ ૪૨મી વખત રણજી ટ્રોફીનું ટાઇટલ જીત્યું હતું. રણજી ટ્રોફીની ફાઈનલના પાંચમા અને છેલ્લા દિવસે યજમાન ટીમે વિદર્ભને ૧૬૯ રનથી હરાવ્યું હતું. મુંબઈ ટૂર્નામેન્ટના ઈતિહાસમાં ૯૦માંથી ૪૮મી વખત ફાઇનલમાં પહોંચ્યું હતું. વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલનું પરિણામ લગભગ તે જ સમયે નક્કી થઈ ગયું જ્યારે વિદર્ભને ૫૩૮ રનનો લગભગ અશક્ય ટાર્ગેટ મળ્યો હતો.

જોકે, વિદર્ભના કેપ્ટન અક્ષય વાડકર (૧૦૨) અને હર્ષ દુબે (૬૫)એ સમગ્ર પ્રથમ સત્રમાં મુંબઈના બોલરોને પરેશાન કર્યા હતા. વિદર્ભે પાંચમા દિવસે પાંચ વિકેટે ૨૪૮ રનથી ઇનિંગની શરૂઆત કરી હતી અને તેને જીતવા માટે વધુ ૨૯૦ રનની જરૂર હતી. વિદર્ભની ટીમ ૩૬૮ રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી.

વાડકરે આ વર્ષે તેની પ્રથમ સદી ફટકારી અને સીઝનમાં ૬૦૦ રનનો આંકડો પણ પાર કર્યો. દુબેએ પોતાની ફર્સ્ટ ક્લાસ કારકિર્દીની બીજી અડધી સદી ફટકારી હતી. બંનેએ ૧૯૪ મિનિટ અને ૨૫૫ બોલમાં પાર્ટનરશીપ કરી હતી. બીજા સત્રની શરૂઆતના થોડા સમય બાદ તનુષ કોટિયને વાડકરને આઉટ કર્યો હતો. કોટિયને ૯૫ રનમાં ચાર વિકેટ લીધી હતી. આ ભાગીદારી તૂટ્યા બાદ વિદર્ભની હાર નિશ્ચિત થઇ ગઇ હતી.

વિદર્ભ બે વખત ટાઇટલ જીત્યા બાદ ત્રણ વખત ફાઇનલમાં હારી ચૂક્યું છે. તુષાર દેશપાંડેએ શોર્ટ બોલ પર દુબેને આઉટ કર્યો હતો. દુબેએ ૧૨૮ બોલમાં પાંચ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૬૫ રન કર્યા હતા. દેશપાંડેએ આદિત્ય સરવટેને પણ પેવેલિયનમાં મોકલ્યો હતો. કોટિયને ચોથી વિકેટ યશ ઠાકુર (૭)ના રૂપમાં લીધી હતી. કારકિર્દીની છેલ્લી મેચ રમી રહેલા ધવલ કુલકર્ણીએ ઉમેશ યાદવની વિકેટ લઈને વિદર્ભની ઈનિંગનો અંત આણ્યો હતો.


નોંધનીય છે કે મેચમાં મુંબઈનો બીજો દાવ ૪૧૮ રનમાં સમેટાઈ ગયો હતો. પ્રથમ દાવના આધારે મુંબઈ પાસે ૧૧૯ રનની જંગી લીડ હોવાથી વિદર્ભને ૫૩૮ રનનો ટાર્ગેટ મળ્યો હતો.

મુંબઈ માટે મુશીર ખાને બીજી ઈનિંગમાં શાનદાર ૧૩૬ રન ફટકાર્યા હતા. આ પહેલા ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા મુંબઈએ તેની પ્રથમ ઇનિંગમાં ૨૨૪ રન કર્યા જેના જવાબમાં વિદર્ભનો પ્રથમ દાવ માત્ર ૧૦૫ રનમાં સમેટાઈ ગયો હતો. ■

# રણજી ટ્રોફી જીતનારી મુંબઈની ટીમ પર થયો રૂપિયાનો વરસાદ, એમસીએ ડબલ કરી પ્રાઇઝ મની

મુંબઇઃ રણજી ટ્રોફી ૨૦૨૩-૨૪ સમાપ્ત થઈ ગઈ છે. અજિંક્ય રહાણેની કેપ્ટનશિપમાં મુંબઈની ટીમે આ ટાઇટલ જીત્યું હતું. આ ૪૨મી વખત મુંબઈની ટીમ ચેમ્પિયન બની હતી. ફાઇનલમાં મુંબઈએ વિદર્ભને ૧૬૯ રનથી હરાવીને ટાઈટલ જીત્યું હતું. એટલું જ નહીં બીસીસીઆઇ દ્વારા ફર્સ્ટ ક્લાસ ક્રિકેટને સતત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ શ્રેણીમાં રણજી ટ્રોફીની ઈનામી રકમ પણ વધારવામાં આવી હતી. અગાઉ રણજી ટ્રોફીના વિજેતાને બે કરોડ અને ઉપવિજેતાને એક કરોડ રૂપિયા મળ્યા હતા, પરંતુ હવે આ રકમ બમણાથી વધુ થઈ ગઈ છે. રણજી ટ્રોફી ૨૦૨૪ વિજેતા મુંબઈને પાંચ કરોડ રૂપિયાની ઈનામી રકમ મળી છે. જ્યારે રનર અપ વિદર્ભની ટીમને ૩ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. આ સિવાય સેમિફાઇનલમાં હારેલી ટીમોને એક કરોડ રૂપિયા મળ્યા છે. મુંબઈ ક્રિકેટ એસોસિએશનના સચિવ અજિંક્ય નાઈકે એક નિવેદન જાહેર કરીને કહ્યું હતું કે એમસીએ પ્રમુખ અમોલ કાલે અને એપેક્સ કાઉન્સિલે નિર્ણય લીધો છે કે ચેમ્પિયન ટીમની ઈનામની રકમ બમણી કરવી જોઈએ. એમસીએ મુંબઈ રણજી ટીમને વધારાના પાંચ કરોડ રૂપિયા આપશે. મુંબઈ ક્રિકેટ માટે આ વર્ષ શાનદાર રહ્યું હતું. ટીમે સાત ટાઇટલ જીત્યા હતા. ■

# રણજી ટ્રોફીમાં મુંબઇને ચેમ્પિયન બનાવી ઝડપી બોલર ધવલ કુલકર્ણીએ લીધી નિવૃત્તિ



મુંબઇઃ રણજી ટ્રોફી ૨૦૨૪ની ફાઈનલ મેચના પાંચમા દિવસે મુંબઈએ વિદર્ભને ૧૬૯ રનથી હરાવ્યું અને ૪૨મી વખત ચેમ્પિયન બનવાની સિદ્ધિ હાંસલ કરી હતી.

મુંબઇના ઝડપી બોલર ધવલ કુલકર્ણીએ ઉમેશ યાદવની છેલ્લી વિકેટ લઈને મુંબઈને ચેમ્પિયન બનાવી દીધું હતું. નોંધનીય છે કે કુલકર્ણીએ પહેલા જ જાહેરાત કરી દીધી હતી કે તે ટૂર્નામેન્ટ ખતમ થયા બાદ ક્રિકેટમાંથી સંન્યાસ લેશે. ભારતીય ક્રિકેટ ટીમ માટે રમી ચૂકેલા ધવલે ૨૦૦૭માં પહેલીવાર મુંબઈ માટે મેચ રમી હતી અને આજે તેની ૧૭ વર્ષની લાંબી કારકિર્દીને અલવિદા કહેતા તેની આંખોમાં આંસુ આવી ગયા હતા.

છેલ્લી વિકેટ પડ્યા બાદ ધવલ કુલકર્ણી ક્રિકેટમાંથી વિદાય લેતા ભાવુક થઈ ગયો હતો. તેમને સાંત્વના આપવા માટે અન્ય ખેલાડીઓએ તેને ગળે લગાવ્યો અને મુંબઈના ખેલાડીઓએ તેને પોતાના ખભા પર લઈ જઈને યાદગાર વિદાય આપી હતી. મેચ બાદ આપેલા ઈન્ટરવ્યૂમાં કુલકર્ણીએ કહ્યું હતું કે તેને બોલિંગ મળવાની આશા નહોતી. તેમ છતાં કેપ્ટન અજિંક્ય રહાણેએ તેને બોલિંગ સોંપી હતી.

ફાઈનલ મેચમાં ધવલ કુલકર્ણીએ ૪ વિકેટ ઝડપી હતી. તેણે પ્રથમ દાવમાં ૧૧ ઓવર નાંખી જેમાંથી ૫ મેડન હતી. તેણે પ્રથમ દાવમાં માત્ર ૧૫ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. બીજા દાવમાં તેણે ઉમેશ યાદવને ૧૦મી વિકેટ આઉટ કરીને મુંબઈને ચેમ્પિયન બનાવ્યું હતું.

ધવલ કુલકર્ણીએ પોતાની ફર્સ્ટ ક્લાસ કારકિર્દીમાં ૮૬ મેચ રમી હતી, જેમાં તેણે ૨૬૧ વિકેટ ઝડપી હતી.

આ સિવાય તેણે બેટિંગમાં પણ ૧,૭૨૧ રનનું યોગદાન આપ્યું હતું. તેણે ભારતીય ટીમ માટે ૧૨ વન-ડે મેચ રમી હતી, જેમાં તેણે ૧૯ વિકેટ લીધી હતી. બીજી તરફ તેણે ભારત માટે બે ટી-૨૦ મેચ પણ રમી હતી, જેમાં તેણે ત્રણ વિકેટ ઝડપી હતી. ■

# ફાઈનલમાં પહોંચનારી પ્રથમ ટીમ બની દિલ્હી, શેફાલી વર્માના આક્રમક ૭૧ રન




નવી દિલ્હીઃ વિમેન્સ પ્રીમિયર લીગની છેલ્લી લીગ મેચમાં દિલ્હી કેપિટલ્સે ગુજરાત જાયન્ટ્સને હરાવી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. હવે આ ટૂર્નામેન્ટની એલિમિનેટર મેચ મુંબઈ અને આરસીબી વચ્ચે ૧૫ માર્ચે રમાશે. આ મેચમાં વિજેતા ટીમ ૧૭ માર્ચે દિલ્હી સામે બીજી સીઝનની અંતિમ મેચ રમશે. બુધવારે રમાયેલી મેચમાં ગુજરાતે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં નવ વિકેટ ગુમાવીને ૧૨૬ રન કર્યા હતા. જવાબમાં દિલ્હીએ ૧૩.૧ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને ૧૨૯ રન ફટકાર્યા હતા અને સાત વિકેટે મેચ જીતી લીધી હતી.

ગુજરાતે આપેલા ૧૨૭ રનના ટાર્ગેટનો પીછો કરવા માટે દિલ્હીએ મજબૂત શરૂઆત કરી હતી. ઓપનિંગ બેટિંગ કરવા આવેલી મેગ લેનિંગ અને શેફાલી વર્મા વચ્ચે પ્રથમ વિકેટ માટે ૩૧ રનની ભાગીદારી થઈ હતી. કેપ્ટન મેગ લેનિંગ રનઆઉટ થઇ હતી. ત્રીજા નંબરે બેટિંગ કરવા આવેલી એલિસ કેપ્સી ખાતું ખોલાવ્યા વિના જ આઉટ થઈ ગઈ હતી. તનુજા કંવરે તેને ચોથી ઓવરના પાંચમા બોલ પર મન્નત કશ્યપના હાથે કેચ આઉટ થઇ હતી.

શેફાલી વર્મા અને જેમિમાહ રોડ્રિગ્સ વચ્ચે ત્રીજી વિકેટ માટે ૫૫ બોલમાં ૯૪ રનની ભાગીદારી કરી હતી. શેફાલીએ ૩૭ બોલમાં સાત ચોગ્ગા અને પાંચ છગ્ગાની મદદથી ૭૧ રન ફટકાર્યા હતા. આ વિસ્ફોટક પ્રદર્શન માટે તેને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવી હતી. જેમિમાહ (૩૮) અને મેરિઝાન કેપ (૦) ગુજરાત સામે અણનમ રહી હતી. આ મેચમાં તનુજાને બે વિકેટ મળી હતી.

વિમેન્સ પ્રીમિયર લીગની છેલ્લી મેચમાં દિલ્હી કેપિટલ્સે ગુજરાત જાયન્ટ્સ સામે ઘાતક બોલિંગ કરી હતી. આ મેચમાં ગુજરાતનો બેટિંગ ઓર્ડર નિષ્ફળ રહ્યો હતો. બેટિંગમાં ઓપનિંગ કરવા આવેલી કેપ્ટન ખાતું ખોલાવ્યા વગર જ પેવેલિયન પરત ફરી હતી. ત્રીજા નંબર પર બેટિંગ કરવા આવેલી દયાલન હેમલતા માત્ર ચાર રન કરી શકી હતી. ગુજરાતને ત્રીજો ફટકો વોલ્વાર્ડના રૂપમાં લાગ્યો હતો જે માત્ર સાત રન કરી શકી હતી.

ભારતી ફુલમાલી સિવાય ટીમની અન્ય કોઈ બેટ્સમેન આ મેચમાં સારું પ્રદર્શન કરી શકી ન હતી. તેણે ૩૬ બોલમાં ૪૨ રનની ઇનિંગ રમી હતી. તેમના સિવાય કેથરાઇન બ્રાઇસે ૨૮ રન (અણનમ), ફોબી લિચફિલ્ડે ૨૧ રન, એશ્લે ગાર્ડનરે ૧૨ રન, તનુજા કંવરે શૂન્ય, શબનમ શકીલ એક રન કરી શક્યા હતા. મેરિઝાન કેપ, શિખા પાંડે અને મિનુ મણીએ દિલ્હી માટે ઘાતક બોલિંગ કરી હતી. બંનેએ બે-બે વિકેટ લીધી હતી. ■


## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963 (દહેજ નહીં). (૧૪૨૫૮-એ)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ આશિષ હોલિડેઝ આયોજિત ચારધામ યાત્રા કોઈપણ ગ્રુપ/ ફેમિલી ગ્રુપ માટે VIP ડીલક્સ, સુપર ડીલક્સ યાત્રા હેલીકોપ્ટર સાથે/ વગરઃ નરેન 9820095299. (બી-૧૩૮૭૪)

### ૧૪. નોકરી ખાલી છે

**WANTED**
**MEDICAL SUPERINTENDENT (M.B.B.S. or M.D.)**
for Sheth K. C. Parikh General Hospital, J.V.P.D. Scheme, Vile Parle (W), (80 bedded Multi-Specialty Hospital expanding to 120 Beds).
Minimum 5 years experience as Medical Superintendent or Medical Director.
Please apply immediately on
Email: hr@arogyanidhihospital.com
Website: www.arogyanidhi.com
(B-13955)

### ૧૮. જગ્યા જોઈએ છે

**REQUIRED**
Redevelopment projects for reputed builders who are in this business since many years Broker are welcome only who have genuine proposals they should contact:
**9833172689**
**9821097133**
(B-13965)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**દુકાનો - શોરૂમ**
નાની મોટી દુકાનો / શોરૂમ - ભાડેથી - વેચાણ લેવા / વેચવા પદમાવતી એસ્ટેટ વેલજીભાઈ દાદર વેસ્ટ 9820553072 / 9322296555. (બી-૧૩૫૮૮)

### ૨૦. ધંધાદારી જગ્યા

**SHOP 470 SQ. FT. ROAD Facing and 450 for Dr., any Office, Juhu Road, Near Police Station, Santacruz West. 9920022074 / 9869960115. (B-13921)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
48 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૪૬૮૮-એ)

■ દર મહિને 6%-7% કમાઓ. પોતાના ટ્રેડિંગ એકાઉન્ટમાં પારદર્શક વ્યવહાર, અનુભવી બિઝનેસ પ્રોફેશનલ ટીમ ડેમો ફ્રી. ડૂ પ્રાયિમ- 9768546546. (બી-૧૩૯૫૮)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

***શુભલક્ષ્મી જ્યોતિષ***
જીવનની તમામ સમસ્યાઓનું સમાધાન, ગૃહકલેશ, સૌતનત્રાશ, સંતાન, વિવાહ, પ્યારમાં ધોકા, લવ પ્રોબ્લમ સ્પેશિયાલિસ્ટ. 9324622253 (મુંબઈ). (બી-૧૩૯૧૭)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટકંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૪૨૨૨-સી)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન પાર્સલ**
લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# ટીમમાં સૌથી ઓછા રન કરનાર બેટ્સમેન હોવા છતાં આજે હું સૌથી વધુ ખુશ છુંઃ રહાણે




મુંબઇઃ આ રણજી ટ્રોફી સીઝન અજિંક્ય રહાણે માટે બેટિંગ ખૂબ જ ખરાબ રહી હતી પરંતુ તે ગુરુવારે અહીંના વાનખેડે સ્ટેડિયમમાં 'સૌથી ખુશ ખેલાડી' હતો, જેની કેપ્ટનશિપમાં મુંબઇની ટીમ રણજી ટ્રોફી જીતવામાં સફળ રહી હતી. મુંબઇની ટીમે ૪૨મી વખત રણજી ટ્રોફીમાં ચેમ્પિયન બની છે.

રહાણેએ આ સીઝનમાં માત્ર ૨૧૪ રન કર્યા હતા. તે આ સીઝનમાં મુંબઈ તરફથી સૌથી વધુ રન કરનાર ખેલાડીઓની યાદીમાં નવમા સ્થાને છે. જોકે, તેણે ફાઈનલની બીજી ઈનિંગમાં ૭૩ રન કર્યા હતા અને ૧૩૦ રનની ભાગીદારી કરીને ટીમને જીત અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. રહાણેએ મેચ બાદ એવોર્ડ સમારોહમાં કહ્યું હતું કે, ''હું મારી ટીમ માટે સૌથી ઓછો સ્કોર કરનાર ખેલાડીઓમાંનો એક છું, પરંતુ આજે હું સૌથી વધુ ખુશ છું.'' એક ખેલાડી તરીકે તમારે સારા અને ખરાબ સમયનો સામનો કરવો પડશે. તે ડ્રેસિંગ રૂમમાં સકારાત્મક વાતાવરણ બનાવવા અને એકબીજાની સફળતાનો આનંદ માણવા અંગે છે. આ મારા માટે ખાસ ક્ષણ છે. તેણે કહ્યું હતું કે ગયા સીઝનમાં અમે એક રનથી નોકઆઉટ સ્ટેજ માટે ક્વોલિફાય થવાથી ચૂકી ગયા હતા. અમારે ટીમમાં યોગ્ય માહોલ તૈયાર કરવાનો હતો. અમે ટીમમાં ફિટનેસ કલ્ચર બનાવવામાં સફળ રહ્યા. હું તમામ સમર્થન માટે એમસીએનો આભાર માનું છું. દરમિયાન રહાણેએ મેચના ચોથા અને પાંચમા દિવસે શાનદાર લડત આપવા બદલ વિદર્ભની પ્રશંસા કરી હતી. ■

# સફળ સર્જરી બાદ ભારત પરત ફર્યો મોહમ્મદ શમી, સમર્થન માટે માન્યો ચાહકોનો આભાર





નવી દિલ્હીઃ ભારતીય ઝડપી બોલર મોહમ્મદ શમી હિલની સફળ સર્જરી બાદ ભારત પરત ફર્યો છે. શમીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરી જાણકારી આપી હતી.. શમી ઇજાના કારણે આઇપીએલ ૨૦૨૪માંથી બહાર થઇ ગયો છે. ભારતીય ઝડપી બોલર આ વર્ષે સપ્ટેમ્બરમાં બાંગ્લાદેશ સામેની ટેસ્ટ શ્રેણી દરમિયાન ભારતીય ટીમમાં પરત ફરે તેવી અપેક્ષા છે.

મોહમ્મદ શમીએ ૨૬ ફેબ્રુઆરીએ લંડનમાં હિલ સંબંધિત સમસ્યા માટે સર્જરી કરાવી હતી. સર્જરીના ૧૫ દિવસ બાદ તેના ટાંકા કાઢવામાં આવ્યા હતા. હવે શમી સફળ સર્જરી બાદ ભારત પરત ફર્યો છે. તેણે સોશિયલ મીડિયા પર ભારત પરત ફરવાની માહિતી શેર કરી હતી. શમી છેલ્લે ૨૦૨૩ વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં રમતો જોવા મળ્યો હતો. ભારત પાછા આવ્યા બાદ શમીએ બે તસવીરો શેર કરી છે, જેમાં તે પ્લેનની અંદર બેઠેલો જોવા મળી રહ્યો છે. તસવીરોના કેપ્શનમાં તેણે લખ્યું હતું કે ''સર્જરી પછી ભારત પરત આવવું ખૂબ જ શાનદાર છે. ખૂબ સારો અનુભવી રહ્યો છું. આ નવા અધ્યાયને સ્વીકારવા માટે તૈયાર છું. તમારા સમર્થન અને પ્રેમ માટે બધાનો આભાર.''

નોંધનીય છે કે બીસીસીઆઇએ શમીની ફિટનેસ અપડેટ આપતા કહ્યું હતું કે તેને આગામી આઇપીએલ ૨૦૨૪માંથી બહાર કરી દેવામાં આવ્યો છે. તે બીસીસીઆઈની મેડિકલ ટીમની દેખરેખ હેઠળ છે. ■

# પીવી સિંધુ ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપમાંથી બહાર, વર્લ્ડ નંબર ખેલાડી યંગ સામે મળી હાર




બર્મિંઘમઃ બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા ભારતની પીવી સિંધુ ગુરુવારે ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપની મહિલા સિંગલ્સના બીજા રાઉન્ડમાં હારીને બહાર થઈ ગઈ હતી. વિશ્વની ૧૧ નંબરની ખેલાડી પીવી સિંધુને વિશ્વની નંબર વન બેડમિન્ટન ખેલાડી એન સે યંગ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપના મહિલા સિંગલ્સના બીજા રાઉન્ડમાં પીવી સિંધુ ૪૨ મિનિટ સુધી ચાલેલી મેચમાં ૧૯-૨૧, ૧૧-૨૧થી હારી ગઈ હતી.

ભારતની પીવી સિંધુની સાઉથ કોરિયાની ખેલાડી એન સે યંગે ઈજામાંથી સ્વસ્થ થયા બાદ રવિવારે ફ્રેન્ચ ઓપનના રૂપમાં સીઝનનું બીજું ટાઇટલ જીત્યું. સિંધુ વિશ્વની નંબર વન કોરિયન ખેલાડી સામે માત્ર એક જ ગેમ જીતવામાં સફળ રહી છે.

અગાઉ પીવી સિંધુએ ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપની મહિલા સિંગલ્સના બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો હતો જર્મનીની યિવોની લી પ્રથમ રાઉન્ડની મેચમાંથી ખસી ગઈ હતી. જેના કારણે ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન સિંધુએ પહેલી ગેમ ૨૧-૧૦થી જીતી લીધી હતી, ત્યાર બાદ વર્લ્ડ નંબર ૨૬ લીએ મેચમાંથી ખસી જવાનો નિર્ણય લીધો હતો. ■

# ભારતને પ્રથમવાર મળી એશિયન વેઈટલિફ્ટિંગની યજમાની, ૨૦૨૬માં ગુજરાતમાં યોજાશે ચેમ્પિયનશિપ

નવી દિલ્હીઃ ભારતને પ્રથમ વખત એશિયન વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપની યજમાની કરવાની તક મળી છે. આ ચેમ્પિયનશિપનું આયોજન ગુજરાતમાં કરવામાં આવશે. આ ચેમ્પિયનશિપ ૨૦૨૬માં અમદાવાદ અથવા ગાંધીનગરમાં યોજાશે.

ભારતીય વેઈટલિફ્ટિંગ ફેડરેશનના પ્રમુખ સહદેવ યાદવના જણાવ્યા અનુસાર, તાશ્કંદ (ઉઝબેકિસ્તાન)માં યોજાયેલી એશિયન ચેમ્પિયનશિપ દરમિયાન તેમણે એશિયન વેઈટલિફ્ટિંગ માટે બોલી લગાવી હતી જેને મંજૂરી આપી દેવામાં આવી છે. તેમણે ગુજરાત સરકારના મુખ્ય સચિવ અશ્વિની કુમાર સમક્ષ ચેમ્પિયનશિપ યોજવાનો પ્રસ્તાવ મુક્યો હતો, જેને સ્વીકારવામાં આવ્યો હતો.

ગુજરાત સરકારે ખાતરી આપી છે કે ચેમ્પિયનશિપનો તમામ ખર્ચ તેઓ ઉઠાવશે. આમાં ૫૦ હજાર યુએસ ડોલર (લગભગ ૪૧ લાખ રૂપિયા)નો બિડિંગ ખર્ચ પણ સામેલ છે. ભારત ૨૦૧૮માં પણ આ ચેમ્પિયનશિપનું આયોજન કરવા જઈ રહ્યું હતું, પરંતુ તેનું આયોજન થઈ શક્યું ન હતું.

અત્યાર સુધી દેશમાં સિનિયર એશિયન વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું નથી. સહદેવનું કહેવું છે કે આ ચેમ્પિયનશિપ પછી તે ૨૦૨૭ની વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે પણ બોલી લગાવશે. એશિયન ચેમ્પિયનશિપમાં ચીન, ઈન્ડોનેશિયા, ઉત્તર કોરિયા, જાપાન જેવા વેઈટલિફ્ટિંગ પાવરહાઉસ દેશો ભાગ લેશે. ■

# સેન્સેક્સે ૩૩૬ પોઈન્ટના સુધારા સાથે ૭૩,૦૦૦ની સપાટી પાછી હાંસલ કરી, નિફ્ટી ફરી ૨૨,૧૫૦ નજીક સરક્યો

## રોકાણકારોની સંપત્તિમાં ₹ ૭.૮૧ લાખ કરોડનો ઉમેરો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં ગુરુવારના સત્રમાં વ્યાપક લેવાલી સાથે સુધારાનો ચમકારો જોવા મળ્યો હતો. સેન્સેક્સે ૩૩૬ પોઇન્ટના સુધારા સાથે ૭૩,૦૦૦ પોઇન્ટની સપાટી પાછી હાંસલ કરી હતી, જ્યારે નિફ્ટી ફરી ૨૨,૧૫૦ નજીક સરક્યો હતો. સ્મોલકેપ અને મિડકેપ શેરોમાં પણ ફરી લેવાલીનો સળવળાટ શરૂ થતાં મિડકેપ ઈન્ડેક્સ ૨.૨ ટકા વધ્યો હતો અને સ્મોલકેપ ઈન્ડેક્સ ત્રણ ટકા જેટલો ઊછળ્યો હતો. રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૭.૮૧ લાખ કરોડનો ઉમેરો નોંધાયો હતો.

શેરબજારે પ્રારંભિક અફડાતફડીને બાજુએ મૂકીને સ્મોલ અને મિડકેપ શેરોને આધારે એકધારી આગેકૂચ નોંધાવી હતી. એકંદરે સકારાત્મક માહોલ વચ્ચે તમામ ક્ષેત્રોમાં વ્યાપક લેવાલી જોવા મળી હતી. બજાર પ્રારંભિક સત્રની ખોટ ભૂંસીને સત્રના બાકીના ભાગમાં નિફ્ટીએ ૨૨,૨૦૦ ઈન્ટ્રાડે વટાવીને ઊંચા સ્તર સુધી આગેકૂચ કરી હતી અને સેન્સેક્સે પણ સરળતાથી ૭૩,૦૦૦ની સપાટી વટાવી નાંખી હતી. સત્રને અંતે, સેન્સેક્સ ૩૩૫.૩૯ પોઈન્ટ અથવા ૦.૪૬ ટકા વધીને ૭૩,૦૯૭.૨૮ પોઇન્ટની સપાટી પર અને નિફ્ટી ૧૪૯ પોઈન્ટ અથવા ૦.૬૮ ટકા વધીને ૨૨,૧૪૬.૭૦ પોઇન્ટના સ્તરે સ્થિર થયો હતો.

સેન્સેક્સના શેરોમાં એચસીએલ ટેકનોલોજીસ, ઇન્ફોસિસ, વિપ્રો, ભારતી એરટેલ, લાર્સન એન્ડ ટુબ્રો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટીસીએસ અને એશિયન પેઇન્ટ મેજર ગેઇનર રહ્યાં હતાં. નિફ્ટીમાં ટોપ ગેઇનર્સમાં અદાણી એન્ટરપ્રાઇઝિસ, અદાણી પોર્ટ્સ, હીરો મોટોકોર્પ, હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ અને ઓએનજીસીનો સમાવેશ હતો. જ્યારે બીએસઇ અને એનએસઇ પર એક્સિસ બેન્ક, ઇન્ડસઇન્ડ બેન્ક, બજાજ ફાઇનાન્સ, ટાટા સ્ટીલ, સ્ટેટ બેન્ક અને જેએસડબ્લ્યુ સ્ટીલનો સમાવેશ ટોપ લુઝર્સ શેરોમાં હતો. બૅન્ક સિવાય, ટેલિકોમ, પાવર, ઓઇલ અને ગેસ પ્રત્યેક ત્રણેક ટકાના વધારા સાથે અન્ય તમામ ક્ષેત્રીય ઇન્ડેક્સ ગ્રીન ઝોનમાં બંધ થવામાં સફળ રહ્યાં હતાં, જ્યારે ઓટો, કેપિટલ ગુડ્સ, એફએમસીજી, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, હેલ્થકેર અને મેટલ ઇન્ડેક્સમાં એકથી બે ટકાવનો વધારો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ ૨.૨ ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ ત્રણ ટકા વધવા સાથે વ્યાપક શેરઆંકોએ મુખ્ય બેન્ચમાર્કને પાછળ રાખી દીધા હતા. બિરલાસોફ્ટ, ઇપ્કા લેબ અને અંબુજા સિમેન્ટ્સમાં લોંગ બિલ્ડ-અપ જોવા મળ્યો હતો, જ્યારે એક્સિસ બેન્ક, એનએમડીસી અને બજાજ ફાઇનાન્સમાં શોર્ટ બિલ્ડ-અપ જોવા મળ્યો હતો.

બજારના વિશ્લેષકો અને ખુદ બજાર નિયામક દ્વારા ઊંચા વેલ્યુએશન અંગે આટલી ચેતવણીઓ છતાં આ સત્રમાં બ્રોડ માર્કેટમાં ફરી લેવાલીનું જોર જોવા મળ્યું હતું. બેન્ચમાર્ક ઇન્ડેક્સ કરતા સ્મોલ કેપ ઇન્ડેક્સમાં વધુ જોરદાર ઉછાળો જોઇ વિશ્લેષકો પણ ચોંકી ગયા હતા, તેમના મતે આ એકાએક ઉછાળો અપેક્ષિત નહોતો.

બજારના સાધનો અનુસાર સત્રની નબળી શરૂઆત પછી, બેન્ચમાર્ક ઇક્વિટી ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી, તેમના વ્યાપક બજારના તેજીના વલણને અનુસરીને પોઝિટિવ ઝોનમાં આગળ વધ્યા હતા. બજારના પીઢ અભ્યાસુ જણાવે છે કે, વાસ્તવમાં તો મૂલ્યાંકન સતત અને અવાસ્તવિક સ્તરે વધવાને કારણે વ્યાપક બજારમાં વધુ કરેકશનની સંભાવના છે. રોકાણકારોએ હવે લાર્જકેપ્સ અને ગુણવત્તાયુક્ત મિડકેપ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. હવેથી અતાર્કિક ઉત્સાહને સ્થાને તર્કસંગત મૂલ્યાંકન અને ગુણવત્તા પ્રેરક બળ બનશે.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં એચસીએલ ટેક્નોલોજીસ ૨.૯૬ ટકા, વિપ્રો ૨.૬૩ ટકા, ઈન્ફોસિસ ૨.૫૩ ટકા, ભારતી એરટેલ ૨.૨૩ ટકા અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૨.૦૯ ટકા વધ્યા હતા, જ્યારે એક્સિસ બેન્ક ૧.૬૮ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૩૩ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૦૫ ટકા, જેએસડબલ્યૂ સ્ટીલ ૦.૮૨ ટકા અને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ૦.૭૬ ટકા ઘટ્યા હતા.

# ચાંદીમાં સટ્ટાકીય આકર્ષણે ₹ ૧૩૧૨નું બાઉન્સબેક, સોનામાં ₹ ૧૮૮નો સુધારો

મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં મજબૂત વલણ રહેતા સોનાના ભાવમાં વધ્યા મથાળેથી હાજર અને વાયદાના ભાવમાં અનુક્રમે ૦.૨ ટકા અને ૦.૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. તેમ જ ચાંદીના ભાવમાં પણ ગઈકાલે ચાર મહિનાનો સૌથી મોટો ઉછાળો આવ્યા બાદ આજે ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૧ ટકો ઘટીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટોના સટ્ટાકીય આકર્ષણે ભાવમાં કિલોદીઠ રૂ. ૧૩૧૨નો ચમકારો આવ્યો હતો, જ્યારે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૮ વધી આવ્યા હતા.

આજે મુખ્યત્વે .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી સટ્ટાકીય લેવાલી અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૩૧૨ના ચમકારા સાથે રૂ. ૭૩,૭૮૧ના મથાળે રહ્યા હતા. તેમ જ વિશ્વ બજાર પાછળ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૮ના સુધારા સાથે ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૫,૨૬૧ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૫,૫૨૩ના મથાળે રહ્યા હતા. જોકે, રાબેતા મુજબ ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકો, સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની પ્રવર્તમાન લગ્નસરાની માગ પણ મર્યાદિત રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં ૦.૧ ટકાનો સુધારો તેમ જ અમેરિકી ૧૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડ પણ ૨૦૦ દિવસની દૈનિક સરેરાશ ૪.૨૦૩૬ ટકાની ઉપર ક્વૉટ થઈ રહી હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૨૧૬૯.૭૭ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૩ ટકા ઘટીને ૨૧૭૪.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૨૫.૦૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે હવે રોકાણકારો આગામી જૂન મહિનાથી રેટકટની શક્યતા અંગે નિર્ણાયક નિર્દેશ આપતા રિટેલ વેચાણના ડેટા, પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના અહેવાલ અને બેરોજગારીના ડેટા પર નજર રાખી રહ્યા છે. જોકે, અમેરિકાના ફેબ્રુઆરી મહિનાના ફુગાવામાં થોડો વધારો થયો હોવા છતાં અમેરિકાની નાણાનીતિમાં બહુ ફેરફાર નહીં થાય તેવી શક્યતા વ્યક્ત કરતાં ઓએનડીએ સ્થિત એશિયા પેસિફિકનાં વિશ્લેષક કેલ્વિન વૉંગે જણાવતાં ઉમેર્યું હતું કે જો આજે જાહેર થનારા પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા અપેક્ષા મુજબના આવશે તો પણ સોનાના સુધારાને ટેકો આપશે. આગામી ૧૯-૨૦ માર્ચની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદર યથાવત્ રાખવામાં આવે તેવી શક્યતા છે.

# દેશમાં સિત્તેર ટકા મેડિસિન્સ કચરાપેટીમાં જાય છે! ગ્રાહક મંત્રાલય સુધારણા માટે પ્રયાસરત

મુંબઇઃ ગ્રાહક બાબતનું મંત્રાલય એવો પ્રસ્તાવ તૈયાર કરી રહ્યું છે કે જેમાં ગ્રાહકોને તેમને પ્રિસ્ક્રાઇબ કરવામાં આવેલા પ્રમાણમાં જ ટેબ્લેટ કે દવાનું વેચાણ કરવામાં આવે , પરંતુ અનયુસ્ડ કે ના વપરાયેલી દવા અંગે ૩૩,૦૦૦ લોકો પર હાથ ધરાયેલા સર્વેક્ષણમાં એવું તારણ નિકળ્યું છે કે લોકો તેમણે ખરીદેલી દવામાંથી ૧૦ ટકાથી માંડીને ૭૦ ટકા દવા અંતે કચરાના ડબ્બામાં નાંખી દે છે.

સર્વેક્ષણમાં એવું તારણ મળ્યું છે કે મેડિકલ સ્ટોર્સ અને ફાર્મસિસ્ટ ગ્રાહકોને એક, બે ટેબ્લેટને સ્થાને આખી સ્ટ્રીપ જ પકડાવી દેતા હોય છે. જોકે, આ સામે ફાર્મસિસ્ટ આ આરોપનું ખંડન કરતા કહે છે કે તેઓ જરૂર પ્રમાણે જ વેચામ કરે છે. મંત્રાલય આ સમસ્યાનો ઉકેલ શોધી રહ્યું છે.

ભારતની ફાર્માસ્યુટિકલ માર્કેટનું કદ એકદ અંદાજ પ્રમાણે રૂ. ૧.૮ ટ્રિલિયનનું છે અને તેમાંથી રૂ. ૨૭૦ કરોડની દવા તેની એક્સપાઇરી પછી નકામી વેડફાઇ જાય છે. આ એક નિરાશાજનક ચિત્ર છે કારણ કે દર વર્ષે લાખો લોકો આવશ્યક દવાથી વંચિત રહી જાય છે. એવા ઘણાં લોકો હોય છે કે જેને દવાની સખત જરૂર હોય છે પરંતુ તે પોષાતી નથી.

ગ્રાહક મંત્રાલય આ અંગે સુધારો લાવે એ આવકાર્ય છે, પરંતુ એ દરમિયાન વચગાળાના એક ઉપાયરૂપે એક ટીનેજર જહાનવી ભાવિન મહેતાએ એક મિશન તરીકે હેલ્પમેડિકેટ નામે એક મિશન શરૂ કર્યું છે, જેના દ્વારા તે લોકો પાસેથી વણવપરાયેલી કે ઘરમાં પજડી રહેલી દવા એકત્ર કરીને વિવિધ સામાજિક સંસ્થાઓ મારફત તેનું ગરીબ અને જરૂરિયાતમંદ લોકોમાં મફત વિતરણ કરે છે. પાછલા બે વર્ષથી આ મિશન શરૂ કરનાર જહાનવી કહે છે કે જો દરેક વ્યક્તિએ તેમની ન વપરાયેલ દવાઓનું શું કરવું તે અંગે પુનઃવિચાર કરે તો અનેક જરૂરિયાતમંદોને મદદ મળી શકે છે.અભરાઇઓ પર પડી રહેલી દવાને ફેંકાઇ જતી અટકાવીને હેલ્પમેડિકેટ આ જીવનરક્ષક સંસાધનોને તેમની સૌથી વધુ જરૂર હોય તેવા લોકો સુધી પહોંચાડે છે. દવા કચરામાં ફેરવાઇ જાય એને સ્થાને આ રીતે તેનો સદઉપયોગ થાય અને ગરીબોને સ્વાસ્થ્ય લાભ મળે એ ઘણી મહત્ત્વની બાબત છે.

# ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં સુધારાતરફી વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારો આગળ ધપતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસાની નરમાઈ સાથે ૮૨.૮૪ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૨.૮૧ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૨.૮૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૨.૮૯ અને ઉપરમાં ૮૨.૮૨ની રેન્જમાં અથડાઈને સત્રના અંતે ત્રણ પૈસા ઘટીને ૮૨.૮૪ની સપાટીએ બંધ રહ્યો હતો. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૭ ટકા વધીને ૧૦૨.૪૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે વધુ ૦.૭૭ ટકા ઘટીને બેરલદીઠ ૮૪.૬૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૪૫૯૫.૦૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહેતાં રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો.

---

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જિનિયર્સ વિભાગ)

**ઈ-ટેન્ડર સૂચના**

| | |
|---|---|
| વિભાગ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| પેટા-વિભાગ | ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (ભાંડુપ કોમ્પ્લેક્સ) |
| બીડ આમંત્રણ નં. | 2043_MCGM_1034096_1 |
| વિષયઃ | ભાંડુપ કોમ્પ્લેક્સમાં ફિલ્ટરેશન પ્લાન્ટ ખાતે ૯૦૦ મીમી ડાયા. સેટલ્ડ વોટર ઈનલેટ બટરફલાય વાલ્વ માટે ન્યુમેટીક એકચ્યુએટર્સનું ઓવરઓલીંગ |
| બિડનું વેચાણ | તારીખઃ ૧૫.૦૩.૨૦૨૪ના રોજ ૧૧.૦૦ કલાક.થી તારીખઃ ૦૫.૦૪.૨૦૨૪ના રોજ ૧૬.૦૦ કલાક. સુધી |
| વેબસાઈટ | http://portal.mcgm.gov.in & https://mahatenders.gov.in |
| અધિકારીને સંપર્ક કરો | આસિસ્ટન્ટ એન્જિનિયર (ફિલ્ટર જાળવણી) બી.સી. |
| A) નામ | શ્રી. એસ. એમ. ખવાલે |
| B) ટેલિફોન નં. | ૦૨૨-૨૫૬૫૮૫૫૧, ૨૫૬૫૮૫૧૨ |
| C) મોબાઈલ નં. | ૯૧૬૭૨૦૩૭૨૬ |
| D) ઈ-મેઈલ સરનામું | eetcwbc.he@mcgm.gov.in/ dyhebc@yahoo.com |

સહી/-
એક્ષીક્યુટીવ એન્જિનિયર (TCW)
ભાંડુપ કોમ્પ્લેક્સ

PRO/3435/ADV./2023-24

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો**

---

BRIHANMUMBAI MAHANAGARPALIKA

હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| ટેન્ડર ID | ૨૦૨૪_MCGM_૧૦૩૪૩૮૧_૧ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | AEOC (TM) ડિવિઝન હેઠળ તુલસી ડેમ માટે CWC માર્ગદર્શિકા મુજબ દહીંસર નદીના કાંઠે જરૂરી ડેટા એકત્રિત કરીને અને ડેમ ફાટવાની અસરોનું વિશ્લેષણ કરીને સ્થળાંતર યોજનાની તૈયારી. |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | આઈટમ રેટ ઈ-ટેન્ડર |
| સ્કુટીની ફી | રૂ. ૧૪,૧૬૦/- (રૂ. ૧૨,૦૦૦/- + ૧૮% GST) |
| બીડ સુરક્ષા ડિપોઝિટ/બારડી | રૂ. ૬૫,૦૦૦/- |
| ટેન્ડરની ઈસ્યુ કરવાની અને વેચાણની તારીખ | ૧૫.૦૩.૨૦૨૪ ૧૧.૦૦ કલાકથી |
| ટેન્ડરના વેચાણ માટેની છેલ્લી તારીખ & બીડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ | ૨૨.૦૩.૨૦૨૪ ૧૬.૦૦ કલાક સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૨૨.૦૩.૨૦૨૪ ૧૬:૦૦ કલાક સુધી |
| પેકેટ A & B ખૂલશે | ૨૬.૦૩.૨૦૨૪ ૧૬.૦૧ કલાક પછી |
| સંપર્ક વ્યક્તિ અને ઈમેલ ID | શ્રી પી. એ. રોડ્રિગ્સ AEOC (TM) ૯૯૩૦૨૬૦૫૭૬ શ્રી એસ. વી. સનપ (SE) ૯૯૩૦૨૬૦૪૬૦ ae01dyhemaint.he@mcgm.gov.in |
| સંચાર માટેનું સરનામું | AEOC (TM)ની ઓફિસ, મ્યુનિસિપલ વોટર વર્કસ યાર્ડ, લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૮૬. |
| બીડ ખોલવા માટેનું સ્થળ | AEOC (TM)ની ઓફિસમાં ઓનલાઈન |

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરપાત્ર નથી.**

BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોકત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
એક્ષિક્યૂટીવ એન્જિનિયર
(હેડ વર્કસ) વોટર વર્કસ

PRO/3431/ADV./2023-24

**વૃક્ષો વાવો, વૃક્ષોનું જતન કરો.**

---

BRIHANMUMBAI MAHANAGARPALIKA

૧લો માળ, એક્સટેન્શન બિલ્ડિંગ, F/ સાઉથ વોર્ડ, ડૉ. B. A. રોડ, પરેલ, મુંબઈ-૪૦૦ ૦૧૨.

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે દર્શાવેલ નીચેના માટે ''ઈ-ટેન્ડર'' મંગાવે છેઃ

| વર્ણન | ઈ-ટેન્ડર નંબર | બીડ સ્કુટીની ફી (રૂા.) | બાના રકમ ડિપોઝિટ | કોન્ટ્રાક્ટ મુદત | બીડ પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિ માટેની પાકતી તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| F/સાઉથ વોર્ડમાં સિવર લાઈન પર વિવિધ પ્રકારના મેનહોલ કવર માટે પ્રોટેક્ટિવ સેફટી ગ્રિલનું ફેબ્રિકેશન, સપ્લાય અને ઈન્સ્ટોલેશન | ૨૦૨૪_MCGM_૧૦૩૩૭૪૧_૧ | ૧૭,૭૦૦/- (૧૫,૦૦૦/- + ૧૮% GST) | ૨,૯૨,૩૬૨/- | ૯૦ દિવસ | ૧૩.૦૩.૨૦૨૪ ૧૧.૦૦ કલાકે | ૧૭.૦૩.૨૦૨૪ ૧૬.૦૦ કલાકે |

પાત્રતા માપદંડ અને વધુ વિગતો માટેઃ
લોગ ઓન કરોઃ NIC પોર્ટલ https://www.mahatenders.gov.in
અથવા આસી. કમિશનર F/સાઉથ વોર્ડ
કિર્તી મહાલ હોટેલ, ડૉ. B.A. રોડ
પરેલ, મુંબઈ ૪૦૦૦૧૨
ફોન. ૦૨૨-૨૪૧૩૪૫૬૦
ઈમેલ id : ae01swm.fs@gov.in
ની ઓફીસમાં સંપર્ક કરો.

સહી/-
આસી.એન્જિનિયર (SWM)
F/સાઉથ વોર્ડ

PRO/3437/ADV./2023-24

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

---

BRIHANMUMBAI MAHANAGARPALIKA

એન્જિનિયરિંગ હબ બિલ્ડિંગ, ભોંયતળિયે, વરલી નાકા નજીક, ડો. ઈ. મોઝેસ રોડ, વરલી, મુંબઈ-૧૮

નં. ડે. ચીફ એન્જિ./૯૩૮૬/ટ્રાફિક, ૧૪-૩-૨૦૨૪ના

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર, નીચે દર્શાવ્યા મુજબના કામ માટે સીલબંધ ટેન્ડર મંગાવે છે.

| અનુ. નં. | કામનું નામ | અંદાજિત કિંમત રૂા. | ટેન્ડર Id નંબર | કોન્ટ્રેક્ટ મુદત | બારડી રૂા. | સ્કુટીની ફી રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) માટે ડિજિટલ પેમેન્ટ મિકેનિઝમ સાથે વિડીયો એનાલિટિક્સ/ સેન્સર આધારીત ઓટોમેટિક પાર્કિંગ ગાઈડન્સ અને મેનેજમેન્ટ સિસ્ટમની ડિઝાઈન, ડેવલપમેન્ટ, અમલીકરણ, સંચાલન અને જાળવણી માટે સિસ્ટમ ઈન્ટિગ્રેટરની પસંદગી | રૂા.૩૮,૪૫,૦૦.૦૦૦/- | 2024_MCGM_૧૦૩૩૨૩૩_૧ | ૬ વર્ષ | રૂા.૩૮,૪૫,૦૦૦/- | રૂા.૨૫,૦૦૦/- +૧૮% GST |

ઉપરોક્ત બીડ માટે, બીડની શરૂઆતની તા. ૧૫-૩-૨૦૨૪ અને બીડ સમાપ્તિ તારીખઃ ૦૫-૪-૨૦૨૪. પ્રીબીડ મીટિંગ તા. ૨૬.૦૩.૨૦૨૪ વધુ વિગતો માટે MCGM પોર્ટલ (http://portal.mcgm.gov.in) અને (https://www.mahatenders.gov.in) પર લોગઓન કરો.

સહી/-
ડે. ચીફ એન્જિ. (ટ્રાફિક)

PRO/3462/ADV./2023-24

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

---

**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

Notice is hereby given that the share certificate for the under mentioned equity shares of Mahindra & Mahindra Limited has been lost and we are applying to the company for issue duplicate share Certificate. Any Person(s) who has/have a claim in respect of the said equity shares should lodge the same with the company at its Corporate Office at Mahindra & Mahindra Limited Gateway Building, St. Steven Street , Apollo bunder, Mumbai – 400001, Maharashtra within 15 days from this date, else the Company will proceed to issue duplicate certificate to the aforesaid holder/ claimant without any further information and no further claim would be entertained from any person(s) .

| Folio No. | Name of the Shareholder(s) | No. of Shares | Certificate No. | Distinctive No. From | to |
|---|---|---|---|---|---|
| K003262 | 1. Aruna Gunvantrai Kansara 2.Gunvantrai Dalichand Kansara | 840 | 2010920 | 3686219 | 3687058 |

Place : Ahmedabad
Date : 14-03-2024

Name of the share holder(s) :
Aruna Gunvantrai Kansara
Gunvantrai Dalichand Kansara

---

**NOTICE**

**The Tata Power Company Limited**

Reg. Off.: Bombay House 24, Homi Mody Street Fort, Mumbai - 400 001

Notice is hereby given that the certificate for the undermentioned securities of the company has been lost/misplaced and the holder of the said securities have applied to the company to issue duplicate certificate.

Any Person who has a claim in respect of the said securities should lodge such claim with the company at its Registered Office within 15 days from this date, else the company will proceed to issue duplicate certificate without further intimation.

| Name of Holder | Kind of Securities and face value | No. of Securities | Distinctive Numbers |
|---|---|---|---|
| Shalikhahmed Raziyuddin Bangdiwala | Equity Shares Rs. 10/- | 3000 | 3507381 to 3510380 |

Navsari,
15/03/2024

Shalikhahmed Raziyuddin Bangdiwala

---

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જિનિયર્સ ડિપાર્ટમેન્ટ)

**ઈ-ટેન્ડર સૂચના**

| | | |
|---|---|---|
| વિભાગ | : | હાઈડ્રોલિક એન્જિનિયર / Dy. હાઈડ્રોલિક એન્જિનિયર (જાળવણી) |
| સેક્શન | : | એ/ઈ (જાળવણી) W.W.E.S-II |
| બિડ નંબર | : | ૨૦૨૪_MCGM_૧૦૩૪૮૪૭_૧ |
| વિષય | : | A.E.(M)W.W.E.S-II હેઠળ શિવાજી નગર પમ્પિંગ સ્ટેશન ('M/E'વોર્ડ) ખાતે સંલગ્ન કામો સાથે RMU યુનિટ પેનેસ સાથે એર સર્કિટ બ્રેકર્સ, રોટેટીંગ અસેમ્બ્લીસ અને HT બ્રેકરની બદલી કરણનું કામ. |
| બિડની શરૂઆતની તારીખ અને સમય | : | ૧૫.૦૩.૨૦૨૪ સવારે ૧૩:૦૦થી |
| પ્રી બિડ મિટિંગ તારીખ અને સમય | : | ૨૨.૦૩.૨૦૨૪ ૧૨:૦૦ કલાકે |
| બિડ સમાપ્તિ તારીખ અને સમય | : | ૦૪.૦૪.૨૦૨૪ ૧૬:૦૦ કલાક સુધી |
| પેકેટ A અને B ને ખોલવાની તારીખ અને સમય | : | ૦૫.૦૪.૨૦૨૪ ૧૬:૦૫ કલાક પછી |
| વેબસાઈટ | | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિઃ | | |
| a નામ | : | શ્રી એસ. વી. બાવિસ્કર A.E. (M) W. W. E.S-II |
| b ટેલિફોન | : | ૦૨૨-૨૫૧૫૩૨૪૯/૫૦ |
| c મોબાઈલ નંબર | : | ૯૯૩૦૨૬૪૯૬૪/ ૯૯૩૦૯૫૪૬૦૧ |
| d ઈ-મેલ Id | | aewwcc02.he@mcgm.gov.in |

સહી/-
એક્ષીક્યુટીવ એન્જિનિયર
(હેડ વર્કસ) વોટર વર્કસ

PRO/3445/ADV./2023-24

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો**

---

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ડીપાર્ટમેન્ટઃ ચીફ એન્જીનીયર (મીકેનીકલ અને ઈલેક્ટ્રીકલ)

ઈ-ટેન્ડર નોટીસ

**બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા**
ચીફ એન્જીનીયર (મીકેનીકલ અને ઈલેક્ટ્રીકલ)નો વિભાગ

| | |
|---|---|
| ડીપાર્ટમેન્ટ | ચીફ એન્જી. (M&E) |
| પેટા ડીપાર્ટમેન્ટ | ડે. ચી. એન્જી. (M&E) શહેર |
| બીડ નંબર | ૨૦૨૪_MCGM_૧૦૩૫૦૩૫_૧ |
| વિષય | ત્રણ વર્ષ માટે BMCના વિવિધ સ્થળોએ જુદા જુદા પ્રકારના વોટર પ્યુરીફાઈર્સ અને બોટેલ્ડ ડીસ્પેન્સરની CSMC |
| સ્કુટીની ફી | રૂા. ૩,૦૦૦/- + ૧૮% GST |
| ઈ-ટેન્ડર ખર્ચ (અંદાજીત ખર્ચ) | (આઈટમ રેટ આધારે) |
| બીડ સુરક્ષા જમા/બારડી | રૂ. ૧૯,૬૦૦/- |
| ટેન્ડર જારી અને વેચાણ તારીખ | ૧૫/૩/૨૦૨૪ ૧૧ ક. થી |
| ટેન્ડરના વેચાણ અને બીડ સુરક્ષા જમાની સ્વીકૃતીની અંતિમ તારીખ અને સમય | ૨૧/૦૩/૨૦૨૪ ૧૬ ક. સુધી |
| પેકેટ A, B અને પેકેટ C ની સુપ્રતિ ઓનલાઈન | ૨૧/૦૩/૨૦૨૪ ૧૬ ક. સુધી |
| પ્રી-બીડ મીટીંગ | NA |
| પેકેટ A ખૂલશે | ૨૨/૩/૨૦૨૪ ૧૬.૦૧ ક. બાદ |
| પેકેટ B ખૂલશે | ૨૨/૩/૨૦૨૪ ૧૬.૦૨ ક. બાદ |
| પેકેટ C ખૂલશે | ૨૬/૩/૨૦૨૪ ૧૩ ક. બાદ |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંદેશવ્યવહારનું સરનામું | E.E. મીકે. (E.I.) મેન્ટે.નું કાર્યાલય, MCGM મ્યુનિસિપલ વર્કશોપ, R.S. નિમકર માર્ગ, ભાયખલા, મુંબઈ-૪૦૦૦૦૮. |
| બીડ ખૂલવાનું સ્થળ | E.E. મીકે. (E.I.) મેન્ટે.ની ઓફિસમાં ઓનલાઈન |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.

MCGM કોઈપણ કારણ આપ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ અરજી સ્વીકારવાનો અને કોઈપણ કે તમામ અરજીઓ નકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
E.E. મીકે. (E.I.) મેન્ટે.

PRO/3449/ADV./2023-24

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો**

# મુંબઈમાં ૨૪ એપ્રિલ સુધી પાંચ ટકા પાણીકાપ

## જળાશયોમાં ૩૭ ટકા પાણીનો જથ્થો બાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાંડુપ વોટર ફિલ્ટરેશન પ્લાન્ટમાં ઈન્સ્પેકશનનું કામ મુંબઈ મહાનગરપાલિકાના પાણીપુરવઠા ખાતા દ્વારા હાથ ધરવામાં આવવાનું છે. તેથી ૨૪ એપ્રિલ, ૨૦૨૪ સુધી મુંબઈમાં પાણીપુરવઠામાં પાંચ ટકા કાપ મૂકવામાં આવ્યો છે. ભાંડુપ કૉમ્પ્લેક્સમાં વોટર ફિલ્ટરેશન (જળશુદ્ધીકરણ કેન્દ્ર) પ્લાન્ટમાંથી મુંબઈના મોટાભાગના વિસ્તારોમાં પાણીપુરુઠો કરવામાં આવે છે. ભાંડુપ કૉમ્પ્લેક્સમાં આવેલો આ ફિલ્ટરેશન પ્લાન્ટ સમગ્ર એશિયા ખંડનો સૌથી મોટો

(જુઓ પાનું ૪) ▸▸

















"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**